અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ જાન્યુઆરી ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ સુદ પૂનમ | અંક : ૧૯૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ એક મોટી વાત કહી**

### હવે અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિને હોસ્પિટલ પહોંચાડવા બદલ પ્રોત્સાહન પુરસ્કાર સ્વરૂપના ઈનામની રકમ ૨૫,૦૦૦ રૂપિયા કરાશે

## અકસ્માત સમયે માનવતા દર્શાવનારને અપાતો પ્રોત્સાહન પુરસ્કાર પાંચ ગણો વધારાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

માર્ગ અકસ્માતોના વધતા જતા કિસ્સાઓ વચ્ચે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ એક મોટી વાત કહી છે. તેમણે કહ્યું કે, સરકાર માર્ગ અકસ્માતના ભોગ બનેલા લોકોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જનારાઓને આપવામાં આવતા પ્રોત્સાહન પુરસ્કાર સ્વરૂપના ઈનામની રકમમાં વધારો કરશે. હવે અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિને સમયસર હોસ્પિટલ પહોંચાડવા બદલ પ્રોત્સાહન પુરસ્કાર સ્વરૂપના ઈનામની રકમ વધારીને ૨૫,૦૦૦ રૂપિયા કરવામાં આવશે. માર્ગ સલામતી સંબંધિત એક મહત્વપૂર્ણ મુદ્દા પર અભિનેતા અનુપમ ખેર સાથે વાત કરતી વખતે, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, તેમણે તેમના માર્ગ પરિવહન મંત્રાલયને પુરસ્કારની રકમ વધારવા સૂચના આપી છે. તેમણે કહ્યું કે આ રકમ એવી વ્યક્તિને આપવા માટે ખૂબ જ ઓછી છે જે કોઈનો જીવ બચાવવા જેવું મોટું અને મૂલ્યવાન કાર્ય કરે છે. ગડકરીએ કહ્યું કે જો માર્ગ અકસ્માતનો ભોગ બનેલા લોકોને એક કલાકની અંદર હોસ્પિટલ અથવા ટ્રોમા કેર સેન્ટરમાં લઈ જવામાં આવે તો તે કોઈના જીવન બચાવવામાં ખૂબ જ મહત્વપૂર્ણ બની શકે છે. માર્ગ અકસ્માતનો ભોગ બનેલા લોકોને



મદદ કરતા લોકોને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી સરકારે ઓક્ટોબર ૨૦૨૧ થી તેની શરૂઆત કરી હતી. આ હેતુ માટે એક પુરસ્કાર આપવાની શરૂઆત કરવામાં આવી હતી. મંત્રાલયે એક સારા સમરિટનને એવી વ્યક્તિ તરીકે વર્ણવ્યું છે જે સારા ઈરાદાથી અને કોઈપણ ઈનામના લોભ વિના લોકોને મદદ કરે છે. ઉપરાંત, વ્યક્તિ અકસ્માત, તબીબી કટોકટી અથવા કટોકટીની સ્થિતિમાં ઘાયલ વ્યક્તિને તાત્કાલિક સહાય પૂરી પાડે છે, અકસ્માત પીડિત પ્રત્યે કોઈ કાળજી અથવા ખાસ સંબંધની ફરજ વિના, તેના પોતાના સ્વૈચ્છિક પ્રયાસથી તાત્કાલિક સહાય પૂરી પાડે છે. અકસ્માત, તબીબી કટોકટી અથવા કટોકટીની સ્થિતિમાં ઘાયલ વ્યક્તિ. પુરસ્કારો આપવા ઉપરાંત, આ યોજના માન્યતા પ્રમાણપત્ર પણ આપે છે. આ દ્વારા, ખાતરી કરવાનો પ્રયાસ કરવામાં આવે છે કે તે ફક્ત વાસ્તવિક વ્યક્તિને જ આપવામાં આવે. આ એવોર્ડ મેળવવા માટે ચકાસણી અને સમર્થનના અનેક સ્તરોમાંથી પસાર થવું પડે છે. વધુમાં, નિયમોમાં એવી જોગવાઈ છે કે જે લોકો જીવલેણ અકસ્માતનો ભોગ બનેલા લોકોની મદદ માટે આવે છે તેઓ આ પ્રોત્સાહનો મેળવવા માટે પાત્ર છે. હાલમાં, જાહેર ક્ષેત્રમાં કોઈ ડેટા ઉપલબ્ધ નથી કે કેટલા ગુડ સમરિટન લોકોએ જીવન બચાવવામાં મદદ કરી છે અને કેટલાને અત્યાર સુધીમાં પુરસ્કાર આપવામાં આવ્યો છે.

## ગયા વર્ષે દેશમાંથી ૧૬૯૧૪ કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું : અમિત શાહ



। નવી દિલ્હી, તા.૧૨ ।

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું હતું કે ડાર્ક વેબ, ક્રીપ્ટોકરન્સી, ઓનલાઈન માર્કેટપ્લેસ અને ડ્રોન્સ દેશ માટે મોટો પડકાર બની રહ્યા છે, અને આકરા પગલા દ્વારા તેની ચકાસણી થવી જરૂરી છે. દિલ્હીમાં ડ્રગ્સ તસ્કરી અને રાષ્ટ્રીય સુરક્ષા પર આધારિત સ્થાનિક કોન્ફરંસમાં ગૃહ મંત્રીએ આ નિવેદન આપ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે દેશમાં એક પણ કિલો ડ્રગ્સ નહીં ઘૂસવા દેવાય. તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૪માં સમગ્ર દેશમાંથી એનસીબી, પોલીસ દ્વારા ૧૬,૯૧૪ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરાયું છે. અમિત શાહે જણાવ્યું હતું કે સરકારે ન માત્ર ડ્રગ્સ નેટવર્કને તોડયું છે સાથે સાથે ડ્રગ્સ નેટવર્ક અને આતંકવાદ બન્ને વચ્ચેની લિંકનો પણ નાશ કર્યો છે. જમ્મુ કાશ્મીર, પંજાબ, ગુજરાત, ઉત્તર પ્રદેશમાં અનેક નાર્કો-ટેરેરિઝમના કેસોને ખુલ્લા પાડવામાં આવ્યા છે. આજે પણ ડાર્ક વેબ, ક્રીપ્ટોકરન્સી, ઓનલાઈન માર્કેટપ્લેસ અને ડ્રોન મોટો પડકાર રહ્યા છે. દેશની સુરક્ષા અને વિકાસ માટે કેન્દ્ર સરકાર, રાજ્યો અને ટેક્નોક્રેટ્સે સાથે મળીને સંયુક્ત પ્રયાસ કરીને આ તમામ સમસ્યાઓનું ટેક્નીકલ સમાધાન શોધવું જોઈએ.

**નિષ્ણાતોએ આપ્યો મત**

## ફોરેક્સ રિઝર્વમાં ઘટાડો અને મંદ જીડીપી ગ્રોથ માટે આરબીઆઈના પૂર્વ ગવર્નર જવાબદાર

### સભરવાલે સોશિયલ મીડિયા એક્સ પર ટ્વિટ કર્યું હતું કે, ભારતનું ફોરેક્સ રિઝર્વ દસ માસના તળિયે પહોંચ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

દેશના ફોરેક્સ રિઝર્વમાં સતત ઘટાડો તેમજ જીડીપી ગ્રોથ મંદ પડવા પાછળ આરબીઆઈના પૂર્વ ગવર્નર શક્તિકાંત દાસને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. દેશનું ફોરેક્સ રિઝર્વ ૩ જાન્યુઆરીએ ૬૩૪ અબજ ડોલર સાથે ૧૦ માસના તળિયે પહોંચ્યું છે. જે ઓલટાઈમ હાઈથી અત્યારસુધીમાં ૭૦ અબજ ડોલર ઘટી ચૂક્યું છે. આ ઘટના માટે પણ એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડના પૂર્વ ઈક્વિટી હેડ સંદીપ સભરવાલ શક્તિકાંત દાસની પોલિસીને જવાબદાર ઠેરવી રહ્યા છે.

સભરવાલે સોશિયલ મીડિયા એક્સ પર ટ્વિટ કર્યું હતું કે, ભારતનું ફોરેક્સ રિઝર્વ દસ માસના તળિયે પહોંચ્યું છે. આરબીઆઈના પૂર્વ ગવર્નરની પોલિસીઓના કારણે રૂપિયો સ્થિર રહ્યો હતો. જ્યારે બીજી તરફ ડોલર તમામ કરન્સીઓના મુકાબલે ઝડપથી વધી રહ્યો હતો. સ્પોટ અને ફોરવર્ડ ડોલરની વેચવાલીના કારણે ફોરેક્સ રિઝર્વ ઘટ્યું છે. દાસએ જીડીપી ગ્રોથ જાણી જોઈને વધારીને રજૂ કર્યો અને કેશને સીમિત રાખતાં વ્યાજદરો ઊંચા રાખ્યાં, તેના કારણે જીડીપી ગ્રોથ મંદ પડ્યો છે. તેમની આ નીતિઓનો ભોગ દેશ બન્યો છે. શક્તિકાંત દાસના કાર્યકાળ દરમિયાન, વૈશ્વિક ઉથલ પાથલ વચ્ચે રૂપિયાને સ્થિર કરવા માટે આરબીઆઈએ ફોરેક્સ રિઝર્વ માર્કેટમાં આક્રમક રીતે હસ્તક્ષેપ કર્યો હતો. જો કે આ ક્રિયાઓ તાત્કાલિક સ્થિરતા પ્રદાન કરવા માટે વ્યાપકપણે વખાણવામાં આવી હતી. પરંતુ વાસ્તવમાં તેની કિંમત ચૂકવવી પડી, જેનાથી રિઝર્વ ઘટી અને લિક્વિડિટી પણ ઘટી છે. બજાર વિશ્લેષકોએ જણાવ્યું હતું કે દાસના કાર્યકાળ દરમિયાન, આરબીઆઈએ રૂપિયાની વોલિટિલિટી ઘટાડવા ફોરેક્સ રિઝર્વની વેચવાલી નોંધાવી હતી. આ અભિગમને ટૂંકા ગાળા માટે સ્થિરતા પ્રદાન કરવા માટે સફળ રહ્યો પરંતુ લાંબા ગાળે તેની વિપરિત અસરો થઈ.

આરબીઆઈના તાજેતરના ડેટા અનુસાર, ભારતનું ફોરેક્સ રિઝર્વ સળંગ પાંચ સપ્તાહથી ઘટી ૩ જાન્યુઆરી સુધીમાં ૬૩૪.૫૯ અબજ ડોલરે પહોંચ્યું હતું. જે સપ્ટેમ્બર અંતમાં ૭૦૪.૮૯ અબજ ડોલરની ઓલટાઈમ હાઈ સપાટીએ હતું. નોમુરાના વિશ્લેષકોએ જણાવ્યું કે, આરબીઆઈની દખલગીરીથી કેપિટલ આઉટફ્લો અને ડોલર જમાખોરીમાં વૃદ્ધિ થઈ શકે છે. આગામી સમયમાં ડોલરની તેજીને ધ્યાનમાં લેતાં રૂપિયો વધુ તૂટવાની ભીતિ જોવા મળી છે. ભારતનો જીડીપી ગ્રોથ પણ ૨૦૨૪-૨૫માં ૬.૪ ટકા રહેવાનો અંદાજ છે.

**સ્વામી વિવેકાનંદ જયંતી**

## વિકસિત ભારત યુવા નેતા સંવાદમાં પીએમ મોદીએ કહ્યું યુવાનો મારા પરમ મિત્ર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

આજે ૧૯મી સદીના મહાન વિચારક અને ફિલોસોફર સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ છે. જેના સન્માનમાં ભારતમાં દર વર્ષે ૧૨મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે નવી દિલ્હીના આવેલા ભારત મંડપમમાં યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદની થીમ પર યુવા દિવસની ઉજવણી કરાઈ હતી, જેમાં ભારતના ૧૫૦૦ જેટલા યુવાનો કાર્યક્રમમાં સહભાગી બનીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સમક્ષ પોતાના વિકસિત ભારત અંગેના વિચારો રજૂ કર્યા હતા. મહત્ત્વનું છે કે, ગુજરાતના ૪૫ યુવાનોએ વડાપ્રધાન મોદી સમક્ષ વિકસિત ભારત અંગે વિચારો રજૂ કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ ૨૦૨૫માં સહભાગીઓ સાથે મુલાકાત કરી. સ્વામી વિવેકાનંદ જયંતીના અવસરે ભારત



યુવા નેતા સંવાદ કાર્યક્રમને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ભારતની યુવા શક્તિ ઉલ્લેખનીય પરિવર્તન લાવી રહી છે. વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ એક પ્રેરક મંચ તરીકે કાર્ય કરે છે, જે એક વિકસિત ભારતને આકાર આપવા માટે આપણા યુવાનોની ઉર્જા અને નવીન ભાવનાને એકજુટ કરે છે. વડાપ્રધાને યુવાનોને સંબોધિત કરતા કહ્યું કે, સ્વામી વિવેકાનંદને દેશના નવયુવાનો પર ખુબ ભરોસો હતો. તેઓ કહેતા હતા કે મારો વિશ્વાસ યુવા પેઢીમાં છે, નવી પેઢીમાં છે.

**...તો હું ચૂંટણીમાંથી ઉમેદવારી પાછી ખેંચી લઈશ**

## દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ભાજપને આપી ૨ ચેલેન્જ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતા અરવિંદ કેજરીવાલે ભાજપને બે મોટા પડકારો આપ્યા છે. ઝૂંપડપટ્ટીઓ અંગે કેજરીવાલે કહ્યું કે જેમના ઝૂંપડા તોડી પાડવામાં આવ્યા છે તેમને એ જ જગ્યાએ ઘર બનાવી આપવામાં આવે અને તેમની સામેના કેસ પાછા ખેંચવામાં આવે. જો ભાજપ આ બે ચેલેન્જ પૂરી કરે તો હું ચૂંટણીમાંથી ઉમેદવારી પાછી ખેંચી લઈશ. અરવિંદ કેજરીવાલે દાવો કર્યો છે કે ૨૭ ડિસેમ્બરે ઉપરાજ્યપાલે શકુર બસ્તી રેલ્વે કોલોની પાસે બનેલી ઝૂંપડપટ્ટીનો લેન્ડ યૂઝ બદલી નાખ્યો છે. કેજરીવાલે કહ્યું કે દસ વર્ષમાં ભાજપે ઝૂંપડપટ્ટી જગ્યાએ ફક્ત ૪૭૦૦ ઘર આપ્યા છે જ્યારે દિલ્હીમાં ચાર લાખ ઝૂંપડા છે. ભાજપ આગામી એક વર્ષમાં બધી ઝૂંપડપટ્ટી તોડી પાડવા જઈ રહ્યો છે. ચૂંટણી પૂરી થતાં જ ભાજપ બધા ઝૂંપડા તોડી પાડશે. કેજરીવાલે કહ્યું કે, ભાજપ ઝૂંપડપટ્ટીના લોકો સાથે છેતરપિંડી કરી રહી છે. ભાજપ કહે છે કે તે ઝૂંપડપટ્ટી હટાવીને ઘર આપશે પરંતુ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ રેલ્વેએ આ જમીનનું ટેન્ડર જાહેર કર્યું છે. ૧૫ દિવસ પહેલા ઉપ રાજ્યપાલે આ ઝૂંપડપટ્ટીનો લેન્ડ યૂઝ બદલી નાખ્યો છે. ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને ખ્યાલ નથી કે ૮ ફેબ્રુઆરીએ ચૂંટણી પૂરી થતાં આ ઝૂંપડપટ્ટી તોડી પાડશે.

**પ્રજાસત્તાક દિવસે હાજરી બાદ પાકિસ્તાન નહીં જાય**

## ભારતની માગ સામે ઝૂક્યાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતમાં આ વર્ષે પ્રજાસત્તાક દિવસના સમારોહમાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્ર પ્રમુખ પ્રભોવો સુબિયાંટો મુખ્ય અતિથિના રૂપે સામેલ થશે. શનિવારે આ મામલે પરિચિત લોકોએ આ જાણકારી આપી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સુબિયાંટો પોતાની ભારત યાત્રા બાદ પાકિસ્તાન નહીં જાય. જોકે, તેઓએ પહેલાં પાકિસ્તાન જવાની યોજના બનાવી હતી. પરંતુ, જ્યારે ભારતે આ મુદ્દો ઉઠાવ્યો તો ઈન્ડોનેશિયાના રાષ્ટ્ર પ્રમુખે પોતાની પાકિસ્તાનની યાત્રા ટાળી દીધી. ભારતે હજુ સુધી આ વર્ષે પ્રજાસત્તાક દિવસના મુખ્ય અતિથિની સત્તાવાર જાહેરાત કરવામાં નથી આવી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુબિયાંટો સાથે પોતાની યાત્રા દરમિયાન વ્યાપક વાતચીત કરશે. દર વર્ષે ભારત દુનિયાભરના નેતાઓને પ્રજાસત્તાક દિવસ સમારોહમાં આમંત્રિત કરે છે.

**કોંગ્રેસની ત્રીજી ગેરેન્ટીની જાહેરાત**

## બેરોજગાર યુવાનોને એપ્રેન્ટિસશીપ તરીકે દર મહિને ૮૫૦૦ અપાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

કોંગ્રેસે આજે પોતાની ત્રીજી ગેરંટી જાહેર કરી છે. આ જાહેરાત યુવાનો માટે છે. તેનું નામ 'યુવા ઉડાન યોજના' છે. કોંગ્રેસે જાહેરાત કરી છે કે જો તે સરકાર બનાવશે, તો તે બેરોજગાર યુવાનોને એપ્રેન્ટિસશીપ તરીકે દર મહિને ૮૫૦૦ રૂપિયા આપશે. રાજસ્થાનના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અને કોંગ્રેસના નેતા સચિન પાયલટે રાજધાની દિલ્હીમાં આ જાહેરાત કરી હતી. દિલ્હી પીસીસીના વડા દેવેન્દ્ર યાદવે શનિવારે જ સોશિયલ મીડિયા દ્વારા માહિતી આપી હતી કે સચિન પાયલટ દિલ્હી પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યાલયમાં એક મોટી જાહેરાત કરશે. મહિલાઓ માટે સન્માન વેતનની જાહેરાત કરનારી કોંગ્રેસ સૌપ્રથમ હતી. જેમાં સરકાર બનાવ્યા બાદ 'પ્યારી દીદી યોજના' હેઠળ મહિલાઓને દર મહિને ? ૨૫૦૦ આપવાની વાત કરવામાં આવી હતી. કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે ગયા અઠવાડિયે આ જાહેરાત કરી હતી. કોંગ્રેસે તેની બીજી ગેરંટી જાહેર કરી હતી જેમાં મફત સારવારનો સમાવેશ થતો હતો. આ જાહેરાત રાજસ્થાનના ભૂતપૂર્વ સીએમ અશોક ગેહલોતે દિલ્હીમાં કરી હતી. આ ગેરંટીને જીવન રક્ષા યોજના નામ આપવામાં આવ્યું છે.



# ઉત્તરાયણને લઈ અમદાવાદની પોળોના ધાબાનું બુકિંગ હાઉસફુલ

| (એજન્સી) અમદાવાદ, તા.૧૨ |

ઉત્તરાયણ શબ્દ આવે એટલે અમદાવાદની જ ઉત્તરાયણ યાદ આવે છે. એમાં ખાસ કરીને અમદાવાદ શહેરની મધ્યમાં આવેલી પોળો. માત્ર અમદાવાદ જ નહીં પરંતુ ગુજરાત ભરમાંથી લોકો અહીંયા ઉત્તરાયણ કરવા આવે છે. મહત્વનું છે કે, બોલીવુડના કલાકારો સહિતના લોકો પણ અમદાવાદ ઉત્તરાયણ કરવા માટે સ્પેશ્યલ આવતા હોય છે ત્યારે પોળમાં વસતા લોકો પણ પોતાની અગાસી એક દિવસ માટે ભાડે આપીને સારી એવી આવક પ્રાપ્ત કરે છે. અમદાવાદની પોળોમાં ઉત્તરાયણ ઉજવવા લોકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. રાયપુર ખાડિયામાં ધાબા પર બુકિંગ હાઉસફુલ થયું છે. પોળમાં ઉતરાયણ ઉજવવા મુંબઈ, રાજકોટ, દિલ્લીથી લોકો આવે છે. ત્યારે ધાબાનું એક મહિના પહેલા એડવાન્સ બુકિંગ કરાવવું પડે છે. હાલ પણ ધાબા માટેના બુકિંગની ઈક્વાયરી આવી રહી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યાં છે. રાયપુર-ખાડિયામાં ધાબાનું ૧૫ હજારથી ૫૦ હજાર રૂપિયા સુધીનું ભાડું ચાલી રહ્યું છે. સ્થાનિકોએ જણાવ્યું કે, આ વખતે ખાડિયા વિસ્તારમાં ૪૫થી વધુ ધાબા બુકિગ થયા છે. સ્થાનિકોએ જણાવ્યું હતું કે, પરિવારમાંથી કેટલા લોકો આ પેકેજનો લાભ લે છે અને પેકેજના વધારે તેમની સુવિધા નક્કી કરવામાં આવે છે. જેમાં સવારે ચા,નાસ્તો બપોરે ઊંધિયું, પૂરી, જલેબીનું ભોજન બપોરે ભોજન અને રાત્રે પણ



ભોજન આપવામાં આવે છે. આ ઉપરાંત તલની અને સિંગની ચીકી લાડુ ધાબા ઉપર ડીજે સેટ, માઈક અને બેસવા માટેની ખુરશીઓની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. જોકે ઘણી જગ્યાએ ભોજન વિનાના પેકેજ પણ આપવામાં આવે છે. ઉત્તરાયણ દિવસે આવી રીતે એક દિવસ ભાડે આપવાથી સ્થાનિક લોકોમાં એક પ્રકારનું રોજગારીનું સર્જન થયું છે. અનેક જગ્યાએ જમવા સાથેના પેકેજ આપવામાં આવે છે. જેમાં પતંગ ચગાવનારને અને તમામ પ્રકારની સુવિધાઓ આપવામાં આવે છે.

## ઉતરાયણ પહેલા કિન્ના બાંધેલા પતંગની યંગસ્ટર્સમાં ડિમાન્ડ વધી

પતંગના શોખીન સુરતીઓમાં ઉત્તરાયણની ઉજવણી નો ક્રેઝ હજી પણ પહેલા જેવો આક્રમક જોવા મળે છે પરંતુ ટ્રેન્ડમાં બદલાવ આવ્યો છે. પહેલા ઉતરાયણની ઉજવણી માટે સુરતીઓ ભરપુર સમય ફાળવતા હતા પરંતુ હવે લોકો પાસે સમયનો અભાવ અને યંગસ્ટર્સ કિન્ના બાંધવાથી દુર ભાગતા હોવા થી કિન્ના બાંધેલા પતંગ નો વેચાણનો ટ્રેન્ડ શરૂ થયો છે. જોકે, આજે પણ સુરતમાં અનેક પતંગ રસિકો એવા છે જેઓને પોતાની જરુરત મુજબ અને દોરી પ્રમાણે કિન્ના બાંધી પતંગ ચગાવે છે તેથી આજે પણ કેટલાક લોકો પતંગની કિન્ના પરિવાર સાથે જાતે બાંધીને પતંગ ચગાવી રહ્યા છે. મોબાઈલ અને ઈન્ટરનેટ ના યુગમાં યંગસ્ટર્સ મોબાઈલમાં વ્યસ્ત રહેતા તેમની પાસે પરંપરાગત તહેવારની ઉજવણી માટે નો સમય ઘટી ગયો છે. મોબાઈલમાં વ્યસ્ત રહેતા યંગસ્ટર્સ કિન્ના બાંધવા થી દુર ભાગે છે અથવા કિન્ના બાંધવાનું શિખવા માગતા નથી. યંગસ્ટર્સની આવી ટેવના કારણે હવે સુરતના પતંગ બજારમાં કિન્ના બાંધેલા પતંગ ની બોલબાલા વધી ગઈ છે. પતંગનું વેચાણ કરનારા રાકેશભાઈ કહે છે, હવે સાદા પતંગ સાથે કિન્ના બાંધેલા પતંગ ની ડિમાન્ડ વધુ રહે છે. છેલ્લા કેટલાક વર્ષોથી અગાઉથી પતંગ ખરીદતા ગ્રાહકો છેલ્લા દિવસોમાં જ કિન્ના બાંધેલા પતંગ ખરીદવાનો આગ્રહ રાખે છે. માત્ર સુરત જ નહી પણ ગુજરાતના અન્ય શહેરો અને ભારતના અન્ય રાજ્યો સાથે વિદેશમાં જે પતંગ સપ્લાય થાય છે તે મોટા ભાગે કિન્ના બાંધેલા જ હોય છે. કિન્ના બાંધેલા આ પતંગને ખાસ પ્લાસ્ટિક બેગમાં પેક કરીને ગ્રાહકોને આપવામાં આવે છે. કિન્ના બાંધેલા પતંગ ખરીદનારા મેહુલભાઈ કહે છે, પહેલા પતંગની ખરીદી અગાઉથી કરતાં અને આખી રાત જાગી ને કિન્ના બાંધતાં હતા પરંતુ હવે છોકરાઓ કિન્ના બાંધવાની વાત થી દુર ભાગે છે. આ ઉપરાંત સમયનો અભાવ હોવાથી હવે અમે ત્રણેક વર્ષથી કિન્ના બાંધેલા પતંગ ની ખરીદી કરી રહ્યાં છે. તો બીજી તરફ એવા લોકો પણ છે જેઓ ગમે તેવા વ્યસ્ત હોવા છતાં પતંગ ચગાવવાના રસીકો સમય કાઢીને પતંગની કિન્ના બાંધે છે અને પોતાના દીકરાને પણ કિન્ના બાંધતા શિખવી રહ્યા છે.

નામાંકિત બ્રાન્ડનું ડુપ્લીકેટ ઘી ઝડપાયું!

## અલગ અલગ બ્રાન્ડનું ડુપ્લીકેટ ઘી બનાવતું કારખાનું ગોડાઉન ઝડપાયું

| (એજન્સી) ઓલપાડ, તા.૧૨ |

સુરત જિલ્લામાંથી વધુ એકવાર નકલી ખેલનો ભાંડો ફૂટ્યો છે. સ્ટેટ વિઝીલન્સ ટીમે દરોડા પાડી અલગ અલગ બ્રાન્ડનું ડુપ્લીકેટ ઘી બનાવતું કારખાનું ગોડાઉન ઝડપી પાડ્યું છે. પોલીસે ઘી બનાવવાની મશીનરી, ઘી, ડબ્બાઓ સહિત સાધન સામગ્રી ઝપ્ત કરી ચાર જેટલા ઈસમને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાતમાં અસલીના નામે નકલીનો કારોબાર ફૂલી ફાલ્યો છે. ક્યારેક ડુપ્લિકેટ અધિકારી ક્યારેક ડુપ્લીકેટ ટોલનાકા તો ક્યારેક ડુપ્લીકેટ ખાદ્ય ચીજ પદાર્થોનું કારખાનું અથવા તો ગોડાઉન ઝડપાતું રહે છે. બે નંબરીયાઓ હવે લોકોના આરોગ્ય સાથે પણ ચેડા કરવામાં અચકાતા નથી અને લોકોના સ્વાસ્થ્ય સાથે મનફાવે તેમ ખીલવાડ કરી રહ્યા છે. ત્યારે સુરત જિલ્લામાંથી વધુ એક ડુબલીકેટ ઘીનું કારખાનું ઝડપી પાડ્યું છે.

તમારા રોજિંદા ખાણીપીણી વપરાશમાં અનેક ખાદ્ય પદાર્થો આપ સેવન કરી રહ્યા જ હશો. ત્યારે કેટલાક લેભાગુ તકસાધુઓ બ્રાન્ડ નામનો ઉપયોગ કરીને તેનું ડુપ્લીકેટેશન ઉપયોગ કરતા હોય છે. અને તેનું બજારમાં વેચાણ પણ કરતા હોય છે. થોડા સમય પહેલાં ડુપ્લીકેટ વિમલ ગુટકા નું કારખાનું સુરત જિલ્લા પોલીસે ઝડપી પાડ્યું હતું. થોડા દિવસ પહેલા કામરેજ પોલીસ એક મકાનની અંદર ચાલતું સુમુલ ડેરી બ્રાન્ડનું ડુપ્લિકેશન ઝડપી પાડ્યું છે.

ફરી એકવાર ઓલપાડની માસમાં જી.આઈ.ડી.સી માંથી વધુએક નકલી ઘી ની ફેકટરી સ્ટેટ વિઝીલન્સની ટીમે ઝડપી પાડી છે. મસમોટી ફેકટરીમાં ઘી ના ડબ્બાઓ, મશીનરી, ઘી નો જથ્થો મોટો પ્રમાણમાં જથ્થો મળી આવ્યો હતો. પામ ઓઈલ તેમજ વેજીટેબલ ઓઈલ કલરનું મિશ્રણ કરી ઘી બનાવી ડબ્બામાં પેકિંગ કરી માર્કેટમાં વેચાણ કરતા હતા. સ્ટેટ વિઝીલન્સ ની ટીમે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ઘી તેમજ અન્ય પદાર્થોના સેમ્પલો લઈ વધી તજવીજ હાથ ધરી છે. આ સાથે સાથે પોલીસે નજીક માંથીજ એક ગોડાઉન પર ઝડપી પાડ્યું છે. પોલીસે મોટી માત્રામાં નકલી ઘી નો જથ્થો તેમજ મુદ્દામાલ ઝપ્ત કરી ચાર જેટલા ઈસમોની ધરપકડ કરી હોવાની માહિતી સામે આવી હતી.

સુરત જિલ્લામાંથી અવારનવાર બ્રાન્ડના નામે ડુપ્લીકેટ ખાણી પીળી ચીજ વસ્તુઓનું વેચાણ કરવાના કારોબારનું પોલીસ પર્દાફાશ કરતી રહે છે. પરંતુ કેટલાક આરોગ્ય માફીઆઓ પૈસા કમાવાની લાલચમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરી રહ્યા છે. જ્યારે આવા આરોગ્ય માફિયાઓ સામે કડક કાર્યવાહી કરે તે જરૂરી બન્યું છે.

### દોરીમાં ૧૫-૨૦ ટકા, પતંગમાં ૫-૧૦ ટકાનો ભાવ વધારો

## અમદાવાદમાં પતંગ-દોરી ખરીદવા લોકોની ભીડ ઉમટી

| (એજન્સી) અમદાવાદ, તા.૧૨ |

ઉત્તરાયણના તહેવાર પહેલાના છેલ્લા રવિવારે અમદાવાદ સહિત ગુજરાતભરમાં લોકો મન મૂકીને ખરીદી કરી રહ્યા છે. જો આપણે અમદાવાદની વાત કરીએ તો ઉત્તરાયણને લઈને બજારમાં ખરીદીનો માહોલ જામ્યો છે. મહત્વનું છે કે, ભાવ વધારા વચ્ચે લોકો મન મુકીને ખરીદી કરી રહ્યા છે. આજે એટલે કે રવિવારના દિવસે રાયપુર બજારમાં વાહન પણ ન નીકળી શકે તેવી ભીડ જોવા મળી રહી છે. આ તરફ રાયપુર ખાડિયાના તમામ ધાબાઓ અત્યારથી પેક થઈ ગયા છે સાથે જ હાલમાં પણ રાયપુર ખાડિયામાં ધાબા ભાડે લેવા માટેની અનેક ઈક્વાયરી આવી રહી છે. અમદાવાદમાં ઉત્તરાયણની ખરીદીને લઈ લોકો રાયપુર બજાર દિલ્હી દરવાજા, બાપુનગર સહિતના સ્થળોએ ઉમટી પડ્યા છે. મહત્વનું છે કે, રાયપુર બજારમાં દૂર દૂરથી ખરીદી કરવા લોકો ઉમટ્યા હતા. ઉત્તરાયણ પહેલાના છેલ્લા રવિવારે બજારમાં ભીડ જામી છે. દોરીમાં ૧૫થી ૨૦ ટકા જ્યારે પતંગમાં ૫થી ૧૦ ટકાનો ભાવ વધારો જોવા મળી રહ્યો છે. રાયપુર દરવાજા ઉપરાંત દિલ્હી દરવાજા, બાપુનગર સહિતના બજારમાં ભીડ જોવા મળી રહી છે. ઉત્તરાયણને હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે પતંગ રસિકો દ્વારા ઉત્તરાયણના તહેવારની ઉજવણી કરવા માટે આખરી તૈયારી કરી રહ્યા છ. આ તરફ અમદાવાદની પોળોની ઉત્તરાયણ ખુબ જ પ્રખ્યાત છે ત્યારે રાયપુર ખાડિયાના તમામ ધાબાઓ અત્યારથી પેક થઈ ગયા છે. આ સાથે જ હાલમાં પણ રાયપુર ખાડિયામાં ધાબા ભાડે લેવા માટેની અનેક ઈક્વાયરી આવી રહી છે.



## પુષ્પા સ્ટાઈલથી ગુજરાતમાં થતી લાકડાની હેરાફેરીનું નેટવર્ક પકડાયું

| સુરત, તા.૧૨ |

ગુજરાતમાં પુષ્પા સ્ટાઈલમાં લાકડા ચોરી હેરાફેરીનો પર્દાફાશ થયો છે. લાકડાની આંતરરાષ્ટ્રીય હેરાફેરી બહાર આવી છે. આંતરરાષ્ટ્રીય ખેર લાકડા હેરાફેરી અંગે વન મંત્રી મુકેશ પટેલ માહિતી આપી. આ રેકેટ વિશે જાણ્યા બાદ તમે પણ એમ જ કહેશો કે આ તો પુષ્પા-૨ ફિલ્મમાં બતાવવામાં આવેલા નેટવર્ક જેવું છે. તારીખ ૧૪ જુન, ૨૦૨૪ ના રોજ માંડવી દક્ષિણ રેન્જ દ્વારા ખેરના લાકડાની તસ્કરી કરતો ટ્રક પકડી પાડવામાં આવી હતી. જેના આધારે વ્યારા અને સુરત વનવિભાગ ધ્વારા ૧૭ જૂન ૨૦૨૪ ના રોજ મધ્યપ્રદેશના અલીરાજપુર ખાતે આવેલ શાલીમાર એન્ટપ્રાઈઝ ડેપોમાં રેડ કરવામાં આવી હતી. આ દરોડા દરમ્યાન ૨૦૫૫ મેટ્રીક ટન માલ પકડવામાં આવ્યો હતો. સુરત તથા વ્યારા વન વિભાગની સંયુક્ત ટીમ દ્વારા મહારાષ્ટ્રના અકકલકુવા ખાતે રેડ કરવામાં આવી હતી. અકકલકુવા ડેપોમાંથી માતબર પ્રમાણમાં ખેરના લાકડાનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં અલી રાજપુર અને અકકલકુવા વચ્ચે થયેલ નાણાંકીય વ્યવહારના ૪ કરોડથી વધુના ટર્નઓવરનું લિસ્ટ મળી આવ્યું હતું. આ ગુનામાં એક આરોપીના મોબાઈલમાંથી રૂા. ૨૦ ની નોટના ટુકાડાનો ફોટો મળી આવ્યો હતો.

### ભાવનગર સ્ટેન્ડિંગ કમિટીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી

## ટ્રાફિક સમસ્યા હળવી કરવા બનશે વધુ ત્રણ ફ્લાયઓવર

| (એજન્સી) ભાવનગર, તા.૧૨ |

શહેરમાં વધતી જતી ટ્રાફિક સમસ્યાઓ હળવી કરવા માટે વધુ ત્રણ ફલાય ઓવરબ્રિજ બનાવવા મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીએ સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. જોકે ભાવનગર શહેરમાં અગાઉ મંજુર થયેલા અને શાસ્ત્રીનગરથી દેસાઈનગર વચ્ચે બની રહેલા પ્રથમ ઓવરબ્રિજનું કામ ચાર વર્ષથી શરૂ છે. અને જે પૈકીના દેસાઈનગરથી શાસ્ત્રીનગર તરફના માર્ગને ટ્રાફિક હળવો કરવાના હેતુથી તંત્ર દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો છે. પરંતુ આર.ટી.ઓ અને ગઢેચી તરફના બાકી રહેલા ઓવરબ્રિજનું કામ હજુ પણ પૂર્ણ નથી થયું, ત્યાં સત્તાધીશો વધુ ત્રણ ઓવરબ્રિજ બનાવવાનું વિચારી રહ્યા છે. તેમજ સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી દેવામાં આવતા વિપક્ષ દ્વારા અનેક સવાલો ઉઠવવામાં આવ્યા છે. કે ઓવરબ્રિજને તો શાશક સમયસર પૂરો નથી કરી શક્યું ત્યાં વધુ ત્રણ ઓવરબ્રિજનું કામ પણ આજ રીતે સમયનો વેડફાટ અને પ્રજા પૈસાનું પાણી થશે કે કેમ એવો પ્રશ્ન પૂછી રહ્યા છે. સરકાર દ્વારા ભાવનગર શહેરના સર્વાંગી વિકાસ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરી રહી છે, પરંતુ તેની સામે ભાવનગર શહેર કે જિલ્લાના એકપણ કામ ક્યારેય સમય મર્યાદામાં પૂર્ણ થતાં નથી, જેના કારણે ટેક્સના કરોડો રૂપિયાનું આંધણ થઈ જાય છે, અને પ્રજાને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોય છે, હાલ તો તેવો જ ઘાટ કાંઈક ભાવનગરમાં ઘડાયો છે, કારણ એક જ છે કે ભાવનગર શહેરમાં કરોડો રૂપિયાના ખર્ચે કામો મંજુર તો કરવામાં આવે છે, પરંતુ જે કામ મંજુર થયા હોય તે કામ ક્યારેય સમયસર શરૂ થતાં નથી અને જેના કારણે સમય મર્યાદા પૂર્ણ થઈ જવા છતાં આવા કામ ક્યારેય પુરા થતા નથી, જે કામ પૂર્ણ કરવાનો સમય બે વર્ષનો હોય ત્યાં ૪ વર્ષ જેવો સમય લાગે છે, તેમ છતાં કામ તો અધૂરા જ હોય છે, જેનું ઉત્તમ ઉદાહરણ ભાવનગર શહેરમાં બની રહેલો પ્રથમ ફલાય ઓવરબ્રિજ છે. શાસ્ત્રીનગરથી દેસાઈનગર સુધી બની રહ્યો છે, જેની સમાયાવધી પણ બે વર્ષ પહેલાં પૂર્ણ થઈ ગઈ અને બે વખત તેની સમય મર્યાદામાં વધારો પણ કરવામાં આવ્યો, તેમ છતાં ભાવનગરના આ પ્રથમ ફલાય ઓવરબ્રિજનું કામ હજુ પણ ૩૦ ટકા બાકી છે, શાશક તે કામ તો પૂર્ણ કરી શકયા નથી, ત્યાં ફરી મહુવા, તળાજા, અલંગ, સીદસર થઈ વરતેજ અને ઘોઘા ફેરી સર્વિસ ઉપરના રોડની ટ્રાફિક સમસ્યાને હળવી કરવા શહેરમાં ત્રણ નવા ફલાય ઓવરબ્રિજ બનાવવા સ્ટેન્ડિંગ કમિટીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જેમાં ટોપ થ્રી સર્કલ પર ૪૫ મીટર રીંગરોડ અને ૩૦ મીટર ટીપી રોડ જંકશન, લીલા સર્કલ પર સીદસર તરફનો ૩૦ મીટર રોડ અને કાળીયાબીડ તરફનો ૩૦ મીટર રોડના જંકશન તેમજ મંત્રેશ સર્કલ પર ૪૫ મીટર રીંગરોડ ૩૦ મીટર ટીપી રોડના જંકશન પર નવા ત્રણ ઓવરબ્રિજ બનાવવા સૈદ્ધાંતિક મંજૂરી આપી છે, જેમાં ફિઝિબલ હોય તે સ્થળોએ સૂચિત ફલાય ઓવરબ્રિજ બનાવવા માટે સરકાર દ્વારા ૧૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી અપાશે. આમ કાર્યોની ચર્ચા કરી નિર્ણય કરાશે.

વિશેષ

### પ્રધાનમંત્રીએ દસ વિષયો પર સહભાગીઓ દ્વારા લખાયેલા શ્રેષ્ઠ નિબંધોના સંકલનનું વિમોચન કર્યું

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ ૨૦૨૫માં ભાગ લીધો

| (પીઆઈબી) નવી દિલ્હી |

સ્વામી વિવેકાનંદની જન્મજયંતીની ઉજવણી પ્રસંગે રાષ્ટ્રીય યુવા દિવસના પ્રસંગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ ૨૦૨૫માં સહભાગી થયા હતા. તેમણે ભારતભરના ૩૦૦૦ ગતિશીલ યુવા નેતાઓ સાથે કામ કર્યું. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેમણે ભારતનાં યુવાનોની જીવંત ઊર્જા પર પ્રકાશ પાડ્યો હતો, જેણે ભારત મંડપમમાં જીવન અને ઊર્જાનો સંચાર કર્યો હતો. તેમણે નોંધ્યું હતું કે, આખો દેશ સ્વામી વિવેકાનંદને યાદ કરે છે અને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે, જેમને દેશનાં યુવાનોમાં અપાર વિશ્વાસ હતો. તેમણે ઉમેર્યું હતું કે, સ્વામી વિવેકાનંદ માનતા હતા કે, તેમનાં શિષ્યો યુવા પેઢીમાંથી આવશે, જે સિંહની જેમ દરેક સમસ્યાનું સમાધાન કરશે. તેમણે ઉમેર્યું હતું કે, તેમને સ્વામીજી અને તેમની માન્યતાઓમાં સંપૂર્ણ વિશ્વાસ છે, જેમ કે સ્વામીજીએ યુવાનો પર વિશ્વાસ મૂક્યો હતો. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, તેમણે ખાસ કરીને તેમની યુવાનીની દ્રષ્ટિ વિશે તેમના પર સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો સ્વામી વિવેકાનંદ આજે આપણી વચ્ચે હોત, તો તેઓ ૨૧મી સદીના યુવાનોની જાગ્રત શક્તિ અને સક્રિય પ્રયાસોને જોઈને નવા આત્મવિશ્વાસથી છલોછલ થઈ જાત. ભારત મંડપમમાં આયોજિત જી-૨૦ સમારંભને યાદ કરીને શ્રી મોદીએ કહ્યું હતું કે, વિશ્વનાં નેતાઓ એક જ સ્થળે બેસીને દુનિયાનાં ભવિષ્યની ચર્ચા કરી રહ્યાં છે, ત્યારે અત્યારે ભારતનાં યુવાનો ભારતનાં આગામી ૨૫ વર્ષ માટેનો રોડમેપ તૈયાર કરી રહ્યાં છે. થોડા મહિના અગાઉ યુવાન રમતવીરોને તેમના નિવાસસ્થાને મળવા અંગેનો એક કિસ્સો શેર કરતાં તેમણે જણાવ્યું હતું કે, એક એથ્લિટે ટિપ્પણી કરી હતી કે, "વિશ્વ માટે, તમે પ્રધાનમંત્રી બની શકો છો, પરંતુ અમારા માટે, તમે પરમ મિત્ર છો." પ્રધાનમંત્રીએ ભારતનાં યુવાનો સાથેનાં તેમનાં મૈત્રીનાં જોડાણ પર ભાર મૂકતાં કહ્યું હતું કે, મિત્રતામાં સૌથી મજબૂત કડી વિશ્વાસ છે. તેમણે યુવાનોમાં અપાર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો, જેણે સ્ટ્રુ મ્સ્ટર્ટિંની રચનાને પ્રેરિત કરી હતી અને વિકસિત ભારત યુવા નેતા સંવાદનો પાયો નાંખ્યો હતો. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, ભારતીય યુવાનોની સંભવિતતા ટૂંક સમયમાં જ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવશે. તેમણે સ્વીકાર્યું કે ધ્યેય નોંધપાત્ર હોવા છતાં, તે અશક્ય નથી, વિરોધીઓના મંતવ્યોને દૂર કરે છે. પ્રગતિના ચક્રો ગતિમાન કરનારા લાખો યુવાનોના સામૂહિક પ્રયાસો સાથે તેમણે કહ્યું હતું કે, દેશ નિઃશંકપણે તેના લક્ષ્યાંક સુધી



પહોંચશે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "ઈતિહાસ આપણને શીખવે છે અને પ્રેરણા આપે છે." શ્રી મોદીએ અસંખ્ય વૈશ્વિક ઉદાહરણો પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં મોટા સ્વપ્નો અને ઠરાવો સાથે રાષ્ટ્રો અને જૂથોએ તેમના લક્ષ્યાંકો હાંસલ કર્યા હતા. યુએસએમાં ૧૯૩૦ના દાયકાની આર્થિક કટોકટીનું ઉદાહરણ ટાંકીને તેમણે જણાવ્યું હતું કે અમેરિકનોએ નવા સોદાની પસંદગી કરી હતી અને આ કટોકટીમાંથી બહાર નીકળવાની સાથે તેમના વિકાસને પણ વેગ આપ્યો હતો. તેમણે સિંગાપોરનો ઉલ્લેખ પણ કર્યો હતો, જેણે મૂળભૂત જીવન કટોકટીનો સામનો કરવો પડ્યો હતો, પણ શિસ્ત અને સામૂહિક પ્રયાસો મારફતે વૈશ્વિક નાણાકીય અને વેપારી કેન્દ્રમાં પરિવર્તિત થઈ ગયું હતું. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, ભારત સમાન ઉદાહરણો ધરાવે છે, જેમ કે સ્વતંત્રતા સંગ્રામ અને આઝાદી પછી ખાદ્ય કટોકટીમાંથી બહાર નીકળવું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, મોટા લક્ષ્યાંકો નક્કી કરવા અને સમયમર્યાદામાં તેમને હાંસલ કરવા અશક્ય નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સ્પષ્ટ લક્ષ્યાંકો વિના કશું જ હાંસલ થઈ શકે તેમ નથી અને આજનું ભારત આ માનસિકતા સાથે કામ કરી રહ્યું છે.

છેલ્લાં એક દાયકામાં દ્રઢનિશ્ચયનાં માધ્યમથી લક્ષ્યાંકોને હાંસલ કરવાનાં કેટલાંક ઉદાહરણો ટાંકીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ભારતે ખુલ્લામાં મળોત્સર્જનથી મુક્ત થવાનો સંકલ્પ કર્યો છે અને ૬૦ મહિનાની અંદર ૬૦ કરોડ નાગરિકોએ આ લક્ષ્યાંક હાંસલ કર્યો છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, અત્યારે ભારતમાં લગભગ દરેક પરિવાર બેંકિંગ સેવાઓની સુલભતા ધરાવે છે અને મહિલાઓનાં રસોડાને ધુમાડામાંથી મુક્ત કરવા માટે ૧૦૦ મિલિયનથી વધારે ગેસ જોડાણો પ્રદાન કરવામાં આવ્યાં છે. ભારત વિવિધ ક્ષેત્રોમાં નિર્ધારિત સમય કરતાં વહેલાં પોતાનાં લક્ષ્યાંકો હાંસલ કરી રહ્યું છે એ વાતનો ઉલ્લેખ કરતાં શ્રી મોદીએ કહ્યું હતું કે, કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન, જ્યારે વિશ્વ રસી માટે સંઘર્ષ કરી રહ્યું હતું, ત્યારે ભારતીય વૈજ્ઞાનિકોએ સમય કરતાં વહેલાં એક રસી વિકસાવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ભારતમાં દરેકને રસી આપવામાં ૩-૪ વર્ષનો સમય લાગશે તેવી આગાહીઓ છતાં, દેશે રેકોર્ડ સમયમાં વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન હાથ ધર્યું હતું. પ્રધાનમંત્રીએ ભારતની હરિત ઊર્જા પ્રત્યેની કટિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો હતો અને નોંધ્યું હતું કે, પેરિસ સમજૂતીની કટિબદ્ધતાઓ પૂર્ણ કરનાર ભારત પ્રથમ દેશ છે, જે નિર્ધારિત સમય કરતાં નવ વર્ષ અગાઉ છે. તેમણે વર્ષ ૨૦૩૦ સુધીમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલના મિશ્રણના લક્ષ્યાંકનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેને ભારતે સમયમર્યાદા અગાઉ હાંસલ કરવાની તૈયારી કરી લીધી છે. તેમણે ઉમેર્યું હતું કે, આ દરેક સફળતા પ્રેરણાનું કામ કરે છે અને ભારતને વિકસિત રાષ્ટ્ર બનવાનાં લક્ષ્યાંકની નજીક લાવે છે.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "મોટા લક્ષ્યાંકો હાંસલ કરવા એ માત્ર સરકારી તંત્રની જ જવાબદારી નથી, પણ દરેક નાગરિકના સહિયારા પ્રયાસની જરૂર છે." શ્રી મોદીએ રાષ્ટ્રીય ઉદ્દેશો પાર પાડવામાં વિચાર-વિમર્શ, દિશા અને માલિકીનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ ક્વિઝ, નિબંધ સ્પર્ધાઓ અને પ્રસ્તુતિઓમાં ભાગ લેનારા યુવાનોની આગેવાની હેઠળની આ પ્રક્રિયાનું ઉદાહરણ પૂરું પાડે છે. તેમણે વિકસિત ભારતના ધ્યેયની માલિકી માટે યુવાનોની પ્રશંસા કરી હતી, જે તેમણે લોંચ કરેલા નિબંધ પુસ્તક અને તેમણે સમીક્ષા કરેલી દસ પ્રસ્તુતિઓમાં પ્રતિબિંબિત થાય છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, યુવાનોનાં સમાધાનો વાસ્તવિકતા અને અનુભવનાં પાયા પર આધારિત છે, જે દેશ સામેનાં પડકારો વિશેની તેમની વિસ્તૃત સમજણ દર્શાવે છે. તેમણે યુવાનોની વિસ્તૃત વિચારસરણી અને નિષ્ણાતો, મંત્રીઓ અને નીતિ ઘડવૈયાઓ સાથે ચર્ચામાં સક્રિય ભાગીદારી માટે પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ જાહેરાત કરી હતી કે, યંગ લીડર્સ ડાયલોગનાં વિચારો અને સૂચનો હવેથી દેશનાં વિકાસ માટે માર્ગદર્શન આપતી રાષ્ટ્રીય નીતિઓનો ભાગ બની જશે. તેમણે યુવાનોને અભિનંદન આપ્યાં હતાં અને એક લાખ નવા યુવાનોને રાજકારણમાં લાવવાની કટિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો તથા તેમનાં સૂચનોનો અમલ કરવામાં સક્રિયપણે સહભાગી થવા તેમને પ્રોત્સાહન આપ્યું હતું. વિકસિત ભારતનું પોતાનું વિઝન વહેંચતા અને તેની આર્થિક, વ્યૂહાત્મક, સામાજિક અને સાંસ્કૃતિક તાકાત પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, વિકસિત ભારતમાં અર્થતંત્ર અને ઈકોલોજી બંને વિકસિત થશે, જે સારાં શિક્ષણ અને આવક માટે અસંખ્ય તકો પ્રદાન કરશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ફરીવાર થશે નીતિશ કુમાર અને લાલુ યાદવનું મિલન!



। (એજન્સી) પટણા, તા.૧૨ ।

બિહારમાં RLJP (રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટી) દ્વારા મકર સંક્રાંતિ નિમિત્તે દહીં-ચૂડા ભોજનું આયોજન કરવામાં આવ્યું છે. જેના કારણે બિહારનું રાજકારણ ગરમાયું છે. કારણકે, એવી વાત સામે આવી રહી છે કે, RLJPના અધ્યક્ષ પશુપતિ કુમારે આ આયોજનમાં લાલુ યાદવથી લઈને નીતિશ કુમાર સહિતના તમામ રાજકીય નેતાઓને નિમંત્રણ મોકલ્યું છે. જો આ વાત સાચી પડે તો બંને નેતા લાંબા સમય બાદ એકસાથે જોવા મળશે. જે બિહારના રાજકારણની દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વનું છે. વળી, એવી પણ માહિતી સામે આવી રહી છે કે, પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીના આવાસ પર પણ દહીં-ચૂડાનું આયોજન કરવામાં આવશે. જેમાં RJD ની પ્રથા અનુસાર, તેઓ તમામ પાર્ટીને નિમંત્રણ આપશે. જોકે, હવે એ વાત પર તમામ લોકોની નજર ટકેલી રહેશે કે, આ ભોજમાં એનડીના કયા-કયા નેતા આવે છે? વળી, કોંગ્રેસ તરફથી દર ,વર્ષની જેમ સદાકત આશ્રમમાં દહીં-ચૂડાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહાગઠબંધનની તમામ પાર્ટીઓ જોડાશે.

### ભયંકર આંધી-તોફાન સાથે વરસાદની આગાહી

# દિલ્હી એનસીઆર, પંજાબ, હરિયાણામાં ધુમ્મસ સાથે વરસાદની આગાહી કરાઈ

## પહાડી રાજ્યોમાં બરફવર્ષા થવાથી તાપમાન માઈનસમાં પણ જોવા મળ્યું છે, જેના કારણે ઠંડીમાં વધારો થયો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

દિલ્હી એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારત કડકડતી ઠંડીની ઝપેટમાં છે. મોટાભાગના રાજ્યોમાં ગાઢ ધુમ્મસ જોવા મળી રહ્યું છે. ૧૦ જાન્યુઆરીના રાતે એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ થયું છે. આથી હવામાન વિભાગે આજે, કાલે અને પરમ દિવસ માટે અનેક રાજ્યોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દિલ્હી એનસીઆર, પંજાબ, હરિયાણામાં ધુમ્મસ સાથે વરસાદની આગાહી છે. પહાડી રાજ્યોમાં બરફવર્ષા થવાથી તાપમાન માઈનસમાં પણ જોવા મળ્યું છે. જેના કારણે ઠંડી વધી છે. હવામાન વિભાગે દિલ્હી સહિત ૧૫થી વધુ રાજ્યો માટે ધુમ્મસ અને વરસાદનું એલર્ટ આપ્યું છે. ક્યાંક ક્યાંક ગાજવીજ સાથે વીજળી પડવાની અને કરા પડે તેવી પણ વકી છે. દક્ષિણ ભારતના ૩ રાજ્યોમાં આંધી તોફાન સાથે ભારે વરસાદનું એલર્ટ છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો શુક્રવારે કાશ્મીર ઘાટીમાં બરફવર્ષા થઈ. શ્રીનગરમાં ન્યૂનતમ તાપમાન શૂન્યથી



4.3°Cનીચે રેકોર્ડ થયું. ગુલમર્ગમાં ન્યૂનતમ તાપમાન શૂન્યથી 8.1°C નીચે છે. પહેલગામ -10°C ન્યૂનતમ તાપમાન સાથે સૌથી ઠંડુ શહેર જોવા મળ્યું. પંજાબનું ફાઝિલ્કા શહેર -2.4°C ન્યૂનતમ તાપમાન સાથે સૌથી ઠંડુ શહેર રહ્યું. ચંડીગઢમાં ન્યૂનતમ તાપમાન 6.8°C રેકોર્ડ થયું. રાજસ્થાનના કરૌલીમાં ન્યૂનતમ તાપમાન 3.3°C રહ્યું. હવામાન વિભાગના એલર્ટ મુજબ દક્ષિણ પૂર્વ ઈરાન અને આસપાસના નીચલા-ઉપરી ભાગમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન તરીકે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ છે. દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન અને તેની આજુબાજુના નીચલા ભાગમાં એક સાઈક્લોનિક સર્ક્યુલેશન એક્ટિવ છે. જેની અસરથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ થઈ રહ્યું છે અને પૂર્વી વાયરા સાથે પશ્ચિમી વાયરા જોવા મળી શકે છે. જેનાથી આજે અને કાલે પશ્ચિમી હિમાલયી વિસ્તારમાં હળવાથી મધ્યમ છૂટો છવાયો વરસાદ વરસી શકે છે અને બરફ પણ પડી શકે છે. આજે અને કાલે ઉત્તર પશ્ચિમ ભારત અને નજીકના મધ્ય ભારતના મેદાની વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. પશ્ચિમી રાજસ્થાનમાં અલગ અલગ સ્થળો પર ગાજવીજ સાથે છૂટોછવાયો વરસાદ પડી શકે છે. જમ્મુ કાશ્મીર, લદાખ, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંડીગઢ, પશ્ચિમી ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમી મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વ યુપી, પૂર્વ મધ્ય પ્રદેશ, પશ્ચિમી રાજસ્થાન, ઉત્તરાખંડમાં ક્યાંક ક્યાંક કરા પડી શકે છે. ક્યાંક ગાજવીજ સાથે વરસાદના એંધાણ છે. આ ઉપરાંત બંગાળની ખાડીના દક્ષિણ પૂર્વ અને તેની નજીક દક્ષિણ પશ્ચિમી બંગાળની ખાડી ઉપર એક સાઈક્લોનિક સર્ક્યુલેશન એક્ટિવ છે. જેની અસરથી દક્ષિણ ભારતના રાજ્યોમાં તોફાની પવન ફૂંકાઈ શકે છે.

### ૩૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરાઈ

# અમેરિકામાં વિન્ટર સ્ટોર્મથી ઘણા શહેરોમાં હાલત ખરાબ

## વિન્ટર સ્ટોર્મનું કહેરના કારણે ઘણા વિસ્તારોમાં મોટા પ્રમાણમાં બરફ પડ્યો છે : સામાન્ય જનજીવન ખોરવાયું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ ।

અમેરિકામાં વિન્ટર સ્ટોર્મથી ઘણા શહેરોમાં હાલત ખરાબ થઈ ગઈ છે. શુક્રવારે સાઉથ અમેરિકામાં ભારે વિન્ટરન સ્ટોર્મના કારણે ટ્રાવેલમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જેના કારણે એરલાઈન્સે ૩૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરી હતી, જ્યારે ૪૦૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી. વિશ્વના સૌથી વ્યસ્ત અને ડેલ્ટાના મુખ્ય હબ હાર્ટ્સફિલ્ડ-જેક્સન એટલાન્ટા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સવારે ૯ વાગ્યા પછી એન્જિનમાં સમસ્યાને કારણે ડેલ્ટા એર લાઈન્સ બોઈંગ ૭૫૭-૩૦૦ પ્લેનનું ટેકઓફ અટકાવી દેવામાં આવ્યું હતું, જેના કારણે પ્લેનમાં સવાર ૨૦૧ પેસેન્જર અને સાત ક્રૂ મેમ્બર્સને ઈમરજન્સી સ્લાઈડ્સ દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા. ચાર પેસેન્જર્સને હળવી ઈજા થઈ હતી જેમાંથી એકને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો જ્યારે ત્રણની ત્યાં જ સારવાર કરવામાં આવી હતી. ફેડરલ એવિયેશન એડમિનિસ્ટ્રેશને જણાવ્યું હતું કે આ ઘટનાની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. ડેલ્ટાએ જણાવ્યું હતું કે, એન્જિનમાં કોઈ પ્રોબ્લેમ હોવાનું ખ્યાલ આવ્યા બાદ ડેલ્ટા ફ્લાઈટ્સના ક્રુ મેમ્બર્સે એટલાન્ટાથી મિનિયાપોલિસ જતી ફ્લાઈટ ૨૬૬૮ના ટેકઓફને સ્થગિત કરવા માટે તમામ સ્ટાન્ડર્ડ પ્રક્રિયાનું પાલન કર્યું હતું.



એરલાઈન માટે પેસેન્જર્સની સલમાતી સૌથી મોટી પ્રાથમિકતા છે. તેમને જે અગવડનો સામનો કરવો પડ્યો છે તેના માટે એરલાઈન તેમની માફી માંગે છે. આ ઉપરાંત એરલાઈન તેમને સુરક્ષિત અને ઝડપથી તેમના ડેસ્ટિનેશન પર પહોંચાડવા માટે કાર્યરત છે. ફ્લાઈટ ટ્રેકર ફ્લાઈટઅવેરના જણાવ્યા પ્રમાણે એટલાન્ટાથી જતી અને આવતી ૧૧૦૦ જેટલી ફ્લાઈટ્સના શેડ્યુલ કેન્સલ કરી દેવામાં આવ્યા હતા. જ્યારે ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ ડીલે થઈ હતી.અમેરિકન એરલાઈન્સના બે હબ ડલ્લાસ ફોર્ટ વર્થ ઈન્ટરનેશનલ એરપોર્ટ અને શાર્લોટ ડગ્લાસ ઈન્ટરનેશનલ એરપોર્ટને પણ વિન્ટર સ્ટોર્મથી ભારે અસર થઈ હતી. આ બે એરપોર્ટ પર આવતી-જતી ૧૨૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. ગુરુવારે ડલ્લાસ એરપોર્ટની મોટાભાગની ફ્લાઈટ્સ પણ રદ કરવામાં આવી હતી કારણ કે વિન્ટર સ્ટોર્મના કારણે આ વિસ્તારમાં મોટા પ્રમાણમાં બરફ છવાઈ ગયો હતો.

# કેએલ રાહુલ ઈંગ્લેન્ડ વિરુદ્ધ વનડે સીરિઝમાં રમી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

કેએલ રાહુલ ઈંગ્લેન્ડ વિરુદ્ધ વનડે સીરિઝમાં રમી શકે છે. પહેલા બીસીસીઆઈએ તેને આરામ આપવાનો નિર્ણય લીધો હતો પરંતુ હવે ચેમ્પિયન્સ ટ્રોફીથી પહેલા મેચ પ્રેક્ટિસ માટે તેને ટીમમાં સામેલ કરવા પર વિચાર થઈ રહ્યો છે. પસંદગી સમિતિના અધ્યક્ષ અજીત અગરકર તેમને ટીમમાં જોવા ઈચ્છે છે. બીસીસીઆઈએ આઈસીસીથી ચેમ્પિયન્સ ટ્રોફી ટીમની જાહેરાત માટે સમય મર્યાદા વધારવાની પણ વિનંતી કરી છે. ટીમમાં ઘણા ખેલાડીઓના નામ પર ચર્ચા છે પરંતુ હજુ સુધી અંતિમ નિર્ણય થયો નથી. કેએલ રાહુલે બીસીસીઆઈથી ઈંગ્લેન્ડ પ્રવાસથી બ્રેક માગ્યો હતો જેને બોર્ડે મંજૂર પણ કરી લીધો હતો પરંતુ હવે બોર્ડે પોતાનું મન બદલી દીધું છે. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા રાહુલે મેચ પ્રેક્ટિસ અપાવવા માટે તેને ઈંગ્લેન્ડ વિરુદ્ધ વનડે સીરિઝમાં રમાડી શકાય છે. એક રિપોર્ટ અનુસાર સિલેક્ટર્સે શરૂઆતમાં રાહુલને પૂરા વ્હાઈટ-બોલ સીરિઝથી આરામ આપવાનો નિર્ણય લીધો હતો. રાહુલ મિડલ ઓર્ડરમાં રમે છે અને વનડેમાં વિકેટકીપર પણ છે. જોકે, તેણે ફરીથી વિચાર કર્યો અને બીસીસીઆઈએ હવે તેમને વનડે સીરિઝમાં રમવા માટે કહ્યું છે જેથી તે ચેમ્પિયન્સ ટ્રોફીથી પહેલા અમુક મેચ પ્રેક્ટિસ કરી શકે.' ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સીરિઝમાં ભારતીય બેટિંગ ફિક્કી પડી ગઈ હતી. રાહુલ તે અમુક બેટ્સમેનો પૈકીનો એક હતો જેમણે રન બનાવ્યા. તે ૧૦ ઈનિંગમાં ૩૦.૬૬ ની સરેરાશથી ૨૭૬ રન બનાવીને ભારત માટે ત્રીજો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી રહ્યો. ચેમ્પિયન્સ ટ્રોફી ટીમમાં વિકેટકીપર બેટ્સમેનના સ્થાને રાહુલ, ઋષભ પંત અને સંજૂ સેમસનની વચ્ચે આકરી ટક્કર છે.

# બોલર માટે હવે નવા નિયમો લાવવાની તૈયારીમાં ICC

## ICC ક્રિકેટ સમિતિ બોલરોને વાઈડ બોલ પર થોડી વધુ છૂટ આપવાની દિશામાં કામ કરી રહી છે

। (એજન્સી) દુબઈ, તા.૧૨ ।

દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ક્રિકેટર અને ભૂતપૂર્વ કેપ્ટન શોન પોલોકે જણાવ્યું કે, ICC ક્રિકેટ સમિતિ બોલરોને વાઈડ બોલ પર થોડી વધુ છૂટ આપવાની દિશામાં કામ કરી રહી છે. કારણ કે વર્તમાન નિયમો તેમના માટે ખૂબ જ કડક છે, ખાસ કરીને જ્યારે બેટ્સમેન છેલ્લી ઘડીની હિલચાલ કરે છે. વન ડે અને T20માં બેટ્સમેન બોલરની લાઈન અને લેન્થને બગાડવા માટે ક્રીઝ પર છેલ્લી ઘડીએ મૂવમેન્ટ કરે છે જેના કારણે ઘણીવખત બોલ વાઈડ થઈ જાય છે. શોન પોલોકે કહ્યું કે, હું ICC ક્રિકેટ સમિતિનો ભાગ છું અને અમે વાઈડ બોલ પર બોલરોને કેટલીક વધુ છૂટ આપવાનું વિચારી કરી રહ્યા છીએ. મને લાગે છે કે આ અંગેના નિયમો બોલરો પ્રત્યે ખૂબ જ કડક છે. જો કોઈ બેટ્સમેન છેલ્લી ઘડીએ મૂવમેનટ



કરે છે, તો તે બોલરો માટે ખરેખર આદર્શ સ્થિતિ નથી. મને લાગે છે કે બોલર માટે રન-અપની શરૂઆતમાં જ એ જાણવું મહત્વપૂર્ણ છે કે તે ક્યાં બોલિંગ કરી શકે છે. પોલોકે કહ્યું કે, હાલના નિયમો અનુસાર જો બોલર બોલ છોડે તે પહેલાં બેટ્સમેન તરત જ પોતાની સ્થિતિ બદલી નાખે છે, તો બોલને વાઈડ જાહેર કરવામાં આવે છે. હું આ નિયમમાં થોડો ફેરફાર ઈચ્છું છું. ૫૧ વર્ષીય ઓલરાઉન્ડરે કહ્યું કે, બોલરોને રન-અપ દરમિયાન ખબર હોવી જોઈએ કે તેમણે ક્યાં બોલિંગ કરવાની છે. પોલોકે કહ્યું કે, 'હું ઈચ્છું છું કે એક બોલરને રન-અપના સમયે ખબર હોવી જોઈએ કે તેણે ક્યારે, કમે અને કેવા પ્રકારનો બોલ ફેંકવાનો છે. એક બોલર પાસેથી તે અપક્ષા કેવી રીતે રાખી શકાય કે તે બોલિંગ કરતા સમયે છેલ્લી સેકન્ડે પોતાની રણનીતિ બદલી દેશે? તેને પહેલાથી જ સ્પષ્ટ ખબર હોવી જોઈએ કે તેણે ક્યાં બોલિંગ કરવાની છે. આ મુખ્ય પાસું છે જેની અમે ચર્ચા કરી રહ્યા છીએ'. પોલોકે કહ્યું કે, દક્ષિણ આફ્રિકાએ આગામી ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન ઉપમહાદ્વીપની પરિસ્થિતિઓમાં તેના ખેલાડીઓના અનુભવનો લાભ લેવો જોઈએ. પોલોકે કહ્યું કે, 'અમારી ટીમમાં મોટાભાગે એ જ ખેલાડીઓ છે જેઓ (ODI) વર્લ્ડ કપ (2023)માં રમ્યા હતા, જ્યાં અમે સેમિફાઈનલમાં પહોંચ્યા હતા અને ઓસ્ટ્રેલિયા સામે હારી ગયા હતા.'

### રવિન્દ્ર જાડેજાએ બધાને ચોંકાવ્યા

# જાડેજાએ ઈન્સ્ટાગ્રામ પર એક એવી પોસ્ટ શેર કરી કે ખળભળાટ મચ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

બોર્ડર ગાવસ્કર ટ્રોફી (BGT)માં ટીમ ઈન્ડિયાએ ૧-૩થી શર્મનાક હારનો સામનો કરવો પડ્યો, જેના પગલે ટીમ ઈન્ડિયાના દિગ્ગજ રોહિત શર્મા અને વિરાટ કોહલીની નિવૃત્તિની ચર્ચાઓ થવા લાગી. પરંતુ આ બધા વચ્ચે સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ બધાને ચોંકાવી દીધા છે. જાડેજાએ ઈન્સ્ટાગ્રામ પર એક એવી પોસ્ટ શેર કરી કે ખળભળાટ મચી ગયો. ફેન્સ જાડેજાની આ પોસ્ટ બાદ અનેક પ્રકારના અનુમાન કરતા જોવા મળી રહ્યા છે. ભારતના સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક એવી તસવીર શેર કરી. આ ફોટામાં તેમણે પોતાની ટેસ્ટ જર્સીનો ફોટો શેર કર્યો અને આ પોસ્ટ હવે ટ્વિટર પર ખુબ વાયરલ થઈ રહી છે. ફેન્સ સવાલ કરી રહ્યા છે કે આ પોસ્ટનો શું અર્થ છે. અનેક લોકોનું કહેવું છે કે ક્યાંક તેમણે નિવૃત્તિ તો નથી લઈ લીધી ને? જો કે જાડેજાએ પોતાના આ પોસ્ટમાં કશું જ લખ્યું નથી. ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પર જાડેજાનું કઈ ખાસ પ્રદર્શન જોવા મળ્યું નહીં. તેમણે ત્રણ મેચોમાં ફક્ત ૪ વિકેટ લીધી અને બેટથી પણ ૨૭ની એવરેજથી રન કર્યા. આ બધા વચ્ચે એવા પણ સમાચાર વહેતા થયા કે જડ્ડુ ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ ડ્રોપ થઈ શકે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટ મુજબ સિલેક્ટર્સ જાડેજાથી આગળનું વિચારી રહ્યા છે.




ઉત્તર પ્રદેશમાં મેરઠ ખાતે IIMT યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

# હું અમેરિકાના પ્રમુખ પદની ચૂંટણીમાં ટ્રમ્પને હરાવી શક્યો હોત

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ ।

અમેરિકાના પ્રમુખ પદ પરથી વિદાય લઈ રહેલા જો બાઈડેને તાજેતરમાં યોજાયેલી ચૂંટણી અંગે એક મોટો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું હતુ કે, 'હું નવેમ્બર ૨૦૨૪માં યોજાયેલી અમેરિકાના પ્રમુખ પદની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પને હરાવી શક્યા હોત, પરંતુ ડેમોક્રેટિક પાર્ટીની એકતા ખાતર તેમણે ચૂંટણીની વચ્ચે જ મારી ઉમેદવારી પાછી ખેંચી લેવાનો નિર્ણય લીધો હતો.' અહેવાલો અનુસાર, શુક્રવારે (૧૦મી જાન્યુઆરી) વ્હાઈટ હાઉસમાં એક પત્રકાર પરિષદમાં જો બાઈડેનને પૂછવામાં આવ્યું હતું કે, 'શું તમને ચૂંટણી ન લડવાના તમારા નિર્ણયનો અફસોસ છે? શું તમને લાગે છે કે તમે ટ્રમ્પને તમારા ઉત્તરાધિકારી બનવાની સરળ તક આપી?' આ સવાલના જવામાં જો બાઈડેને જણાવ્યું હતું કે, 'મને લાગે છે કે હું ડોનાલ્ડ ટ્રમ્પને હરાવી શક્યો હોત. જોકે, મને લાગે છે કે કમલા હેરિસ ટ્રમ્પને હરાવી શક્યા હોત. પરંતુ પક્ષને એક કરવું મહત્તવપૂર્ણ છે.

# રમેશ બિધુરી દિલ્હીના સીએમ ઉમેદવાર હશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો સીએમ ચહેરો હોવાનો મોટો દાવો કર્યો છે. પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે તેમણે દાવો કર્યો કે ભાજપની ચૂંટણી સમિતિની બેઠકમાં રમેશ બિધુરીને દિલ્હીના સીએમ ઉમેદવાર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેણે દાવો કર્યો કે તેને આ સમાચાર સૂત્રો પાસેથી મળ્યા છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે જો ભાજપે રમેશ બિધુરીને મુખ્યમંત્રી પદના ઉમેદવાર બનાવવાનો નિર્ણય કર્યો છે તો હું તેમની સાથે ચર્ચા કરવા માંગુ છું. તેઓ લાંબા સમયથી દિલ્હીથી સાંસદ છે. હું તેમને કહેવા માંગુ છું કે તેમણે શું કામ કર્યું છે તે જનતાને જણાવે. હું ઈચ્છું છું કે તેઓ મારી સાથે ચર્ચા કરે. આ પહેલા ગુરુવારે અરિંદ કેજરીવાલે ભાજપ પર નવી દિલ્હી વિધાનસભા ક્ષેત્રમાં મતદાર યાદીમાં છેડછાડનો આરોપ લગાવ્યો હતો અને ચૂંટણી પંચને ફરિયાદ કરી હતી. કેજરીવાલે આક્ષેપ કર્યો હતો કે ભાજપ સાથે સંકળાયેલા લોકોએ મતદાર યાદીમાં ૧૩,૦૦૦ નવા મતદારો ઉમેરવા માટે અરજી કરી હતી અને તેમની તરફેણમાં મતદાનને 'પ્રભાવિત' કરવા માટે ૫,૫૦૦ મતદારોની એન્ટ્રીઓ રદ કરવાની માંગ કરી હતી.

# દુનિયાના ૫માં સૌથી મોટા ટેસ્ટ ટ્રેક પર ગડકરીએ કરી Ferrariની સવારી

## નીતિન ગડકરીએ તાજેતરમાં મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં BAJA SAEINDIA૨૦૨૫નું ઉદ્ઘાટન કર્યું, વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ

। (એજન્સી) ભોપાલ, તા.૧૨ ।

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ તાજેતરમાં મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં BAJA SAEINDIA ૨૦૨૫નું ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન તેમણે દુનિયાના ૫માં સૌથી મોટા હાઈ-સ્પીડ ટ્રેક 'નેશનલ ઓટોમોટિવ ટેસ્ટ ટ્રેક' (NATRAX) પર Ferrari Roma સ્માર્ટ કારમાં સવારી કરી, તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં BAJA SAEINDIA ૨૦૨૫નું કેન્દ્રીય મંત્રી નીડિત ગડકરીએ ઉદ્ઘાટન કર્યું. જેમાં નીતિન ગડકરીએ Ferrariની સવારી કરી હતી, જેનો વીડિયો નીડિત ગડકરીના ઓફિસિયલ ઈન્સ્ટાગ્રામમાં શેર કરાયો હતો. જેમાં નીતિન ગડકરીએ ત્રણ બીમ ક્રેશ બેરિયરનું ટેસ્ટિંગ કર્યું હતું. નીતિન ગડકરીએ પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, મધ્યપ્રદેશના ધારમાં NATRAX ખાતે દુનિયાના ૫માં સૌથી મોટા હાઈ-સ્પીડ ટેસ્ટ ટ્રેકનો અનુભવ કરવાની અને થ્રી બીમ ક્રેશ બેરિયરના અધારા ટેસ્ટિંગની સાક્ષી બનવાની તક મળી. NATRAX એ એક અત્યાધુનિક ઓટોમોટિવ પરીક્ષણ ગ્રાઉન્ડ છે. જ્યાં તમામ પ્રકારના ઓટોમોટિવ



પ્રોડક્ટ્સ અને ઘટકોનું ઉદ્યોગના ધોરણો અનુસાર પરીક્ષણ કરવામાં આવે છે. NATRAX મધ્ય પ્રદેશના પીથમપુર, ધાર જિલ્લામાં સ્થિત એશિયાનું સૌથી લાંબુ ઓટોમોટિવ પરીક્ષણ ટ્રેક છે. જે દુનિયાનું પાંચમું સૌથું મોટું ટ્રેક પણ છે. નીતિન ગડકરીએ તાજેતરમાં મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં BAJA SAEINDIA2025નું ઉદ્ઘાટન કર્યું, વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ અહીં ભારત સરકારના ભારે ઉદ્યોગ મંત્રાલયનો એક પ્રોજેક્ટ દ્વારા નેશનલ ઓટોમોટિવ ટેસ્ટિંગ અને આર એન્ડ ડી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ હેઠળ ૧૧.૩ કિ.મી. લાંબો હાઈ-સ્પીડ ટ્રેક બનાવવામાં આવ્યો છે. NATRAX ટેસ્ટ ટ્રેક પર જે કારમાં નીતિન ગડકરીએ સવારીનો આનંદ માણ્યો હતો તે Ferrari Roma સ્પોર્ટ્સ કાર છે. જેમાં ૩.૯ લીટરની ક્ષમતાવાળું ફ૮ એન્જિનનો ઉપયોગ કરાયો છે. Ferrari Romaમાં ફક્ત લોકોની બેસવાની ક્ષમતા છે અને તેનું કેબિન કોઈ ફાયટરે જેટ જેવું જ લાગશે. જ્યારે ઈન્ડિયન માર્કેટમાં આ કારની કિંમત ૭.૩૬ કરોડ રૂપિયાથી શરૂ થાય છે. ૮-સ્પીડ ઓટોમેટિક ટ્રાન્સમિશન ગિયરબોક્સથી સજ્જ, આ કારની ટોપ સ્પીડ ૩૨૦ કિ.મી./કલાક છે. આ કાર માત્ર ૩.૪ સેકન્ડમાં ૦ થી ૧૦૦ કિમી/કલાકની ગતિ પકડી શકે છે.

## તંત્રી લેખ...

# મકરસક્રાંતિનો તહેવાર જીવનના કૌશલ્યો શીખવે છે

૧૪ જાન્યુઆરીને મકરસંક્રાંતિ તરીકે ઉજવવામાં આવે છે, જેને ભારતમાં ઉત્તરાયણ તરીકે પણ ઓળખવામાં આવે છે. મકરસંક્રાંતિની ખુબ ખુબ શુભેચ્છાઓ ભારત મકરસંક્રાંતિ ઉજવે છે, જે સૂર્ય ભગવાનને સમર્પિત એક મહત્વપૂર્ણ હિન્દુ તહેવાર છે. મકરસંક્રાંતિ સૂર્યની ધનુરાશિથી મકર રાશિ (સંસ્કૃત અને અન્ય ઘણી ભાષાઓમાં મકર તરીકે ઓળખાય છે) સુધીની સફર કરે છે. આ દિવસે વહેલી સવારથી લોકો તેમના ધાબા પર ભેગા થવાનું શરૂ કરે છે અને પતંગ ઉડાવે છે. આખો દિવસ પતંગ ઉડાવવામાં પસાર કરે છે. લોકો નાસ્તો, બપોરનું ભોજન અને રાત્રિભોજન ટેરેસ પર જ કરે છે કારણ કે કોઈ પણ આનંદની એક પણ ક્ષણ ચૂકવા માંગતું નથી! નાના બાળકોથી લઈને યુવાનો અને વૃદ્ધો સુધીના તમામ વયજૂથના લોકો, જાતિ, ધર્મ, પ્રાંત ના ભેદ ભૂલીને સાથે મળીને આ તહેવારને માણતા જોઈ શકાય છે.આ પતંગનો તહેવાર આપણને જીવનમાં અગત્યના જીવન જરૂરિયાત માં ઉપયોગી હોય તેવા વ્યવહારિક કૌશલ્યો પણ શીખવે છે. પતંગને ઉપર જવા માટે અનુકૂળ પવનની જરૂર હોય છે. જો પવન ન હોય તો પતંગ ઉડાડવી ખૂબ મુશ્કેલ છે. એ જ રીતે આપણને આપણા લક્ષ્યો સુધી પહોંચવા માટે અન્ય લોકોની મદદ અને સમર્થનની જરૂર છે. પતંગની દોરી જે પતંગને માર્ગદર્શન આપે છે અને દિશામાન કરે છે, જો કે તે લગભગ અદ્રશ્ય છે.એ જ રીતે, માર્ગદર્શકો દ્વારા આપણને સતત માર્ગદર્શન અને પ્રેરિત કરવામાં આવે છે.જેમ દોરી વગર પતંગ ઉડી શકતો નથી, તેમ આપણાં માર્ગદર્શકો અને ગુરુઓ વિના આપણાં ધ્યેય હાંસલ કરવામાં પણ મુશ્કેલી પડે છે. દરેક વ્યક્તિ પતંગ જુએ છે પણ પૂંછડી ભૂલી જાય છે. તે પતંગનું સંતુલન જાળવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. એ જ રીતે આપણા જીવનમાં પણ નાની નાની બાબતો જીવનની સફરને અસર કરે છે અને તેને જરૂરી મહત્વ આપવું જોઈએ.

# રાજકીય નેતાઓએ પણ રિટાયર થતા શીખવું જોઇએ

આપણા દેશમાં રાજકીય નેતાઓ કયારેય રિટાયર થવાનું ઈચ્છતા નથી. ઉંમર ભલે ગમે તેટલી વધી હોય કે સ્વાસ્થ્ય અને શરીર સાથ છોડવા લાગે તે સ્થિતિમાં પણ રાજનીતિથી દૂર જવાનું તેઓને માફક આવતું નથી. કેટલાક નેતા સમયની સાથે અપ્રાસંગિક થઈ જાય છે તો કેટલાક અંતિમ શ્વાસ સુધી સક્રિય રહેતા હોય છે. આ કડીમાં જયપ્રકાશ નારાયણ એટલે કે જેપી તથા નાનજી દેશમુખ જેવા એકલ-દોકલ અપવાદ જ નજરે પડે છે. થોડા સમય અગાઉ કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ પૂર્વ ગૃહમંત્રી સુશીલ શિંદેની આત્મકથાના વિમોચન પ્રસંગે કહયું હતું કે, મને નથી લાગતું કે કોઈએ પણ રાજનીતિમાંથી રિટાયર થવું જોઈએ. જેઓ કોઈ વિચારધારામાં વિશ્વાસ રાખે છે, રાષ્ટ્ર કે પોતાના સમાજની સેવા કરવા ઈચ્છે છે તેઓએ અંત સુધી આ પ્રમાણે કાર્યરત રહેવું જોઈએ. કોઈપણ લોકતાંત્રિક વ્યવસ્થામાં રાજનેતા રાષ્ટ્રના ભવિષ્યને આકાર આપવામાં મહત્વનું યોગદાન આપે છે. તેઓના નિર્ણય અને યોગદાન કરોડો લોકોને અસરકર્તા બને છે. આ સ્થિતિમાં તેઓ પાસે એ અપેક્ષા હોય છે કે તેઓ સમજદારીભર્યા વિકલ્પ અપનાવે અને વિવેકસંમત નિર્ણય કરે. કેનેડીયન દાર્શનિક-લેખક માત્સૌનાએ યથાર્થ કહયું છે કે, સારો પશુપાલક તે કહેવાય છે, જે પહેલા પોતાના ભૂખ્યાં પશુઓનું પેટ ભરે, ભલે તે પશુપાલક કેટલો પણ ભૂખ્યો કેમ ન હોય? આ વાત નેતૃત્વકર્તાઓને લાગુ થાય છે. જયપ્રકાશ નારાયણે રાજનીતિથી સંન્યાસ લીધો હતો પરંતુ દેશમાં સંવૈધાનિક વ્યવસ્થાવાળા લોકતાંત્રિક ઢાંચાની બહાલી માટે સંન્યાસ છોડીને આંદોલનનું નેતૃત્વ લીધુ હતું. રાજનીતિક જીવન દરમ્યાનનો અનુભવ અને વિશેષજ્ઞતા તેમાં મદદરુપ બની અને સંભવતઃ તે પણ એક કારણ રહ્યું કે, તેઓ આંદોલનને નેતૃત્વ પ્રદાન કરી શકયા. જો કે એક એવા ગતિશીલ સમાજમાં જયાં સામાજીક-આર્થિક ઢાંચો ઝડપથી ગતિ બદલતો હોય, ત્યાં ફકત અનુભવ જ પર્યાપ્ત નથી. વિશેષજ્ઞતા વિશેષ માહોલ અને પરિસ્થિતિઓમાંથી વધુ પ્રાસંગિક હોય છે. નોબેલ પુરસ્કાર વિજેતા ડેનિયલ કાહ્મેને લખ્યું છે કે, કેટલાક એવા ક્ષેત્ર હોય છે, જેમાં વિશેષજ્ઞતા સંભવ નથી. શેરોની પસંદગી તેનું સારું ઉદાહરણ છે. દીર્ઘકાલિન રાજનીતિક-રણનીતિક અનુમાનોના મામલે પણ વિશેષજ્ઞ પાસા ફેંકનાર કરતાં વધુ બહેતર હોઈ શકે નહીં. નેપોલિયન બોનાપાર્ટનું કથન છે કે, અ લીડર ઈઝ અ ડીલર ઈન હોપ. મતલબ કે નેતા આશાઓને પ્રજવલ્લિત કરનાર વેપારી હોય છે. હાલના સમયમાં દુનિયાભરમાં અનેક પેઢીઓનો સંગમ જોવા મળે છે. જેમાં ૧૯૨૫થી ૧૯૪૫ની વચ્ચે જન્મેલ સાયલન્ટ જનરેશન, ૧૯૪૬-૬૪ની વચ્ચે જેન એકસ, ૧૯૮૦-૯૪ના મિલેનિયલ્સ, ૧૯૯૭-૨૦૧૨ના જેન જેડ અને ૨૦૧૨ પછીની અલ્ફા જનરેશન મુખ્ય છે. આ તમામ પોતાના જીવનની અનિશ્ચિતતાઓના આભાસ કરી શકે છે. તેમની આશાઓ, આકાંક્ષાઓ, પ્રાથમિકતા અને પસંદ પણ એકસમાન જોવા નહીં મળે. નેતાઓની મોટાભાગની નીતિઓ જુદી જુદી પેઢીઓની આશાઓ અને આંકાક્ષાઓ પર સાચી સાબિત થઈ શકતી નથી. ભારતીય રાજનીતિ પર હાલ બેબી બૂમર્સવાળી પેઢીનું વર્ચસ્વ છે. નેતાઓ માટે મતદાતાઓની અપેક્ષાઓને સમજવી જ તેમના માટે જોડાણની ચાવી હોય છે અને તેમાં પોતાની પેઢીનો અનુભવ પણ સામેલ હોય છે. હાલના સમયમાં મોટાભાગના નેતાઓ શારિરીક રીતે એટલા ચુસ્ત કે તંદુરસ્ત જોવા મળી રહ્યા નથી કે જેઓ પોતાને જીતાડનાર મતદારો સાથે કાયમ સંવાદ સાધી શકે. ચૂંટણી હાર્યા બાદ હારની આશંકાને જોતા રાજય સભા કે વિધાન પરિષદની આડમાં પાછલા દરવાજેથી પ્રવેશ મેળવતા હોય છે. અનેક મામલા આ દર્શાવે છે કે રાજનીતિ હવે નેતાઓની જીવનશૈલીનો ભાગ બની ગઈ છે. નેતા ભૂતકાળની સદભાવનાઓના સહારે નાવને પાર લગાવવાના પ્રયાસમાં હોય છે. જેમાં કયારેક અતિરેક પણ થઈ જાય છે. પદ અને ખુરશી પ્રત્યેનો મોહ, સમાચારોમાં છવાયેલા રહેવાની આદત અને સુખસુવિધાઓ આવા નેતાઓને સમજૂતી કરવા માટે મજબૂર કરે છે. વિચારધારા જેવી બાબત તેમાં ગૌણ બની રહે છે. અમેરિકી રાજનીતિક કાર્યકર્તા રાલ્ફ નાદરનું કહેવું છે કે, નેતૃત્વનું કામ વધુને વધુ નેતા વિકસિત કરવાનું છે, અનુયાયી બનાવવાનું નહીં. વંશવાદી નેતા ઓળખની રાજનીતિ કરે છે, પછી ભલે તેના માટે રાષ્ટ્રીય હિતોને તિલાંજલિ કેમ ન આપવી પડે? સહમતિના સ્વર સંકીર્ણ હિતોના કોલાહલમાં દબાઈ જાય છે. આ પરંપરા અટકવી જોઈએ. બદલાવની રાજનીતિને પ્રોત્સાહન મળવું જોઈએ. રાષ્ટ્રીય હિતો માટે સ્વાર્થીઓને એક તરફે કરવા જોઈએ. રાજનીતિમાં યુવાઓને પ્રોત્સાહન આપીને આગળ ધપાવવા જોઈએ, જે સ્વયંથી વધુ રાષ્ટ્ર અને સમાજના હિત માટે વિચારી શકે. દેશના સ્વાતંત્ર્ય સેનાની અને સ્વતંત્રતા બાદ રાજનીતિક પરિદૃશ્ય પર નેતાઓની જે પહેલી પેઢી ચમકી, તે આદર્શવાદથી ઓતપ્રોત વ્યકિતઓની હતી. તે રાષ્ટ્ર, સમાજની સેવા કરવા ઈચ્છતા હતા અને તેના માટે પોતાનું પદ અને સત્તા ઈચ્છતા હતા.

**મૈત્રી પ્રીતિ પુત્ર પિતા અથવા તો એક વડીલના રૂપમાં ચાચા આવા પાંચ સંબંધો રાષ્ટ્ર આપણા જવાન માટે રાખી શકે**

# વ્યાસપીઠનાં મતે માતાએ નવ પ્રકારની ભક્તિ અને પિતાએ અષ્ટાંગ યોગ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**પહેલી વખતે એટલે સાદો પુરુષનો સંગ, સત્સંગ થતો હોય કથા થતી હોય ત્યાં જવું, એ બીજી ભક્તિ, ત્રીજી ભક્તિ ગુરુની સેવા અભિમાન છોડીને આપણાથી થાય એટલી સેવા કરવી ગુરુ આગના પ્રમાણે વર્તવું એ મોટામાં મોટી સેવા છે, ચોથી ભક્તિ કપટ દંભ છોડી ઇષ્ટદેવનું નામ સ્મરણ કે ગુણગાન ગાવા.**

માનસ સહીદની નવમા દિવસની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ શહીદોનું સ્મરણ કર્યું અને વિરામના દિવસે રાષ્ટ્રની પ્રજા શહીદ સાથે કેવો સંબંધ રાખવો જોઈએ! એનું ચિંતન કરીએ. સૌપ્રથમ તો સહિત થનાર વીર જવાનો જે વીરગતિને પામ્યા છે એની સાથે આપણો પહેલો સંબંધ એ મા ભોમ ના દીકરા નો છે. બીજો સંબંધ તે આપણા સૌના રક્ષણહાર છે માટે એ આપણા બાપ છે, ઉંમરની રીતે કદાચ પુત્ર જેવડા હોય તો પણ એ બાપ છે. રામચરિત માનસમાં જટાયુ અને દશરથ મિત્રના નાતે જોડાયેલા છે એટલે રામજીએ તેને બાપ કહ્યા પણ અમુક મનુષ્ય એમ માને છે કે એ ચાચા પણ છે.ચોથો સંબંધ વીર જવાનો સાથેનો રાષ્ટ્રની જનતાનો સંબંધ મૈત્રીનો પણ હોય છે, કાગભુષંડીજી કહે છે.

**ગીધ મઈત્રી પુનિ તેહિં ગાઈ,**
**અથવા તો પ્રીતિનો સંબંધ પણ રાખી શકાય,**
**ગીધરાજ સૈં ભેટ ભઇ બહુ બિધિ પ્રીતિ બઢાઈ,**
**ગોદાવરી નિકટ પ્રભુ રહે પરન ગૃહ છાઈ.**

મૈત્રી પ્રીતિ પુત્ર પિતા અથવા તો એક વડીલ ના રૂપમાં ચાચા આવા પાંચ સંબંધો રાષ્ટ્ર આપણા જવાન માટે રાખી શકે. પણ ભગવાન રામે તો જટાયુ માટે બાપ શબ્દનો પ્રયોગ કર્યો છે.

**સીતા હરન તાત જની કહહું પિતા સન જાઈ,**

હે પિતા તમે સીતાનો હરણ થયું, એ મારા પિતાને ત્યાં (સ્વર્ગ) કહેશો નહીં, એટલે કે સીતાનું અપહરણ થયું અને એમાં હું કુરબાન થયો. રાવણનાં આખા કુળનો નાશ થશે, ત્યારે એ ત્યાં જઈ કહેશે કે તમારી પુત્રવધુનું અપહરણ કર્યું એનું આ ફળ અમને મળ્યું. આ ક્ષત્રિયનો વટ છે, કે રાવણનું કુળ કહેશે કે અમારી ભૂલનું આ પરિણામ આવ્યું છે. ઉપનિષદમાં ચાર વસ્તુઓ કહી સ્વાધ્યાયનાં પ્રણેતા પરમ પૂજ્ય પાંડુરંગ દાદાને યાદ કર્યા. માતૃદેવો ભવ પિતૃદેવો ભવ આચાર્ય દેવો ભવ અતિથિ દેવો ભવ. ઉપનિષદના સૂત્રો આપણે સૌ જાણીએ છીએ. પણ આપણે આધ્યાત્મિક ચર્ચા કરતા હોઈએ તો માતૃદેવો ભવમાં માતા કોણ!: આપણી જન્મ દેનારી માતા તો છે જ, પણ વ્યાસપીઠને એવું લાગે છે કે માતૃદેવો ભવ એટલે નવ પ્રકારની ભક્તિ એ આપણી મા છે, એ આપણું પહેલું સૂત્ર માતૃદેવો ભવ છે. આ ઉપરાંત આપણી જન્મભૂમિ એ પણ માતા અને સ્વર્ગથી પણ અધિક મૂલ્યવાન છે. પહેલી વખતે એટલે સાદો પુરુષનો સંગ, સત્સંગ થતો હોય કથા થતી હોય ત્યાં જવું, એ બીજી ભક્તિ. ત્રીજી ભક્તિ ગુરુની સેવા અભિમાન છોડીને આપણાથી થાય એટલી સેવા કરવી ગુરુ આગના પ્રમાણે વર્તવું એ મોટામાં મોટી સેવા છે. ચોથી ભક્તિ કપટ દંભ છોડી ઈષ્ટદેવનું નામ સ્મરણ કે ગુણગાન ગાવા. પાંચમી ભક્તિ અરીસમરણ ભરોસો રાખીને ભગવાનનું નામ લેવું. છઠ્ઠી ભક્તિ સંયમનિયમ પાળવા, ત્યાગવાની વૃત્તિ રાખવી. સાતમી ભક્તિ બધામાં સારું જોવું કોઈની ભૂલો ન કાઢવી પોઝિટિવ દર્શન. આઠમી ભક્તિ એટલે આખા વર્ષમાં પુરુષાર્થ કરી પ્રમાણિતપણે જે મળે એનો સંતોષ કરવો. હરિએ લાયકાત કરતાં વધુ આપ્યું એવું માનવું. નવમી ભક્તિ સરળ જીવન, સાદુ જીવન સાદું ભોજન, સાદો વ્યવહાર, કોઈને નડવું નહીં બહુ મોંઘા ન બનવું. બીજું સૂત્ર પિતૃ દેવો ભવ પિતાને દેવ ગણો અહીં જટાયુ ને આપણે પિતા કહ્યા. બાપના આઠ લક્ષણ છે એને મારી વ્યાસપીઠ અષ્ટાંગયોગ કહે છે. તલગાજરડામાં ખૂણાએ બહુ મદદ કરી, આમ પણ દાદા હંમેશા તબલો મેળવી દેતા એ અહોભાવ લઉં. પિતાના બે ચરણમાંથી એક ચરણ આપણા માટે ગતિ કરે એટલે કે વેપાર કરે ખેતી કરે, જ્યારે બીજું ચરણ આપણું આશરે સ્થાન હોય એના પગમાં બેસીએ એટલે નિશ્ચિત. બાપના બે હાથ એક શિક્ષણ અને બીજું રક્ષણ બાપ આપણને ભણાવે શિક્ષણ અપાવે અને એક હાથથી એ રક્ષણ કરે આપણે એની આંગળી પકડીને મેળો માણતા હોઈએ. પિતાની બે આંખો એક થોડી કઠોર અને બીજીમાં એટલું જ વાત્સલ્ય. બાપની આંખ લાલ થાય તો છોકરાઓ નારાજ ન થવું એની બીજી આંખ સામે જોવું એ થોડી જ મિનિટોમાં ભીનાસ આવતી દેખાશે એક આંખ કઠોર છે, તો બીજીમાં કરુણા ભરી છે એ બાપ છે. એની જીભમાં મીઠાશ ભરે છે આપણો બાપ માથા પર હાથ ફેરવીને કહે દીકરા તે જમી લીધું એની જીભમાં અમૃત છે! એનું વ્હાલ છે. ઋષિ સ્વરૂપે પ્રહલાદ ને એવો બાપ મળ્યો કે જેણે સાવજ ના રૂપમાં જીભ કાઢી અને પ્રહલાદ ને ખોળામાં લઈ ચાટવા લાગ્યા હદયાની જીભ છે શ્રીમદ ભાગવત ઋષિ પ્રહલાદની માફી માંગે છે, કે તે મને પોકાર્યો અને મને આવતા થોડું મોડું થયું તો મને માફ કરજે હરી અહીં માફી માંગી છે. જીભમાં એકેય હાડકું હોતું નથી એટલે કોમર્સ કોમળ એ સાતમું અંગ પિતાનું જીભ છે. આઠમું અંગ પિતાનું હૈયું જેના હૈયામાં પોતાના સંતાનો માટે હેત ભર્યું હોય આખા હૈયામાં ઓપરેશન કરાવો તો ભલે નશો બંધ થઈ ગયો હોય પણ હેત ક્યારેય બંધ ન થયું હોય વાલકનું બ્લડ કોઈ દી ઘટે નહી આ અષ્ટાંગિયોગ એ મારી દ્રષ્ટિએ પિતૃદેવો ભવ છે. આચાર્ય દેવો ભવ, જ્ઞાનનાં સાત સોપાન હોય, આચાર્ય વિદ્વાન હોય, વિવેકી હોય, આચાર વાન હોય, જ્ઞાનવાન હોય, વ્રત ધારી એટલે સંયમી હોય તેજસ્વી હોય, અને કૃપાળુ હોય. અતિથિ દેવો ભવ. અતિથિ ના છ લક્ષણ, યજમાન પર બોજ ન બને, આપણાં ઘરેથી જાય ત્યારે ઘરનો ખૂણેખૂણો આનંદથી ભરી દે. જેમ હું આવ્યો એમ તમે પણ આવજો એવું પ્રેમથી નોતરું આપે, જે ભીક્ષામા એટલે કે ભોજનમાં મળે એ પ્રેમથી જમી લે. ખાલી હાથે ન આવે. આપણા ઘરનું અન્ન ખાઈને ભજનથી ભરેલું મન આપતાં જાય. આમ માતૃદેવો ભવ નાં ૯, પિતૃ દેવો ભવ ના ૮, આચાર્ય દેવો ભવના ૭ અને અતિથિ દેવો ભવ ના ૭. એમ ઉતરતા ક્રમમાં ૩૦ અને પાંચમું વ્યાસપીઠ જોડે છે પ્રેમ દેવો ભવ,એ નારદના ભક્તિ સૂત્ર મુજબ છે, પણ ઉતરતા ક્રમમાં જવું હોય તો પાંચ લક્ષણ.

**ગુણરહિતં કામનારહિતં અવિચ્છિન્ન સુક્ષ્મતરં અનુભવરુપં પ્રતિક્ષણ વર્ધમાન.**

પ્રેમના પાંચ લક્ષણ, વળતર ના માંગે એનું નામ પ્રેમ સપનામાં પણ જેને કપટ ન સુજે એનું નામ પ્રેમ. બીજું ટ્રાન્સપરન્સી, આરપારતા વ્યાસપીઠની દ્રષ્ટિએ પ્રેમનું બીજું લક્ષણ. ત્રીજું સામેવાળો ગમે એવી ભૂલ કરે પણ તરત જ હૃદયથી ક્ષમા કરી દે એ બદલો લેવાની વૃતિ ન રાખે. ચોથું પ્રેમ તો અનંત છે, એનો આકાર નથી હોતો, એને પકડી ન શકાય, એને મહેસુસ કરી શકાય, એ મંદ શીતલ સુગંધ છે. પાંચમું નારદ ભક્તિ સૂત્ર મુજબ પ્રતિક્ષણ વર્ધમાન. પ્રેમ પોતાના પક્ષે સમાધાન લે કે બીજાનો કોઈ વાંક નથી મારી નિયતી હશે. શહીદ ને કેન્દ્રમાં રાખીને ચાલતી આ રામ કથા આજે વિરામ તરફ આગળ વધી રહી છે ત્યારે કથાના ક્રમમાં અયોધ્યા કાંડમાં અતિશય સુખ આવ્યું, પછી રામ વનવાસ નું દુઃખ આવ્યું. અરણ્ય કાંડ માયા નો કાંડ છે, ભગવાન યાત્રા કરે છે, અને ભગવાન પંચવટીમાં પધારે છે. રાવણ સીતાનું હરણ કરે છે અને ભગવાન માનવ લીલા કરતાં કરતાં નીકળ્યા જટાયુ મળ્યો, એક શહીદ મળ્યો. સુંદરકાંડમાં હનુમાનજી પર્વતાકાર થયાં અને લંકા જઈ વિભિષણ ને મળ્યાં સીતાજીની ભાળ મેળવી પાછા ફર્યા. લંકા કાંડમાં રામ રાવણનું ભીષણ યુધ્ધ થયું અને રામનો વિજય, વિભિષણનો રાજ્યાભિષેક, અને ૧૪ વર્ષના વનવાસ બાદ અયોધ્યા પાછા ફર્યા. રામ રાજ્યાભિષેક થયો. ઉત્તર કાંડમાં ગરુડ ના સાત પ્રશ્નો થકી કાગ ભૂષંડી ચરિત્રનો મહિમા ગાયો, અને નવમા દિવસની કથાને દેશની અખંડિતા માટે જેણે શહીદી વ્હોરી છે એને સમર્પિત કરી કથાને વિરામ આપ્યો.

**ઈશ્વરના ધ્યાનમાં જેને થોડો પણ આનંદ મળે છે, તેને ભાગવતનો અર્થ જલદી સમજાય છે, વ્યાસ જીએ અઢાર હજાર શ્લોકનો આ ભાગવતગ્રંથ બનાવ્યો**

# કહેણી અને કરણી એક ન હોય, વાણી અને વર્તન એક ન હોય, ત્યાં સુધી શબ્દમાં શક્તિ આવતી નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**વ્યાસજીએ એકલીલાનાં પ્રત્યક્ષ દર્શન કર્યા છે, વ્યાસજીએ અંતર દષ્ટિથી આ બધું જોયું છે. ભગવાનનું સ્વરૂપ અલૌકિક છે, આપણી આંખો લૌકિક છે, લૌકિક આંખો અલૌકિક ઈશ્વરને જોઈ શકે નહીં, બહારની આંખ બંધ કર્યા પછી અંતરની આંખ ખૂલે છે, ત્યારે પરમાત્માનાં દર્શન થાય છે, એટલે મહાપ્રભુએ ભાગવતની ભાષાને સમાધિભાષા કહી છે.**

છેલ્લા કેટલાક સમયથી આપણે ભગવદ્ ગીતા જ્ઞાન થકી કંઈક મેળવવા પ્રયત્ન કરી રહ્યા છીએ ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જન્મ પણ દુઃખ છે. વૃદ્ધાવસ્થા પણ દુઃખ, સ્ત્રી પણ દુઃખ છે, પણ એથી મોટું દુઃખ મરણ છે. માટે વેળાસર ચેતી જાઓ. આ દુઃખોને રોજ યાદ કરો. રોજ વિચારો કે, આજે યમદૂત મને લેવા આવે તો હું ક્યાં જઈશ. નરકમાં, સ્વર્ગમાં કે વૈકુંઠમાં?મૃત્યુનું નિવારણ કદી શક્ય નથી તો પાપ શા માટે કરો છો? કેટલાક બહુ ડાહ્યા હોય છે. બજારમાં શેર શાક લેવું હોય તો આખી બજાર ફરી શું લેવું તેનો વિચાર કરે છે,પણ મૃત્યુનો વિચાર કરો છો? મૃત્યુને રોજ યાદ કરો, તો તમારું પાપ છૂટી જશે અને પાપ છૂટી જાય,ત્યારે માનજો કે તમે સંત છો. મનુષ્ય માને છે કે,હું પાપ કરું છું તે કોઈ જોતું નથી. પણ પાપપુણ્યના અનેક સાક્ષી ઓ છે. સૂર્ય,ચંદ્ર,ધરતી,વાયુ બધા સાક્ષીઓ છે.સૂર્ય,ચંદ્ર,ધરતી,વાયુ બધા સાક્ષીઓ છે. ભગવાનના સેવકો જ્યાં જાવ ત્યાં સાથે જ છે સદગુરુ શંકરાચાર્ય સ્વામી દુઃખ પામી કહે છે કે,મનુષ્ય મરવાનું છે તે જાણે છે. એક દિવસ આ બધું છોડીને જવાનું છે તે પણ જાણે છે તેમ છતાં મનુષ્ય પાપ કરે છે!તે તેમને આશ્ચર્ય થાય છે.છેવટેએ મરણને શરણ થાયછે તો પણ તે પાપી આચરણ છોડતો નથી.માટે તમારા જીવનને સાચવજો. પરીક્ષિતને અધિકાર સિદ્ધ થયા પછી શુકદેવજી ત્યાં પધાર્યા છે. શુકદેવજીને આમંત્રણ આપવું પડ્યું નથી. અમે આમંત્રણ આપે આ શુકદેવ આવે તેવા નથી. પરીક્ષિત રાજા જ્યાં સુધી મહેલો માં વિલાસી જીવન ગાળતા હતા ત્યાં સુધી શુકદેવજી ના આવ્યા પણ તક્ષકના ભયથી સંસાર છોડ્યો કે તરત શુકદેવજી પધાર્યા પરીક્ષિત રાજાને ખાતરી હતી કે, સાત દિવસ પછી મરવાનો છું. આપણને એ પણ ખબર નથી. જીવન પાણીનો પરપોટો છે. પાણીના પરપોટાને ફૂટી જતાં વાર લાગતી નથી, તેમ જીવનનો અંત આવતાં પણ વાર લાગતી નથી. પ્રથમ સ્કંધમાં શ્રીમદ્ ભાગવતનું જ્ઞાન પામવાનો અધિકારી કોણ, એ જ્ઞાન આપવાનો અધિકારી કોણ વગેરે બતાવ્યું છે.પ્રથમ સ્કંધમાં ત્રણ પ્રકરણ છેઃ ઉત્તમાધિકાર,મધ્યમાધિકાર અને ત્રીજું કનિષ્ઠાધિકાર પ્રકરણ. શુકદેવજી-પરીક્ષિત ઉત્તમ વક્તા- શ્રોતા, નારદ-વ્યાસ મધ્યમ શ્રોતા વક્તા અને સૂત-શૌનકજી કનિષ્ઠ વક્તા-શ્રોતા. વ્યાસજી સમાજને સુધારવાની ભાવનાથી કથા કરે છે એટલે કે મધ્યમ વક્તા.બીજાને સુધારવાની ભાવના પ્રભુ ભજનમાં વિઘ્ન કરે છે બીજાને સુધારવાની ભાંજગડ માં પડતા નહીં તમે પોતાને સુધારજો. કથા કરતી વખતે શુક દેવજીને ખબર નથી કે, મારી કથા સાંભળવા સામે કોણ કોણ બેઠા છે?શુકદેવજીની કથાથી ઘણાનાં જીવન સુધરે છે, પણ તેનો વિચાર શુકદેવજી કરતા નથી.શંકરાચાર્યે કહ્યું છે કે,બ્રહ્મજ્ઞાની મહાત્માઓ એક ક્ષણ પણ બ્રહ્મનું ચિંતન છોડી શકતા નથી.આવી દશા શુકદેવજીની છે.જગતમાં બ્રહ્મ જ્ઞાની મળી શકે,પણ બ્રહ્મદષ્ટિ રાખીને ફરનારા શુકદેવજી જેવા નથી મળતા.કહેણી અને કરણી એક ન હોય, વાણી અને વર્તન એક ન હોય, ત્યાં સુધી શબ્દમાં શક્તિ આવતી નથી.શુકદેવજી મહારાજ જે બોલ્યા છે તે જીવનમાં ઉતારીને બોલ્યા છે. છે અને પછી તમને કહું છું. શુકદેવજી ઉત્તમ વક્તા છે કારણ કે વાણી અને વર્તન તેમનું એકવખત એકનાથ મહારાજ પાસે એક બાઈ પોતાના પુત્રન લઈને આવી કહે. મહારાજ મારા પુત્રને ગોળ ખાવાની બહુ ટેવ છે.તે ટેવ છોડી દે તેવા આશીર્વાદ આપો આવી વ્યક્તિ વંદનીય છે. મહારાજે તે વખતે તમે ને આશીર્વાદ આપ્યા નહીં, કારણકે પોતે ગોળ ખાતા હતા.તે બાઈને તેઓએ કા થોડા દિવસ પછી તમારા પુત્રને લઈને આવજો તે વખતે હું આશીર્વાદ આપીશ. પછી તેઓએ ગોળ ખાવાનું છોડયું. થોડા દિવસ પછી પેલી બાઈ પોતાના પુત્રને લઈને આવી.મહારાજે તે વખતેબાળકને આશીર્વાદ આપ્યો.એનું નામ ઉત્તમ વક્તા. વચનસિદ્ધિ અમથી નથી આવતી.અસેઝ પ્રસાદ કરતાં પેટમાં અજીર્ણ થાય એટલો પ્રસાદ ન લેવાય. ભગવાન યોગી છે . ભોગી નથી.આ જીવ ભોગી છે,યોગી નથી એટલે ભગવાન છપ્પન ભોગ આરોગે તેમાં વહે નહીં, આપણાથી આવું ન થાય. ત્યાગથી અલૌકિક શક્તિ આવેછે વિષયો આપણને છોડીને જાય તો દુઃખ થાય છે, પણ આપણે સમજી ને વિષયોને છોડીએ તો આનંદ આવે છે. શુકદેવજીમાં સોળ આની વૈરાગ્ય છે એક તે ઉત્તમ વક્તા છે. વ્યાસજીએ એકલીલાનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં છે. વ્યાસજીએ અંતર દષ્ટિથી આ બધું જોયું છે. ભગવાનનું સ્વરૂપ અલૌકિક છે. આપણી આંખો લૌકિક છે. લૌકિક આંખો અલૌકિક ઈશ્વરને જોઈ શકે નહીં.બહારની આંખ બંધ કર્યા પછી અંતરની આંખ ખૂલે છે, ત્યારે પરમાત્માનાં દર્શન થાય છે,એટલે મહાપ્રભુએ ભાગવતની ભાષાને સમાધિભાષા કહી છે. ઈશ્વરના ધ્યાનમાં જેને થોડો પણ આનંદ મળે છે,તેને ભાગવતનો અર્થ જલદી સમજાય છે. વ્યાસ જીએ અઢાર હજાર શ્લોકનો આ ભાગવતગ્રંથ બનાવ્યો,પરંતુ વ્યાસ જીને ચિંતા થઈ. ગ્રંથ તો મેં તૈયાર કર્યો પણ તેનો પ્રચાર કોણ કરશે? જન્મથી જેને માયાનો સંસર્ગ ન થયો હોય એવા નિર્વિકારી જ આ ગ્રંથનો પ્રચાર કરી શકશે.બહુ વિચારને અંતે વ્યાસજીને લાગ્યું કે,આવો લાયક તો મારો પુત્ર છે.એકવાર સર્વશ્રેષ્ઠ નારી શુકદેવજીને ચળાવવા આવી. શુકદેવજીને કહે તમારું જીવન વૃથા જીવન છે. શુકદેવજી ઉત્તર આપે છે કે, કોનું જીવન વૃથા છે એ જાણવું છે? તો સાંભળો, કમળના જેવાં જેનાં લોચન છે,કેયૂરના હારોથી જે શોભે છે, એવા પ્રભુ નારાયણની જેણે જેના હૃદય-પ્રદેશ પર લક્ષ્મીજી વિરાજે છે, એવા ગરુડ ધ્વજ, ચક્રધારી પરમાત્મા મુકુંદ ભગવાનનું જણે ક્ષણવાર સ્મરણ કર્યું નથી તેવા મનુષ્યનું જીવન વૃથા ગયું જાણવું. એનો અવતાર એળે ગયો જાણવો. છેલ્લે શુકદેવજીએ રંભાને કહ્યું, સ્ત્રીનું શરીર આટલું સુંદર અને સુગંધમય હોઈ શકે છે તે મેં આજે જાણ્યું.હવે ફરી જન્મ લેવાનો જન્મ થાય,તો તારા જેવી મા શોધી કાઢીશ.જો આવા જન્મ સિદ્ધ યોગી છે શુકદેવજી. જન્મ થયો કે તરત તપશ્ચર્યા માટે વન તરફ તેમણે પ્રયાણ કર્યું હતું. શુકદેવજી સદા બ્રહ્મચિંતનમાં લીન રહે છે, તેમને વનમાંથી બોલાવવા કેવી રીતે?તેઓ વનમાંથી ઘરે આવે તો હું ભાગવતશાસ્ત્ર તેને ભણાવું અને પછી તેઓ તેનો પ્રચાર કરે એવો વ્યાસજીને વિચાર આવ્યો. ભગવાનના સ્વરૂપને કોઈ પામી શક્યું છે?કારણ કે તેને પાર પામવા જતાં મન અને વાણી બેઉ પાછાં પડે છે. વાણી હિંમત કરી તેનું વર્ણન કરવા જાય, પણ મન ન પહોંચે ત્યાં વાણીનું શું ગજું? શ્રીકૃષ્ણનું સ્વરૂપ અદ્ભુત છે. તે સ્વરૂપે યોગીઓનાં ચિત્તને પણ આકર્ષ્યા છે. તો એ શુકદેવજી જેવા યોગીઓને શું નહીં આકર્ષે? શુકદેવજી નિર્ગુણ બ્રહ્મના ચિંતનમાં લીન છે,તેનાથી તેનું ચિત્ત હટાવવા અને સગુણ બ્રહ્મ તરફ તેને વાળવા શ્રીકૃષ્ણ લીલાના શ્લોકો તેમને સંભળાવવા જોઈએ આ શ્લોકો ની જાદુઈ અસરની વ્યાસજીને ખાતરી થઈ હતી. જંગલમાં હિંસક પ્રાણી હતા, તેથી વ્યાસજીના શિષ્યો જંગલ માં દર્ભ સમિધ લેવા જતાં ડરતાં. વ્યાસજીએ કહ્યું કે તમને બીક લાગે,ત્યારે આ ભાગવતના શ્લોક બોલજો. શ્રીકૃષ્ણ મારી સાથે છે એવો વિચાર કરજો.તે પછી ઋષિ કુમારો જ્યારે વનમાં જાય છે ત્યારે આ શ્લોકો બોલે, વનમાં હિંસક પશુઓ વાઘ,સિંહ બધા વૈરને ભૂલી શાંત બની જતાં. વ્યાસજી વિચારે છે કે, જે મંત્રોથી પશુઓનું આકર્ષણ નહીં થયું, તે મંત્રોથી શું શુકદેવજીનું આકર્ષણ નહીં થાય? દેહભાન ન ભૂલાય ત્યાં સુધી દેવના દર્શન થતા નથી. શુકદેવજી જ્યોતિર્મય બ્રહ્મનું ચિંતન કરે છે.તેમને દેહભાન નથી. શુકદેવજી પરમહંસોના આચાર્ય છે,તેથી બ્રહ્મ ચિંતન કરે છે.એવા શુકદેવજીનું મન આકર્ષવા વ્યાસજીએ યુક્તિ કરી.વ્યાસજીએ શિષ્યોને કહ્યું કે,શુકદેવજી જે વનમાં સમાધિમાં બેસી રહે છે ત્યાં તમે જાવ, અને તેઓ સાંભળે તેમ આ શ્લોકનું ગાન કરો.ફરી ફરી ગાન કરો. શુકદેવજીનું હૃદય ગંગા જળ જેવું શુદ્ધ છે. જળ સ્થિર અને સ્વચ્છ હોય તો તેમાં શુદ્ધ પ્રતિબિંબ પડે છે. વાચક ચાહક મિત્રો,આજે તેરમી જાન્યુઆરી ૨૦૨૫ને સોમવાર આવતી કાલે સવારે આકાશ પતંગોથી છવાઈ જશે.. પતંગોત્સવ કાળજી પૂર્વક ઉજવો બાળકોને વીજ વાયર તથા બિનજરૂરી દોડધામથી સાવચેત કરો.સૌને મકર સંક્રાંતિ ઉત્તરાયણ પતંગોત્સવની શુભકામનાઓ પાઠવું છું..અસ્તુ.

### યશની આગામી ફિલ્મ 'ટોક્સિક'નું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું

## દમદાર અને ટોક્સિક લુક સાથે યશે ફેન્સને કર્યા એક્સાઈટેડ



સુપરસ્ટાર યશએ તેના જન્મદિવસ પર તેણે તેના ફેન્સને એક ખાસ ભેટ આપી છે. યશની આગામી ફિલ્મ 'ટોક્સિક'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે, જેમાં તે દમદાર લુકમાં જોવા મળી રહ્યો છે. ટીઝર સોશિયલ મીડિયા પર વાયરલ થયું છે અને ફિલ્મને લઈને યશના ફેન્સનું એક્સાઈટમેન્ટ લેવલ વધારી દીધું છે.'ટોક્સિક'ના ટીઝરમાં કોઈ ડાયલોગ નથી, પરંતુ શાનદાર બેકગ્રાઉન્ડ મ્યુઝિક સાંભળી શકાય છે. ટીઝરમાં જોઈ શકાય છે કે, યશ તેની લક્ઝુરિયસ કારમાંથી નીચે ઉતરે છે અને સિગાર પીતી વખતે ફૂલ સ્વેગમાં ક્લબમાં એન્ટ્રી કરે છે. તેના લુકની વાત કરીએ તો તે વધેલી દાઢી અને ટૂંકા વાળ સાથે જોવા મળે છે. ટીઝરના અંતે, યશ ક્લબની અંદર એક છોકરીને આકર્ષિત કરતો અને તેના પર શેમ્પેનની બોટલ રેડતો જોવા મળે છે.૭ વર્ષમાં યશની ત્રીજી ફિલ્મયશના ફેન્સને ફિલ્મનું ટીઝર ખૂબ જ પસંદ આવી રહ્યું છે. લગભગ ૭ વર્ષના ગાળામાં આ તેની ત્રીજી રિલીઝ હશે. તેની પહેલી 'KGF ચેપ્ટર ૧' વર્ષ ૨૦૧૮ માં રિલીઝ થઈ હતી. આ પછી વર્ષ ૨૦૨૨માં સિક્વલ 'કેજીએફ ચેપ્ટર ૨' આવી. ૧૦૦ કરોડમાં બનેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ૧૨૦૦ કરોડથી વધુની કમાણી કરીને ઈતિહાસ રચ્યો હતો. યશની ફિલ્મ 'ટોક્સિક' ગીતુ મોહનદાસ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી રહી છે, જેણે અગાઉ 'મૂથોન' અને 'લાયર્સ ડાઈસ' જેવી ફિલ્મોનું નિર્દેશન કર્યું છે.આ બિગ બજેટ ફિલ્મ કેવીએન પ્રોડક્શન્સ અને યશના મોન્સ્ટર માઈન્ડ ક્રિએશનના બેનર હેઠળ બની રહી છે. મેકર્સે હજુ સુધી 'ટોક્સિક'ની રિલીઝ ડેટ જાહેર કરી નથી. પહેલા આ ફિલ્મ ૧૦ એપ્રિલે રિલીઝ થવાની હતી, પરંતુ હવે તેની રિલીઝ મોડી થવાની સંભાવના છે. ફિલ્મની અન્ય સ્ટાર કાસ્ટ વિશે કોઈ અપ ડેટ નથી. એવું માનવામાં આવે છે કે કિયારા અડવાણી અને નયનતારા પણ આ ફિલ્મનો ભાગ બની શકે છે. અત્યાર સુધી મેકર્સે સત્તાવાર રીતે માત્ર અક્ષય ઓબેરોયના નામની જાહેરાત કરી છે.

# ઇબ્રાહિમ અલી ખાન શ્રીલીલા સાથે દેખાતા પલકને ઈર્ષા

### શ્રીલીલા અને ઇબ્રાહિમ મેડોક ફિલ્મ્સની ઓફિસ પહોંચ્યા, જ્યાં તેમણે એક મીટિંગમાં હાજરી આપી હતી

ઇબ્રાહિમ અલી ખાન હાલમાં જ પલક તિવારી સાથે નહીં પરંતુ ૨૩ વર્ષની એ એક્ટ્રેસ સાથે જોવા મળ્યો જે ૨૧ વર્ષની ઉંમરમાં જ બે બાળકોની મા બની ગઈ છે, બંનેને સાથે મસ્તી કરતી કરતા જોઈને ફેન્સ સોશિયલ મીડિયા પર મજા લઈ રહ્યાં છે.તો બીજી તરફ પલક તિવારીને ઈર્ષા થાય એ પણ સ્વાભાવિક છેબોલિવૂડના સ્ટારકિડ્સ ઘણીવાર ચર્ચામાં રહે છે. ક્યારેક પોતાના ડેબ્યૂને લઈને તો ક્યારેક પોતાની લવ લાઈફને લઈને. ઈબ્રાહિમઅલીખાનપણબોલિવૂડના સૌથી ફેવરેટ સ્ટારકિડ્સમાંથી એક છે. ફિલ્મોમાં પોતાના ડેબ્યૂ કરતા વધારે તે પલક તિવારી સાથે પોતાના રિલેશનશિપને લઈને ચર્ચામાં રહે છે. હાલમાં જ એવી ચર્ચા હતી કે ન્યુ યર તેણે પલક તિવારી સાથે સેલિબ્રેટ કર્યુ હતું. સાથે જ બંને મુંબઈ એરપોર્ટ પર પણ સ્પોટ થયા હતા. પરંતુ હાલમાં જ ઈબ્રાહિમ અલી ખાન, પલક તિવારી સાથે નહીં પરંતુ ૨૩ વર્ષની એ એક્ટ્રેસ સાથે જોવા મળ્યો જે ૨૧ વર્ષની ઉંમરમાં જ બે બાળકોની મા બની ગઈ.ઈબ્રાહિમ અલી ખાન જલદી જ સિલ્વર સ્ક્રીન પર ડેબ્યુ માટે તૈયાર છે. રિપોર્ટ્સ અનુસાર, તે વર્ષ ૨૦૨૫માં બોક્સ ઓફિસના ઘણા સ્ટારકિડ્સને ટફ કોમ્પિટિશન આપી શકે છે. સૈફ અલી ખાનનો લાડલો ફિલ્મ 'દિલેર'માં જોવા મળવાનો છે. હાલમાં જ તે પુષ્પા ૨ સેંસેશન ગર્લ સાઉથ એક્ટ્રેસ શ્રીલીલા સાથે જોવા મળ્યો હતો જે બાદ ફેન્સ માની રહ્યાં છે કે હવે પલક ઈબ્રાહિમની એક્સ થઈ ગઈ છે.ખરેખર, સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં ઈબ્રાહિમ અલી ખાન સાઉથ એક્ટ્રેસ શ્રીલીલા સાથે જોવા મળ્યો હતો. બંને સ્માઈલ કરતા સાથે બહાર નીકળ્યા અને પેપ્સને પોઝ આપ્યા. ઈબ્રાહિમે પોઝ આપવાની સાથે 'કિસિક' ફેમ શ્રીલીલાને ખૂબ જ પ્રેમથી હગ પણ કર્યુ.આ દરમિયાન શ્રીલીલા કેઝ્યુઅલ લુકમાં જોવા મળી. લાઈટ પિંક કલરની બ્રાલેટ સાથે બ્લૂ ડેનિમ જેકેટ અને રફ જીન્સમાં તે સુંદર લાગી રહી હતી. પોતાના લુકને એક્ટ્રેસે પિંક સ્લીપર્સ, ઈયરરિંગ્સ અને ઓપન હેર સાથે કંપ્લીટ કર્યો હતો. આ લુકમાં તે ગોર્જિયસ લાગી રહી હતી.ઈબ્રાહિમની વાત કરીએ તો તે ડાર્ક ગ્રીન શર્ટની સાથે બ્લેક પેન્ટમાં જોવા મળ્યો. પોતાના લુકને તેણે વ્હાઈટ સ્નીકર્સ અને બ્લેક સનગ્લાસ સાથે કંપ્લીટ કર્યો. આ દરમિયાન ઈબ્રાહિમ શ્રીલીલાની માને પણ મળતો જોવા મળ્યો. શ્રીલીલાની માને તેણે હગ કર્યુ અને પ્રેમ વ્યક્ત કર્યો.ઈબ્રાહિમ અને શ્રીલીલા ફિલ્મ 'દિલેર'માં સાથે જોવા મળશે. રિપોર્ટ્સ અનુસાર, શ્રીલીલા અને ઈબ્રાહિમ મેડોક ફિલ્મ્સની ઓફિસ પહોંચ્યા. જ્યાં તેમણે એક મીટિંગમાં હાજરી આપી હતી. આ વીડિયો સોશિયલ મીડિયા પર આવ્યા બાદ ફેન્સ પલક તિવારીની મજા લઈ રહ્યા છે.





# પાકિસ્તાની સિંગર આતિફને મળ્યો હની સિંહ



સિંગર હની સિંહના ચાહકો ભારતમાં જ નહીં પરંતુ દુનિયાભરમાં છે. લોકો તેના અવાજ અને તેના ગીતોના દીવાના છે. ઘણાં સમય બાદ હની સિંહે પુનરાગમન કર્યું છે. ત્યારે તેના ચાહકો ઈચ્છે છે કે તે તેની જૂની શૈલીમાં કેટલાક નવા રેપ ગીતો ગાય. હની સિંહે અગાઉ અનેક સિંગર સાથે મ્યુઝિક વીડિયો લોન્ચ કર્યા છે. આ દરમિયાન હની સિંહે પાકિસ્તાનના પ્રખ્યાત ગાયક આતિફ અસલમ સાથેની એક પોસ્ટ શેર કરી છે. જેણે તેના ચાહકોના મનમાં ઉત્સાહ વધારી દીધો છે. હની સિંહે પાકિસ્તાની સિંગર આતિફ અસલમે સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર તસવીર શેર કરી છે. આ તસવીરમાં બંને સિંગર્સ સાથે જોવા મળી રહ્યા છે. હની સિંહે આ તસવીરના કેપ્શનમાં લખ્યું હતું કે, 'બોર્ડરલેસ બ્રધર્સ!! માર્ચ બોર્ન બ્રધર્સ.'હવે આ તસવીર પર ચાહકો કોમેન્ટ કરી રહ્યા છે. કોમેન્ટ બોક્સમાં ચાહકો મ્યુઝિક વીડિયોમાં બંને સિંગર્સ સાથે જોવા મળી રહ્યા હોવાની વાત કરી રહ્યા છે. આ દરમિયાન હની સિંહે પાકિસ્તાનના પ્રખ્યાત ગાયક આતિફ અસલમ સાથેની એક પોસ્ટ શેર કરી છે, એક યુઝરે લખ્યું હતું કે, 'જ્યારે એક લિજેન્ડ બીજા લિજેન્ડને મળ્યો.' અન્ય એક યુઝરે લખ્યું, 'જ્યારે મેલોડી જીનિયસ અને રેપ જીનિયસ એક સાથે મળી જાય.' કેટલાક ચાહકો એવું પણ કહી રહ્યા છે કે બંને સિંગર્સ એક સાથે ગીત લઈને આવી રહ્યા છે. એક યુઝરે લખ્યું કે, 'હવે આ કોલોબ્રેશન માટે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે.'

### અભિનેતા રોહિત રોયે વર્ણવી

## ફિલ્મ "શૂટઆઉટ એટ લોખંડવાલા" માટે પોતાની વેઈટલોસ જર્ની



### રોહિતે કહ્યું, 'મારે તે ભૂમિકા માટે પાતળો દેખાવું હતું હતો તેથી મેં વોટર ડાયેટ પર ગયો' તે ખૂબ જ તીવ્ર હતું

અભિનેતા રોહિત રોયે ઘણી ટીવી સિરિયલો અને ફિલ્મોમાં કામ કર્યું છે. તેણે એક ફિલ્મ માટે ૧૬ કિલો વજન ઘટાડ્યું હોવાનું જણાવ્યું હતું.અભિનેતા રોહિત રોય તેમના શાનદાર અભિનય માટે જાણીતા છે. તેમણે ટીવી સિરિયલોની સાથે ઘણી ફિલ્મોમાં પણ કામ કર્યું છે. રોહિતે તાજેતરમાં જ પોતાની વજન ઘટાડવાની સફર વિશે જણાવ્યું છે. તેમણે ૨૦૦૭ માં આવેલી તેમની ફિલ્મ "શૂટઆઉટ એટ લોખંડવાલા" માટે તેમનામાં થયેલા પરિવર્તન વિશે ખુલાસો કર્યો છે. આ ફિલ્મ માટે રોહિતે ૨૫ દિવસમાં ૧૬ કિલો વજન ઘટાડ્યું. તેણે પોતાના શરીર પર ઘણું કામ કર્યુ હતું.ખાસ વાત કરતા રોહિતે કહ્યું, 'આત્યંતિક પાણીના આહારને કારણે જ તે ૨૫ દિવસમાં ૧૬ કિલો વજન ઘટાડી શક્યો.' પોતાનો અનુભવ શેર કરતી વખતે, રોહિતે તેને ખતરનાક અને મૂર્ખ ગણાવ્યો હતો અને કહ્યું હતું કે તે ફરીથી આ કામ કરશે નહી જ.આ રીતે મારું વજન ઓછું થયુંરોહિતે કહ્યું, 'મારે તે ભૂમિકા માટે પાતળો દેખાવું હતું હતો તેથી મેં વોટર ડાયેટ પર ગયો.' તે ખૂબ જ તીવ્ર હતું અને મેં ૨૫-૨૬ દિવસમાં ૧૬ કિલો વજન ઘટાડ્યું. આ પરિવર્તનથી તેમને ભૂમિકા માટે જરૂરી દેખાવ પ્રાપ્ત કરવામાં મદદ મળી. તેમણે તેને ખૂબ જ ખતરનાક પણ ગણાવ્યું. રોહિતે કહ્યું- 'આ શરીરના અંગો માટે ખૂબ જ ખતરનાક છે.' તેથી જ હું તેને મૂર્ખ કહું છું. મેં એક હોલીવુડ અભિનેતાની આવી જ વજન ઘટાડવાની વાર્તા સાંભળી છે જેણે આ જ આહારનું પાલન કર્યુ અને પરિણામે તેનું મૃત્યુ થયું.રોહિતે આગળ કહ્યું, 'આવી શારીરિક સ્થિતિ જાળવી રાખવી પડકારજનક છે.' આ આહારમાંથી બહાર નીકળવું પણ એક સંઘર્ષ છે. તે તમારા મનમાં ચાલતું રહે છે કારણ કે તમે તેને ચોક્કસ રીતે જુઓ છો અને તેને અનુસરવા માટે તેને હંમેશા તે રીતે જોતા રહો છો. પણ કોઈ તેને કાયમ માટે જાળવી શકતું નથી. શૂટઆઉટ એટ લોકેંડવાલામાં રોહિત સાથે વિવેક ઓબેરોય, સંજય દત્ત, અમિતાભ બચ્ચન, તુષાર કપૂર સહિત ઘણા કલાકારો મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવતા જોવા મળ્યા હતા.

### 'શક્તિ શાલિની' ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ રિલીઝ થવાની છે

## કિઆરા મેડોક ફિલ્મ્સની સુપરનેચરલ કોમેડીમાં



કિઆરા અડવાણી લાંબા સમયથી દિનેશ વિજાનની મેડોક ફિલ્મ સાથે વાતચીત કરી રહી છે. ત્યારે હવે તે મેડોકની સુપરનેચરલ કોમેડી 'શક્તિ શાલિની' કરવાની હોવાની ચર્ચા છે. આ ફિલ્મ હાલ મેડોકના ફેન્ટસી કોમેડી યુનિવર્સની એકલી ફિલ્મ હશે. જેની સાથે મેડોકના હોરર કોમેડી ઉપરાંક એક નવું યુનિવર્સ અને નવી ફ્રેન્ચાઈઝી શરૂ થશે. આ ફિલ્મ સાથે કિઆરા જોડાશે તેવી ચર્ચાઓ છે. કેટલાંક અહેવાલો મુજબ આ ફિલ્મની સ્ટોરી એવી છે કે તેની હિરોઈને શક્તિશાળી અને લાચાર બંને પ્રકારનું પાત્ર નીભાવવું પડશે. જે લક્ષણો કિઆરા સારી રીતે ધરાવે છે. જોકે, હજુ કશું ફાઈનલ થયું નથી તેમજ કિઆરા કે મેડોક તરફથી આ અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી. જો કિઆરા આ ફિલ્મ કરે તો દિનેજ વિજાન સાથે તેની આ પહેલી ફિલ્મ હશે. ૨૦૨૪ દરમિયાન કિઆરા ઘણી વખત મેડોકની ઓફિસની બહાર જોવા મળી છે. તેના કારણે તેઓ બંને આ ફિલ્મ માટે જોડાય તેની શક્યતાઓ વધારે છે.'શક્તિ શાલિની' ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ રિલીઝ થવાની છે. તેથી કિઆરા સાથે પ્રોડક્શન હાઉસની અંતિમ તબક્કાની વાટાઘાટો ચાલી રહી છે ત્યારે મેડોક અને કિઆરાના ફૅન બહુ જલ્દી આ ફિલ્મ અંગે ઓફિશિયલ અપડેટની રાહમાં છે. ૧૦ જાન્યુઆરીએ કિઆરાની રામ ચરણ સાથેની તેલુગુ ફિલ્મ 'ગેમ ચેન્જર' રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મમાં રામ ચરણ પિતા અને પુત્ર બંનેનો ડબલ રોલ કરી રહ્યો છે. દિકરાની પ્રેમિકાના રોલમાં કિઆરા જોવા મળશે.




# રવિનાની દીકરીની ફિલ્મ 'આઝાદ' ટુક સમયમાં પરદા પર આવશે

### ઘણી સુપરહિટ ફિલ્મો આપનાર એક્ટ્રેસની દીકરીનું નામ પણ આ લિસ્ટમાં જોડાશે




ઘણા ફેમસ સ્ટાર્સના બાળકોએ ફિલ્મોની દુનિયામાં આવવાનું નક્કી કર્યું. ઘણી સુપરહિટ ફિલ્મો આપનાર એક્ટ્રેસની દીકરીનું નામ પણ આ લિસ્ટમાં જોડાવા જઈ રહ્યું છે. તેની ફિલ્મ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે. તે માત્ર ૧૯ વર્ષની છે. પરંતુ તે દરેક પાર્ટી-ઈવેન્ટમાં પોતાની સ્ટાઈલ અને ફેશનથી લાઈમલાઈટ ચોરી લે છે.એ સુંદર છોકરી બીજું કોઈ નહી રવિના ટંડનની દીકરી છે. તેનું નામ રાશા થડાની છે અને ઉંમર ૧૯ વર્ષ છે. રાશાની ફિલ્મ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મનું નામ 'આઝાદ' છે.ફિલ્મ 'આઝાદ'નું નિર્દેશન અભિષેક કપૂરે કર્યું છે. આ એક એક્શન-એડવેન્ચર ફિલ્મ છે. ફિલ્મમાં રાશા સાથે અજય દેવગનનો ભત્રીજો અમન દેવગન પણ જોવા મળશે. ફિલ્મ 'ઉઈ અમ્મા'નું ટાઈટલ સોંગ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યું છે.એક્ટિંગની સાથે રાશા તેની સ્ટાઈલ અને ફેશન માટે પણ ચર્ચામાં રહે છે. તે અવારનવાર ઈન્સ્ટાગ્રામ પર ફેન્સ સાથે ગ્લેમરસ તસવીરો શેર કરે છે, જેને ઘણી લાઈક્સ મળે છે. ઈન્સ્ટાગ્રામ પર રાશાને ૧ મિલિયનથી વધુ યુઝર્સ ફોલો કરે છે.રાશાએ વર્ષ ૨૦૨૩માં ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાંથી સ્કૂલનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. હવે તે પણ તેની માતા રવિના ટંડનની જેમ ફિલ્મોની દુનિયામાં કામ કરશે.રાશા અને રવિના ખૂબ જ ખાસ બોન્ડ શેર કરે છે. બંને પૂજા અને ભક્તિમાં માને છે. રાશા ઘણીવાર રવિના સાથે અલગ-અલગ મંદિરોમાં જોવા મળે છે. એક્ટિંગ સિવાય રાશાને ફોટોગ્રાફીમાં પણ રસ છે. વર્લ્ડ ફોટોગ્રાફી ડે પર રાશાએ પોતે કહ્યું હતું કે તેને ફોટોગ્રાફીનો ખૂબ શોખ છે.

# હિમેશ રેશમિયા ફરી એક્શન મોડમાં, 'બેડઆસ રવિકુમાર' માટે ફી માફ કરી

### એકથી વધુ ફિલ્મોમાં નિષ્ફળતા મેળવ્યા છતાં હિમેશે વધુ એક વખત એક્ટિંગમાં ઝંપલાવ્યું છે

એકથી વધુ ફિલ્મોમાં નિષ્ફળતા મેળવ્યા છતાં હિમેશ રેશમિયા વધુ એક વખત એક્ટિંગમાં ઝંપલાવી દીધું છે. તે એક્શન ડ્રામા ફિલ્મ 'બેડઆસ રવિકુમાર' સાથે પોતાના ફૅન્સનું મનોરંજન કરવાની તૈયારી કરી રહ્યો છે. આ ફિલ્મ કેટલાંક કારણોસર ચર્ચામાં છે. પહેલું તો આ ફિલ્મ ૮૦ના દશકની ફિલ્મો જેવી બનાવવામાં આવી છે, તેમજ તેમાં સંગીત પણ એ પ્રકારનું જ બનાવાયું છે. હવે બીજું એક કારણ સામે આવ્યું છે. જે મુજબ આ ફિલ્મ માટે સિંગર-એક્ટર હિમેશ રેશમિયાએ પોતાની ફી માફ કરી દીધી છે. તેના કારણે ફિલ્મનું ૨૦ કરોડનું બજેટ તો રિલીઝ રહેલાં જ સરભર થઈ ચૂક્યું છે.મેકર્સના સ્માર્ટ ફાયનાન્શિયલ પ્લાનિંગ, વ્યૂહાત્મક કરારો અને રેશમિયા તરફથી મળેલાં આ પ્રદાનને કારણે રિલીઝ પહેલાં જ બજેટ રિકવર થઈ ગયું છે. આ ફિલ્મમાં હિમેશ રેશમિયાએ લીડ રોલ ઉપરાંત ગીતો ગાયા છે અને કમ્પોઝ પણ કર્યા છે. આ પ્રોડક્શન હાઉસ સાથે પ્રોફિટ શેરિંગ મોડલના કારણે તેણે પોતાની એક્ટિંગ અને ગીતો માટેની ફી માફ કરી દીધી છે. આ ફિલ્મની મહત્વની વાત એ છે કે તેમાં ૧૬ ગીતો છે અને તેમાંથી એક તો સાત ગીતોની મેડલી છે, બધું જ હિમેશ રેશમિયાના લેબલમાં પ્રોડ્યુસ થયું છે, તેનાથી ફિલ્મ વધુ કમર્શિયલ થઈ ગઈ છે. રેટ્રો સ્ટાઈલ ફિલ્મનું શૂટિંગ વિદેશોમાં થયું છે. જરૂરી કરકસર સાથે આ ફિલ્મનું પ્રોડક્શ પૂરું થઈ ચૂક્યું છે.ફિલ્મના મેકર્સનું આયોજન એવી રીતનું છે કે, ફિલ્મ પ્રોડક્શનનો બધો ખર્ચ સંપૂર્ણપણે મ્યૂઝિક રાઈટ્સ અને શૂટિંગ સબસિડીમાંથી સરભર થઈ જાય. તેના માટે લોકેશન્સ પણ સબસિડી મળે તેવા સંદ થયા હતા. તેથી હવે થિએટર રિલીઝ અને ડિજીટલ રિલીઝમાંથી તેમજ સેટેલાઈટ રાઈટ્સમાંથી જે આવક થાય તે ફિલ્મના નફામાં જ ગણાશે. આ ફિલ્મની સ્ટોરી ૧૯૮૦ની છે. ફિલ્મની ટેગલાઈન જ ૮૦ના દાયકા પ્રકારની ફિલ્મ જેવી છે. આ ફિલ્મ માટે ફિરોઝ ખાન અને રાજીવ રાયની ફિલ્મોમાંથી પ્રેરણા લેવામાં આવી છે. હિમેશની કમબેક ફિલ્મનું ટ્રેલર ૫ જાન્યુઆરીએ રિલીઝ થયું હતું અને ફિલ્મ ૭ ફેબ્રુઆરીએ રિલીઝ થશે.




### આ પ્રકરણે અભિનેત્રીના મેનેજરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી

# અભિનેત્રી પૂનમ ઢિલ્લોં ફ્લેટમાં કલર કરનારો પેઈન્ટર તિજોરી સાફ કરી ગયો!

મુંબઈ: બોલીવૂડની અભિનેત્રી પૂનમ ઢિલ્લોંના ફ્લૅટમાં કલકામ કરવા આવેલો પેઈન્ટર તિજોરી સાફ કરી ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. આ પ્રકરણે ફરિયાદ નોંધાતાં જ પોલીસે આરોપીની ધરપકડ કરી ચોરેલી મતા હસ્તગત કરી હતી.ખાર પોલીસે સોમવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ સમીર અન્સારી (૩૭) તરીકે થઈ હતી. અન્સારીને ૨૮ ડિસેમ્બરથી પાંચ જાન્યુઆરી દરમિયાન અભિનેત્રીના ખાર પરિસરમાં આવેલા ફ્લૅટમાં કલર કરવાનું કામ સોંપાયું હતું.'નૂરી' ફિલ્મની અભિનેત્રી પૂનમ ઢિલ્લોં મોટા ભાગે તેના જૂહુ સ્થિત નિવાસસ્થાને રહે છે. ખારના ફ્લૅટમાં તેનો પુત્ર ક્યારેક રહેવા જતો હોવાનું કહેવાય છે.ખારના ફ્લૅટમાં કલર કરતી વખતે તક ઝડપી આરોપીએ તિજોરીનું લૉક તોડ્યું હતું. તિજોરીમાંથી એક લાખની કિંમતના ડાયમંડ ઈયરિંગ, ૩૫ હજારની રોકડ અને ૫૦૦ યુએસ ડૉલર્સ ચોરાયા હતા.અભિનેત્રીનો પુત્ર અનમોલ પાંચમી જાન્યુઆરીએ દુબઈથી પાછો ફર્યો ત્યારે ઘટનાની જાણ થઈ હતી. આ પ્રકરણે અભિનેત્રીના મૅનેજર સંદેશ ચૌધરીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. અન્સારીએ તેની સાથે ફ્લૅટમાં પેઈન્ટ કરવા આવેલા સાથીઓને પાર્ટી કરવા નવ હજાર રૂપિયા આપ્યા હતા. તેની પાસેથી પચીસ હજારની રોકડ, ૫૦૦ યુએસ ડૉલર્સ અને ડાયમંડ ઈયરિંગ જપ્ત કરવામાં આવી હતી.

**આ પ્રકરણે ફરિયાદ નોંધાતાં જ પોલીસે આરોપીની ધરપકડ કરી ચોરેલી મતા હસ્તગત કરી હતી**




### શરીરની અને પરિસ્થિતિની સ્વચ્છતા પર ધ્યાન આપવું મહત્વપૂર્ણ

# સ્વસ્થ જીવન જીવવા માટેની ટીપ્સ

**દરરોજ ઓછામાં ઓછો ૧૫-૨૦ મિનિટ તાજી હવામાં વિતાવો અને સૂર્યપ્રકાશનો લાભ લો**



સ્વચ્છતા અને હાઈજીન સ્વચ્છતા જાળવવી સ્વસ્થ જીવનનો આધાર છે. દરરોજના જીવનમાં સાવચેત રહેવું અને શરીરની અને પરિસ્થિતિની સ્વચ્છતા પર ધ્યાન આપવું મહત્વપૂર્ણ છે. હાથ સફાઈ: દરરોજ અનેક વાર હાથ ધોવા, ખાસ કરીને ખોરાક ખાવા પહેલાં, બાથરૂમનો ઉપયોગ કર્યા પછી, અથવા બહારથી ઘરે આવતી વખતે. કપડાં અને ઘરની સ્વચ્છતા: સતત તમારા કપડાં સાફ રાખો અને ઘરની સફાઈ પર ધ્યાન આપો. સફાઈથી જીવાણુઓ અને બેક્ટેરિયાનો પ્રસાર રોકી શકાય છે. પીવા માટેની પાણીની શુદ્ધતા: પાણી પીવાથી પહેલા તેની શુદ્ધતા સુનિશ્ચિત કરો. ચકાસો કે પીવાના પાણીમાં કોઈ પાયજનિક ઘટક ન હોય. આહારમાં સંતુલન સંતુલિત આહાર સ્વસ્થ જીવન માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આહારમાં પ્રોટીન, વિટામિન, ખનિજ અને ફાઈબરની પુરતી માત્રા હોવી જોઈએ. પ્રોટીન: પ્રોટીન શરીર માટે મહત્ત્વપૂર્ણ છે. દાળ, મચ્છી, મિઠું અને છોટું મીટ પ્રોટીનના શ્રેષ્ઠ સ્ત્રોત છે. વિટામિન અને ખનિજ: દરેક દિવસમાં વિવિધ પ્રકારના ફળો અને શાકભાજી ખાવા, જેમ કે સફરજન, કેરી, પપૈયા, કેળા, તાકાત અને એન્ટીઓક્સિડન્ટ્સ માટે. ફાઈબર: હળવાં, મકાઈ, અને અન્ય પર્યાપ્ત ફાઈબર આપતા ખોરાકો આરોગ્ય માટે વધુ ફાયદાકારક છે. ૩. વ્યાયામ અને દૈનિક કસરત દૈનિક વ્યાયામ આરોગ્યને શ્રેષ્ઠ રાખવા માટે ખૂબ જ જરૂરી છે. દૈનિક કસરત: રોજ ૩૦ મિનિટની હલકી કસરત કરો. પગલાં લીધા, સ્ટેપિંગ, યોગ અને પ્રાણાયામ માટે સમય શોધો. કસરત શારીરિક અને માનસિક સક્રિયતા માટે મહત્વપૂર્ણ છે. મોતી ચક્કર: ઘરની આસપાસ મોતી ચક્કર જવું અથવા વધુ પડતી ચાલ કરવા માટે યાત્રા પર જવું. ખૂબ જ સારી ઊંઘ શરીર અને મગજને પુનર્જીવિત કરવા માટે આવશ્યક છે. ૭-૮ કલાકની ઊંઘ: દરરોજ ૭-૮ કલાકની ઊંઘ જરૂર છે. ઊંઘ દરમ્યાન શરીર અને મગજ આરામ કરી શકે છે અને આખી દિનચર્યા માટે તમારું શરીર તૈયાર રહે છે. સામાન્ય ઊંઘની માવજત: નિયમિત રીતે ઊંઘ માટે જવાના સમયને સુનિશ્ચિત કરો અને રાહત માટે મદદરૂપ વાતાવરણ બનાવો. ૫. હેન્દ્ર પ્રાકૃતિક જીવનશૈલી પ્રાકૃતિક અને બિનતાણાવના જીવનશૈલી અપનાવવી મહત્વપૂર્ણ છે. તાણાવથી દૂર રહેવું: જીવનમાં વધુ તણાવ, અતિ ખોરાક અને ગેરસમજથી દૂર રહેવું.

**માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ, જેમ કે દુખી પણું, ચિંતાની સમસ્યા આજે વધુ પ્રમાણમાં જોવા મળે છે**

# માનસિક આરોગ્ય અને સુખી જીવન

### માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ, જેમ કે દુખીપણું, ચિંતાની સમસ્યા અને સ્કિઝોફ્રેનિયા, આજે વધુ પ્રમાણમાં જોવા મળે છે



માનસિક આરોગ્ય એ શરીરના આરોગ્ય માટે એટલું જ મહત્વપૂર્ણ છે જેટલું શરીરનું સ્વાસ્થ્ય. તમારો માનસિક આરોગ્ય સારા સ્થિતિમાં રહેતો હોય ત્યારે જ તમે સંઘર્ષ, તણાવ અને અણસુલઝાયેલા પરિસ્થિતિઓનો યોગ્ય રીતે સામનો કરી શકો છો. માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ, જેમ કે દુખીપણું, ચિંતાની સમસ્યા અને સ્કિઝોફ્રેનિયા, આજે વધુ પ્રમાણમાં જોવા મળે છે. દુખીપણું અને ચિંતાનો સામનો: આ પ્રકારની સમસ્યાઓનુ પ્રારંભ પહેલાં જ નિવારણ કરવું ઝમહત્વપૂર્ણ છે. માનસિક આરોગ્ય અને જીવનની ગુણવત્તા: સ્વસ્થ માનસિક સ્થિતિ પાવતી વ્યક્તિને જીવનમાં સકારાત્મકતા અને ખુશી પ્રાપ્ત થાય છે, જે તમામ જીવન ક્ષેત્રોમાં સફળતા માટે આધારભૂત હોય છે. ચિંતાને નિયંત્રિત કરવું, અતિતીવ્ર ચિંતાના કારણે આપણા મનમાં જટિલતાવાળા વિચારો જનમ લે છે, જે આરોગ્ય માટે હાનિકારક બની શકે છે. યોગ અને ધ્યાન: યોગ અને ધ્યાનની વ્યવસ્થા દ્વારા મનને શાંત કરવામાં મદદ મળે છે. શ્વાસ તાલીમ અને મેડિટેશન પણ ચિંતાને નિયંત્રિત કરવાની અસરકારક પદ્ધતિઓ છે. દૈનિક મેડિટેશન: દરરોજ ૧૦-૧૫ મિનિટ મેડિટેશન કરવાથી મન પર સકારાત્મક અસર પડે છે, અને ચિંતાને કાબૂમાં રાખવામાં સરળતા રહે છે. ૩. માનસિક આરોગ્ય માટેની ઓળખ, ખુદને માનસિક રીતે સુખી અને સંતોષી વ્યક્તિ તરીકે ઓળખવું અને માનસિક આરોગ્યમાં થયેલ ફેરફારોને જાણવું જરૂરી છે. સ્વીકાર અને સહમતિ: જો તમે માનસિક આરોગ્ય માટે મજબૂત થવા માટે મદદ માંગો છો, તો એની લાગણીને સ્વીકારવી. પેનિક અટેક અથવા ઉધરસ જેવા લક્ષણો પર યોગ્ય ધ્યાન આપવું. ખુદના આરોગ્ય પર ધ્યાન આપવું: સ્વસ્થ માનસિક અને શારીરિક આરોગ્ય માટે પોતાનું ધ્યાન રાખવું અને જરૂરી સમયે રાહત મેળવવું. પ્રતિષ્ઠિત સહયોગી અને પરિવારજનોના સકારાત્મક અને સંબંધી સમર્થનએ માનસિક આરોગ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. પરિવાર અને મિત્રોની મદદ: સમયાંતરે મનના ભાવનાઓ અને દુખ માટે લોકો સાથે વાતચીત કરવી, આથી તમે દુ:ખીને સરળતાથી આપણી લાગણીઓને વહન કરી શકો છો. વિશેષજ્ઞ સહાય: માનસિક આરોગ્ય માટેના પેશાવરો, જેમ કે મનોચિકિત્સક અને થેરાપિસ્ટ, તમને ઉપયોગી માર્ગદર્શિકા અને ઉપાય પૂરા પાડે છે. આ લેખમાં દર્શાવેલા તત્વો સાથે, આપણે આપણા માનસિક આરોગ્યને મહત્વ આપવું જોઈએ અને તેનું સંરક્ષણ કરવું જોઈએ. માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ, જેમ કે દુખીપણું, ચિંતાની સમસ્યા અને સ્કિઝોફ્રેનિયા, આજે વધુ પ્રમાણમાં જોવા મળે છે સ્વસ્થ મન અને શરીર સાથે જીવનમાં ખુશી અને સંતોષ મેળવવા માટે યોગ્ય પ્રયત્નો મહત્વપૂર્ણ છે.

# શહેરી વિસ્તારો અને સ્માર્ટ સિટી પહેલ



**"સ્માર્ટ સિટી" પહેલ ગુજરાતમાં શહેરી વિકાસના એક નવીન દ્રષ્ટિકોણને પ્રવર્તિત કરે છે, આ પહેલના માધ્યમથી, રાજ્યના શહેરો વધુ પર્યાવરણીય અને આર્થિક રીતે ટકાઉ બની રહ્યા છે**

ગુજરાત રાજ્યમાં શહેરોના વિકાસ માટે "સ્માર્ટ સિટી" પહેલ એ મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી બદલાવ લાવતી પહેલ બની છે. આ પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ એ છે કે ભારતના મુખ્ય શહેરોને આધુનિક, સુવિધાવાળી અને પર્યાવરણીય રીતે ટકાઉ બનાવવો. સ્માર્ટ સિટી પહેલ, ગુજરાતના અનેક શહેરોમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ સફળતાપૂર્વક અમલમાં લાવવામાં આવ્યા છે. આમાં અમદાવાદ, સુરત અને વડોદરા જેવા શહેરોનો સમાવેશ થાય છે. ટેકનોલોજી આધારિત મ્યુનિસિપલ સેવાઓ: સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં ઈલેક્ટ્રોનિક મ્યુનિસિપલ સેવાઓનો ઉપયોગ પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યો છે. આમાં, નગરની સફાઈ, પાણી પુરવઠો, ગટરો અને ગાડીના મલિનક્ષેત્રની દેખરેખ માટે મૉડર્ન મશીનો અને સેન્સર્સનો ઉપયોગ થાય છે. એડવાન્સેડ મ્યુનિસિપલ મૅનેજમેન્ટ: અમુક શહેરોમાં આધુનિક મ્યુનિસિપલ મૅનેજમેન્ટ સોફ્ટવેરોનું પણ અમલ કરવામાં આવી રહ્યો છે, જે સ્થાનિક સેવાઓની વ્યવસ્થિતતા અને પારદર્શિતાને સુધારે છે. નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, "સ્માર્ટ સિટી" પહેલ હેઠળ શહેરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નવીનતમ અને આધુનિક મૌલિક મૉડલ તૈયાર કરવામાં આવી રહ્યો છે. વિશ્વકક્ષાનું માર્ગ નેટવર્ક: શહેરોના રોડ નેટવર્કમાં સુધારો કરવામાં આવી રહ્યો છે, જેમાં મેટ્રો, રોડવિંગ અને વીસીબી માર્ગ નેટવર્કના વિકાસથી વાહનવ્યવહારની સગવડતા વધારે છે. વિશાળ પાર્કિંગ સ્પેસ: શહેરી વિસ્તારમાં વધુ અને મોટા પાર્કિંગ મકાન તૈયાર કરવામાં આવી રહ્યા છે, જેથી શહેરોમાં ટ્રાફિક જામી રહી છે તે દૂર થાય. મેટ્રો રેલ પ્રોજેક્ટ ગુજરાતના મેટ્રો રેલ પ્રોજેક્ટ અમદાવાદ, સુરત અને વડોદરા જેવા શહેરોમાં જાહેર પરિવહન માટે એક ક્રાંતિકારી પહેલ બની રહી છે. સમયસર અને સસ્તું પરિવહન: મેટ્રો રેલ પ્રોજેક્ટના દ્વારા શહેરોમાં સરળ, ઝડપી અને આર્થિકવળે પરિવહન સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ સાથે શહેરમાં ટ્રાફિકમાં ઘટાડો થશે અને ઈંધણ બચાવાશે. પ્રદૂષણના ઘટાડો: મેટ્રો રેલ જેવા પ્રોજેક્ટ વધુ પર્યાવરણીય મૈત્રીપૂર્ણ છે અને તે ધૂમ્રપાન અને ધ્વનિ પ્રદૂષણ પર નિયંત્રણ રાખે છે. ૪. સુસંગત અને ટકાઉ ટાઉન ડેવલપમેન્ટ, "સ્માર્ટ સિટી" પહેલથી શહેરોમાં સુસંગત અને ટકાઉ વિકાસ માટેના નવીન માર્ગોથી આગળ વધવામાં આવી રહ્યું છે. આધુનિક અને પર્યાવરણીય ઢાંચો: શહેરોમાં ઈકોલોજી ફ્રેન્ડલી અને એનર્જી ઈફિશિયન્ટ બિલ્ડિંગ્સનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. આટલું જ નહીં, નવી ટેકનોલોજી દ્વારા પાણી, વીજળી અને ખનિજ સંસાધનોનો અસરકારક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વિશ્વસનીય આરોગ્ય અને શિક્ષણ સુવિધાઓ: સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રમાં પણ નવી સુવિધાઓ અને સેવાઓ દાખલ કરવામાં આવી રહી છે.

# આધુનિક શિક્ષણ પદ્ધતિઓ



વિશ્વના શિક્ષણ વ્યવસ્થાઓમાં સતત ફેરફાર થઈ રહ્યો છે. આજકાલ, શિક્ષણ પદ્ધતિઓ વધુ ક્રિયાત્મક અને ટેકનોલોજી આધારિત બની રહી છે, જે વિદ્યાર્થીઓને વિવિધ શીખવાના માધ્યમો અને પ્રકૃતિઓમાં પ્રગતિ કરવાની તક આપે છે. એફર્ટિંગ ક્લાસરૂમ એફર્ટિંગ ક્લાસરૂમ એ આધુનિક શિક્ષણ પદ્ધતિ છે, જેમાં શિક્ષણ માત્ર શિક્ષકની એકમાત્ર પસંદગીથી ન થઈને, વિદ્યાર્થીઓની સક્રિય અને સજાગ સંલગ્નતા પર આધારિત હોય છે. વિદ્યાર્થીઓની પસંદગી: આ પદ્ધતિમાં, શિક્ષક દ્વારા જ સમજાવાની બદલે, વિદ્યાર્થીઓના સ્વતંત્ર વિચાર અને પસંદગીઓ પર આધાર રાખીને શીખવાની રીત અપનાવાય છે. ક્રિયાત્મક શિક્ષણ: કૌશલ્યના વિકાસ માટે, આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ પરિસ્થિતિ, ચર્ચાઓ અને સમસ્યાઓ સાથે સક્રિય રીતે સંલગ્ન થાય છે. ટેકનોલોજી આધારિત શિક્ષણ NEP ૨૦૨૦ ના દ્રષ્ટિકોણથી, ટેકનોલોજી શિક્ષણમાં વધુ પ્રગતિશીલ અને સક્રિય પદ્ધતિઓનું સંકલન કરવામાં આવી રહ્યું છે. ટેકનોલોજીનું ઉપયોગ: દશ્ય અને સાંદર્ભિક શિક્ષણ મિશ્રણને પ્રોત્સાહિત કરવામાં આવે છે, જેમાં ઓનલાઈન શીખવાની પદ્ધતિઓ, શિક્ષણ એપ્સ, ઈ-લર્નિંગ પ્લેટફોર્મ્સ વગેરેનો સમાવેશ થાય છે. ઈન્ટરએક્ટિવ શીખવણ: વેબિનાર, ડિજિટલ લર્નિંગ મશીન્સ અને ગેમ આધારિત શિક્ષણ એ વિદ્યાર્થીઓ માટે શીખવાની પ્રક્રિયાને વધુ રસપ્રદ અને ઈન્ટરએક્ટિવ બનાવે છે. ટેકનોલોજીનું ઉપયોગ: દશ્ય અને સાંદર્ભિક શિક્ષણ મિશ્રણને પ્રોત્સાહિત કરવામાં આવે છે, જેમાં ઓનલાઈન શીખવાની પદ્ધતિઓ, શિક્ષણ એપ્સ, ઈ-લર્નિંગ પ્લેટફોર્મ્સ વગેરેનો સમાવેશ થાય છે. આધુનિક શિક્ષણ પદ્ધતિઓ શિક્ષણના દરખાસ્તને વધુ સક્રિય, ઈન્ટરેક્ટિવ અને ટેકનોલોજી આધારિત બનાવે છે.

# પ્રતિરક્ષણ આરોગ્યની મહત્વતા, ખાસ કરીને ઋતુ પરિવર્તન સમયે

### સાવચેતી અને આરોગ્ય સંબંધિત કાળજી લેતા, આપણી બધી શારીરિક સમસ્યાઓ અને સંક્રમણોથી બચી શકીએ છે

ઋતુ પરિવર્તનનાં અસ્થિર તાપમાનથી લડાઈ ઋતુ પરિવર્તન સમયે તાપમાનમાં તફાવત આપણું શરીર અસહજ રીતે પ્રતિક્રિયા આપે છે. સામાન્ય રીતે, આ સમય દરમિયાન દરેક પ્રકારના આરોગ્ય સમસ્યાઓ જેવી કે ઉધરસ, ખાંસી, તાવ, અથવા અન્ય વાયરસના સંક્રમણનો વ્યાપ વધે છે. ઋતુ પરિવર્તનના સ્વાસ્થ્ય પર અસર: ઋતુ બદલાવાંથી શરીરમાં ગરમી અને ઠંડક વચ્ચેના ફેરફારના કારણે કેશીકાઓ પરનો દબાણ વધી શકે છે, જેના પરિણામે ચિંતાનો અને શારીરિક તણાવનો અનુભવ થાય છે. સંક્રમણોના વિસ્તાર: સીઝનલ ચેન્જમાં વાયરસ અને બેક્ટેરિયા વધુ ફેલાય છે. આ સમયે ઈન્ફેક્શનનો અવકાશ વધારે હોય છે, જેમાં મચ્છર અને આઉટડોર પ્રવૃત્તિઓથી નવો સંક્રમણ થાય છે. ઈમ્યૂનિટી વધારવી અથિ તાપમાન અથવા ઠંડકથી ભયજનક બીમારીઓ સામે પ્રતિકાર કરવાની સૌથી શ્રેષ્ઠ રીત એ છે કે તમારું ઈમ્યૂન સિસટમ મજબૂત હોય. તાજા ફળો અને શાકભાજી: વિટામિન C, વિટામિન ઢ અને એન્ટીઓક્સિડન્ટ્સથી ભરપૂર ખોરાક ખાવાથી શરીરની ઈમ્યૂનીટી બૂસ્ટ થાય છે. પોપટ, સંટરો, કેરી, ટામેટાં, અને લીલા પત્તાવાળી શાકભાજી આથી ભરી પાડી છે. યોગ્ય ઊંઘ: યથાવત અને યોગ્ય ઊંઘ શરીરની રીપેરિંગ અને મજબૂતી માટે જરૂરી છે. આરામથી ખૂબ સારી ઊંઘ મસ્તિષ્ક અને શરીર બંનેને ફરીથી તાજા કરે છે, અને તમારી રોગપ્રતિકારક શક્તિ વધારે છે. કેટલાક મહત્ત્વપૂર્ણ દવાઓ, વર્ષના આ સમય દરમિયાન કેટલીક દવાઓ અને રસીકરણ ખૂબ જરૂરી છે, જે આપણી શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. ફલૂ અને રસીકરણ: આ સમય દરમિયાન ફલૂનું પ્રમાણ વધે છે, જેથી આ માટેનું પ્રિવેંટીવ રસીકરણ કરાવવું ખૂબ મહત્વપૂર્ણ છે. મલેરિયા અને ડેંગ્યુ રક્ષણ: આ ઋતુમાં મચ્છરોના કારણે મલેરિયા અને ડેંગ્યુ જેવા મચ્છરજન્ય બીમારીઓ વધી શકે છે. મચ્છરદાણાં અને મચ્છરનો દમન કરવા માટે યોગ્ય મોટેકાની ઉપયોગીતા હોય છે. હાઈજિન અને સલામતી આવતી ઋતુ પરિવર્તન સાથે તમારું સ્વચ્છતા અને હાઈજિન પર ધ્યાન આપવું વધુ મહત્વપૂર્ણ બની જાય છે. મચ્છરદાણાંનો ઉપયોગ: મચ્છરો માટે રાહત પામવા માટે મચ્છરદાણાંનો ઉપયોગ અને મચ્છરદાવમાં ડ્રિનિંગ પાણી ન રાખવું. ઘરની સ્વચ્છતા: દરરોજ ઘરની સફાઈ પર ધ્યાન આપવું, કચરો દૂર કરવો અને પોકળ મચ્છરો અથવા પાતાળના પાણીના સંભાળ રાખવો.

# વિશ્વકક્ષાના અભ્યાસક્રમો-સ્કૂલો

### વિશ્વકક્ષાના અભ્યાસક્રમો અને સ્કૂલો ભારતના શિક્ષણ પરિપ્રેક્ષ્યમાં એક નવી ઊંચાઇ છે

આજના સમયમાં, ભારતીય શિક્ષણ વ્યવસ્થા વૈશ્વિક ધોરણોને અનુરૂપ મજબૂત બનતી જઈ રહી છે. વૈશ્વિક સ્તરે સ્પર્ધા માટે તૈયાર થવા માટે, ભારતીય શાળાઓ અને અભ્યાસક્રમો વધુ પ્રગતિશીલ બની રહ્યા છે. ગ્લોબલ પર્સ્પેક્ટિવ ભારતના મોટા શહેરોમાં હવે વૈશ્વિક ધોરણોના અભ્યાસક્રમો અને સ્કૂલો ઉપલબ્ધ છે. વિશ્વ વ્યાપી અભ્યાસક્રમ: આ અભ્યાસક્રમો વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા માટે તૈયાર કરે છે. તેમાં ઉચ્ચ માનક શિક્ષણ અને આધુનિક શિક્ષણ પદ્ધતિઓનો સમાવેશ થાય છે. વિશ્વસનીય પરફોર્મન્સ: ભારતીય વિદ્યાર્થીઓ હવે વૈશ્વિક પરીક્ષાઓ અને સ્પર્ધાઓમાં સફળતા મેળવવાના વધુ સાનુકૂળ મૌકો મેળવે છે. વિશ્વવ્યાપી શૈક્ષણિક સુવિધાઓ ભારતના ઘણા પ્રખ્યાત સ્કૂલો અને શૈક્ષણિક સંસ્થાઓ હવે વૈશ્વિક ધોરણોને અનુરૂપ સુવિધાઓ અને પદ્ધતિઓ અપનાવી રહી છે. આધુનિક અભ્યાસક્રમ અને સુવિધાઓ: વૈશ્વિક સ્તર પર તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમ, ટેકનોલોજી આધારિત શિક્ષણ, અને સ્પેશિયલ ટ્યૂટોરીયલ્સ. વિશ્વસનીય શૈક્ષણિક માળખો: વિદેશી વિદ્યાર્થીઓને પણ આ સ્કૂલો અને શૈક્ષણિક સુવિધાઓમાં પ્રવેશ માટે યોગ્ય મંચ પૂરો પાડવામાં આવે છે. વિશ્વકક્ષાના અભ્યાસક્રમો અને સ્કૂલો ભારતીય શિક્ષણને વૈશ્વિક સ્તરે ઉત્તમ બનાવવામાં યોગદાન આપે છે, જે વિદ્યાર્થીઓને વૈશ્વિક મંચ પર આગળ વધવા માટે મદદરૂપ થાય છે. ગુજરાત સહિત ભારતમાં શિક્ષણ ક્ષેત્રે વિશાળ પરિવર્તન જોવા મળી રહ્યું છે. વિશ્વકક્ષાના અભ્યાસક્રમો અને શાળાઓ હવે ભારતીય શિક્ષણ વ્યવસ્થાનું મહત્વપૂર્ણ હિસ્સો બની ગઈ છે. આ પ્રકારની સ્કૂલો વિદ્યાર્થીઓને વૈશ્વિક ધોરણો પર શિક્ષણ પ્રદાન કરે છે, જેથી તેઓ વૈશ્વિક દૃષ્ટિએ સ્પર્ધાત્મક અને સક્ષમ બની શકે. વૈશ્વિક ધોરણોના અભ્યાસક્રમો વિશ્વકક્ષાના અભ્યાસક્રમો હવે ભારતની ઘણી શ્રેષ્ઠ શાળાઓમાં અમલમાં છે. આ અભ્યાસક્રમો વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે તાલીમ આપતા હોય છે અને તેમને ઉચ્ચ અભ્યાસ માટે તૈયાર કરે છે. અભ્યાસક્રમ વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠ માન્યતા ધરાવે છે. આ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને સખારાહ્ત્મક અને વિચારશીલ બનાવે છે, અને તેને વૈશ્વિક દૃષ્ટિએ આંતરરાષ્ટ્રીય પરીક્ષાઓ માટે તૈયાર કરે છે. શાળાઓમાં વ્યાખ્યાયિત અભ્યાસક્રમોનું અમલ કરવામાં આવે છે. આ અભ્યાસક્રમ વિજ્ઞાન, ગણિત, ભાષાઓ અને માનવીયતા સહિત વિવિધ વિષયોનો સમાવેશ કરે છે અને વિદ્યાર્થીઓને વૈશ્વિક દૃષ્ટિએ તૈયારી માટે સક્ષમ બનાવે છે. વૈશ્વિક સ્તરે મશહૂર અભ્યાસક્રમ છે, જે પ્રાથમિકથી મૌલિક ક્ષેત્રો સુધીના વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ અભ્યાસક્રમ આધુનિક અને વૈશ્વિક શિક્ષણ પદ્ધતિઓને અનુરૂપ છે. આજે ભારતમાં અનેક સ્કૂલો વૈશ્વિક ધોરણોને અનુરૂપ તાલીમ આપ તી છે. આ સ્કૂલો ધરો, શૈક્ષણિક માળખાં, શિક્ષણ પદ્ધતિ અને અભ્યાસક્રમોમાં શ્રેષ્ઠતા ધરાવે છે. વિશ્વસનીય ફેકલ્ટી: વૈશ્વિક ધોરણની સ્કૂલો માન્ય અને અનુભવી ફેકલ્ટી ધરાવે છે, જે વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા માટે તૈયાર કરે છે. આ શિક્ષકોમાં વૈશ્વિક સ્તરે અનુભવી અને પ્રમાણિત વ્યાખ્યાતાઓનો સમાવેશ થાય છે.

BCCIએ આની સત્તાવાર જાહેરાત કરી છે

# અનુભવી ફાસ્ટ બોલર ટીમ ઈન્ડિયામાં શમીની વાપસી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની T20 સિરીઝ માટે ભારતીય ટીમની પસંદગી કરવામાં આવી છે. BCCIએ આની સત્તાવાર જાહેરાત કરી છે. ભારતીય ટીમ ૨૨ જાન્યુઆરીથી ઈંગ્લેન્ડ સામે T20 સિરીઝ રમશે. આ પછી વનડે સિરીઝનું આયોજન કરવામાં આવશે. ત્યારબાદ ટીમ ઈન્ડિયા ચેમ્પિયન્સ ટ્રોફીમાં પ્રવેશ કરશે. વનડે સિરીઝ અને ચેમ્પિયન્સ ટ્રોફી માટે હજુ સુધી ટીમની પસંદગી કરવામાં આવી નથી.

અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ ૧૩ મહિના બાદ ટીમ ઈન્ડિયામાં વાપસી કરી છે. તે ઈજાને કારણે નવેમ્બર ૨૦૨૩માં ODI વર્લ્ડ કપની ફાઈનલમાં રમ્યા બાદથી બહાર હતો. તેણે ભારત માટે 23 T20 મેચમાં ૨૪ વિકેટ લીધી છે.

શમી પગની ઘૂંટીની ઈજાને કારણે લાંબા સમયથી ટીમની બહાર રહ્યો છે. તેમણે સર્જરી કરાવી અને પછી ઘરેલુ ક્રિકેટમાં વાપસી કરી. ૩૪ વર્ષીય શમીએ રણજી ટ્રોફીમાં ક્રિકેટમાં વાપસી કરી અને T20 સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં પણ રમ્યો હતો. જો કે, ઘૂંટણમાં સોજાના કારણે તે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ટીમનો ભાગ બની શક્યો ન હતો. શમી નવેમ્બર ૨૦૨૨ પછી T20માં રમશે. T20 વર્લ્ડ કપ ૨૦૨૨ પછી તે ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટમાં ટીમ ઈન્ડિયા માટે રમી શક્યો નથી.

T-20 સિરીઝ માટે વિસ્ફોટક વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતની પસંદગી કરવામાં આવી નથી. ધ્રુવ જુરેલને તેમના વધારે પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તે સંજુ સેમસન પછી ટીમનો બીજો વિકેટકીપર હશે. જિતેશ શર્માની જગ્યાએ જુરેલની પસંદગી કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં કમાલ દેખાડનાર નીતિશ કુમાર રેડ્ડી ફરી T20 ટીમમાં વાપસી કરી છે. રમનદીપ સિંહની જગ્યાએ તેની પસંદગી કરવામાં આવી હતી. અન્ય ઓલરાઉન્ડર શિવમ દુબેને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો છે. અભિષેક શર્માની જગ્યા ટીમમાં બચી ગઈ હતી. T20 ઈન્ટરનેશનલમાં સારી શરૂઆત બાદ સતત સંઘર્ષ કરી રહેલા અભિષેક પર બહાર થવાનો ખતરો હતો. પોતાની બીજી મેચમાં સદી ફટકારનાર અભિષેક સતત સાત ઈનિંગ્સમાં ૫૦ રન સુધી પહોંચી શક્યો નહોતો. તેમણે દક્ષિણ આફ્રિકામાં તેની છેલ્લી બે ઈનિંગ્સમાં ૫૦ અને ૩૬ રન બનાવ્યા હતા.

BCCIએ કરી નવા સચિવની જાહેરાત

# દેવજીત સૈકિયા જય શાહના સ્થાને નવા સચિવ બન્યા

## નવા ખજાનચી તરીકે પ્રભતેજસિંહ ભાટિયાની નિમણૂક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

દેવજીત સૈકિયા BCCIના નવા સચિવ તરીકે ચૂંટાયા છે, તેઓ જય શાહનું સ્થાન લેશે. બીસીસીઆઈ દ્વારા બોલાવવામાં આવેલી વિશેષ સામાન્ય બેઠક દરમિયાન સચિવ તરીકે સૈકિયાની નિમણૂકની પુષ્ટિ કરવામાં આવી છે. તેમના સિવાય નવા ખજાનચી તરીકે પ્રભતેજસિંહ ભાટિયાની નિમણૂક કરવામાં આવી છે. સૈકિયા અને પ્રભતેજને અનુક્રમે સેક્રેટરી અને ટ્રેઝરર પદ માટે બિનહરીફ નામાંકિત કરવામાં આવ્યા હતા. નોમિનેશન બાદ બંનેની નિમણૂક નિશ્ચિત હતી, જે ખાસ સામાન્ય સભા દરમિયાન કન્ફર્મ કરવામાં આવી હતી. જય શાહે ૧ ડિસેમ્બરે ICCના નવા અધ્યક્ષનું પદ સંભાળ્યા બાદ BCCI સેક્રેટરીનું પદ છોડી દીધું હતું. આવી સ્થિતિમાં બીસીસીઆઈના પ્રમુખ રોજર બિન્નીએ બંધારણમાં પોતાના અધિકારોનો ઉપયોગ કરીને દેવજીત સૈકિયાને વચગાળાના સચિવનું પદ આપ્યું હતું. તમને જણાવી દઈએ કે બીસીસીઆઈમાં કોઈપણ પદ ખાલી થયાના ૪૫ દિવસની અંદર નવી નિમણૂક કરવી ફરજિયાત છે. દેવજીત સૈકિયા હવે જય શાહના સ્થાને નવા સચિવ બન્યા છે, તો બીજી તરફ આશિષ શેલારની જગ્યાએ પ્રભતેજસિંહ ભાટિયા આવ્યા છે. મહારાષ્ટ્ર સરકારમાં કેબિનેટ મંત્રી પદ મળ્યા



બાદ આશિષે ટ્રેઝરરનું પદ છોડી દીધું હતું. કોઈપણ રીતે, તેમણે ખજાનચી તરીકે તેમની બે ટર્મ પૂરી કરી હતી. નવા સેક્રેટરી દેવજીત સૈકિયાનું પહેલું કામ એ હતું કે તેમણે BCCI પ્રમુખ રોજર બિન્ની સાથે ટીમ ઈન્ડિયાની સમીક્ષા બેઠકમાં ભાગ લીધો હતો. ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ, કેપ્ટન રોહિત શર્મા અને મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે પણ આ સમીક્ષા બેઠકમાં ભાગ લીધો હતો. કેટલાક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠક લગભગ ૨ કલાક સુધી ચાલી હતી.

ભારતીય ટીમ ઇંગ્લેન્ડ પાંચ મેચની T20 શ્રેણી રમશે

# ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા પાસે એક મોટો રેકોર્ડ બનાવવાની તક




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતીય ટીમ આ મહિને ઈંગ્લેન્ડ સામે ઘરઆંગણે પાંચ મેચની T20 શ્રેણી રમશે, જે ૨૨ જાન્યુઆરીથી શરૂ થશે. આ શ્રેણી માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. આ ટીમમાં લગભગ તમામ મુખ્ય ખેલાડીઓને સ્થાન મળ્યું છે. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ પહેલા, પસંદગીકારો આ શ્રેણીમાં કેટલાક મોટા ખેલાડીઓ પર નજર રાખશે, જેમાંથી એક સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાનું નામ છે. ગયા વર્ષે તેણે મર્યાદિત ઓવરના ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કર્યું.

પંડ્યા ઈંગ્લેન્ડ સામેની ટી૨૦ શ્રેણીમાં મોટો રેકોર્ડ બનાવી શકે છે. જો તે ઈંગ્લિશ ટીમ સામે ત્રણ વિકેટ લેવામાં સફળ થાય છે, તો તે ઈતિહાસ રચશે. જો હાર્દિક ત્રણ વિકેટ લે તો તે સ્ટાર સ્પિનર યુઝવેન્દ્ર ચહલને પાછળ છોડી દેશે, જેમણે ઈંગ્લેન્ડ સામે ભારત માટે સૌથી વધુ વિકેટ લીધી છે. ચહલે ઈંગ્લેન્ડ સામે ૧૧ ટી૩૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૨૧.૧૨ ની સરેરાશથી ૧૬ વિકેટ લીધી છે, જ્યારે હાર્દિકે અત્યાર સુધીમાં ઈંગ્લેન્ડ સામે ૧૪ વિકેટ લેવામાં સફળતા મેળવી છે.

ઈંગ્લેન્ડ સામેની આ શ્રેણી માટે, BCCI એ હાર્દિકના સ્થાને સ્પિનર અક્ષર પટેલને ટીમના નવા ઉપ-કેપ્ટન તરીકે નિયુક્ત કર્યો. ટીમે તેની ઉપલબ્ધતા અને ઈજાને કારણે આ નિર્ણય લીધો. તમને જણાવી દઈએ કે હાર્દિક જૂન ૨૦૨૪ માં રોહિત શર્માના નિવૃત્તિ પહેલા અને પછી ભારતનો કેપ્ટન રહી ચૂક્યો છે, તેને ભારતની T20 ટીમનું નેતૃત્વ કરવા માટે એક મજબૂત દાવેદાર માનવામાં આવતો હતો. તેમની પાસેથી કેપ્ટનશીપ તો છીનવી લેવામાં આવી જ, સાથે જ ઉપ-કેપ્ટનશીપ પણ છીનવી લેવામાં આવી. તેમના સ્થાને, શુભમન ગિલને જુલાઈ ૨૦૨૪ માં શ્રીલંકા સામેની ત્રણ મેચની શ્રેણી માટે ભારતના ઉપ-કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો.

હાર્દિકે અત્યાર સુધીમાં ૧૦૯ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૨૭.૮૭ ની સરેરાશથી ૧૭૦૦ રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન, તેના બેટમાંથી ચાર અર્ધશતક આવ્યા છે. બોલિંગની વાત કરીએ તો, હાર્દિકે અત્યાર સુધીમાં ૨૬.૬૩ ની સરેરાશથી ૮૯ વિકેટ લીધી છે. આ સમયગાળા દરમિયાન તેમનો ઈકોનોમી રેટ ૮.૧૮ રહ્યો છે.

# દિનેશ કાર્તિકે કહ્યું તમારે ગૌતમ ગંભીરને થોડી છૂટ આપવી પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ શ્રેણી ૧-૩થી હાર્યા બાદ ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીર ગંભીર સવાલોના ઘેરામાં છે. ગૌતમ ગંભીરે શરૂઆતથી જ કોચ તરીકે ખરાબ પ્રદર્શન કર્યું છે. તમને જણાવી દઈએ કે ગૌતમ ગંભીરના કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયા શ્રીલંકામાં વનડે શ્રેણી ૦-૨થી હારી ગઈ હતી અને ત્યારબાદ તેને ન્યૂઝીલેન્ડ સામેની હોમ ટેસ્ટ શ્રેણીમાં ૦-૩થી શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. ઓસ્ટ્રેલિયા સામે તાજેતરમાં રમાયેલી બોર્ડર-ગાવસ્કર ટેસ્ટ શ્રેણીમાં પણ ભારત ૧-૩થી હારી ગયું હતું. ટેસ્ટ ક્રિકેટમાં ગૌતમ ગંભીરની આગેવાની હેઠળ ભારતે બાંગ્લાદેશ સામે ૨-૦થી સખત સંઘર્ષ કરીને શ્રેણી જીતી હતી,



પરંતુ ન્યૂઝીલેન્ડ સામે ૦-૩થી હાર અને બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં ઓસ્ટ્રેલિયા સામે ૧-૩થી હાર સાથે સ્થિતિ વધુ બગડી ગઈ. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર દિનેશ કાર્તિકે ક્રિકબઝ સાથે વાત કરતા જણાવ્યું છે કે, 'બાંગ્લાદેશ શ્રેણી સફળ રહી અને મને લાગે છે કે તે પછી ટેસ્ટમાં તેમના માટે બધું ખોટું થયું.' દિનેશ કાર્તિકે ગૌતમ ગંભીરને પડી રહેલી મુશ્કેલીઓનો સ્વીકાર કર્યો. કાર્તિકે કહ્યું, 'તમારે ગૌતમ ગંભીરને થોડી છૂટ આપવી પડશે. રાહુલ દ્રવિડના સફળ કાર્યકાળ બાદ તે ખૂબ જ મુશ્કેલ સમયઆવી ગયો છે. તેમના સ્થાન પર આવવું ક્યારેય સરળ નથી. ઓસ્ટ્રેલિયા સિરીઝ બાદ સિનિયર ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલીના ભવિષ્યને લઈને ગૌતમ ગંભીરના નિવેદને પણ લોકોમાં રસ જગાવ્યો હતો. દિનેશ કાર્તિકે કહ્યું, તે (ગંભીર) ઈચ્છે છે કે તેઓ (રોહિત અને કોહલી) નક્કી કરે કે તેમને જે યોગ્ય લાગે છે. જ્યાં સુધી વન-ડેની વાત છે, તો તેમણે વધારે રમ્યું નથી, પરંતુ એ પણ યાદ રાખો કે તે શ્રીલંકા સામેની શ્રેણી ગુમાવી દીધી હતી.

# ભાજપ નેતા મોહન સિંહ બિષ્ટે પક્ષ સામે બળવાનું રણશિંગુ ફૂંક્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ભાજપે શનિવારે (૧૧મી જાન્યુઆરી) ૨૯ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી. આ યાદી જાહેર થયા પછી, ભાજપ નેતા મોહન સિંહ બિષ્ટએ બળવો કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, જો ભાજપ એવું વિચારે છે કે તે કોઈ અજાણ્યા વ્યક્તિને મેદાનમાં ઉતારીને જીતી જશે, તો તે ભૂલ છે.

દિલ્હીની કરાવલ નગર બેઠક પરથી પાંચ વખત ધારાસભ્ય રહી ચૂકેલા ભાજપ નેતા મોહન સિંહ બિષ્ટે પક્ષ સામે બળવાનું રણશિંગુ ફૂંક્યું છે. આ વખતે પાર્ટીએ તેમની ટિકિટ કાપીને આમ આદમી પાર્ટીના પૂર્વ નેતા અને દિલ્હી સરકારમાં પૂર્વ મંત્રી કપિલ મિશ્રાને આ બેઠક પરથી મેદાનમાં ઉતાર્યા છે. નોંધનીય છે કે, મોહન બિષ્ટ ૧૯૯૮, ૨૦૦૩, ૨૦૦૮, ૨૦૧૩ અને ૨૦૨૦માં કરાવલ નગરથી જીત્યા છે. વર્ષ ૨૦૧૫માં AAP લહેરમાં તે કપિલ મિશ્રા સામે હારી ગયા હતા.

ટિકિટ કપાયા બાદ મોહન સિંહ બિષ્ટે જણાવ્યું હતું કે, 'ચોક્કસપણે ભાજપને લાગે છે કે આ તેમની બેઠક છે. જો કોઈને પણ ભાજપ તરફથી ચૂંટણી લડાવશે તો તે જીતી જશે, આ એક મોટી ભૂલ છે. આગામી દિવસોમાં પાર્ટીને ખબર પડશે કે ગ્રાઉન્ડ લેવલના કાર્યકરોનું અસ્તિત્વ શું છે. ફક્ત આ બેઠક પર જ નહીં, પછી ભલે તે બુરાડી હોય, ઘોંડા હોય, સીલમપુર હોય, ગોકલપુરી હોય કે નંદનગરી હોય. આ બેઠકો પર ભાજપનું શું થશે, તે તો સમય જ કહેશે.'

કોંગ્રેસમાં જોડાવવા અંગે ઈનકાર કરતા મોહન સિંહ બિષ્ટ જણાવ્યું હતું કે, જો પાર્ટી મને બીજી જગ્યાએથી ચૂંટણી લડવાનું કહેશે, તો હું કોઈ બેઠક પરથી ચૂંટણી નહીં લડીશ. હું ફક્ત કરાવલ નગર બેઠક પરથી જ ચૂંટણી લડશ. હું ૧૫મી અથવા ૧૬મી જાન્યુઆરી પોતાનું ઉમેદવારીપત્ર ભરશે.

# દિલજીત દોસાંઝ પછી હવે હની સિંહની મિલિયોનેર ટૂર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ફેમસ રેપર અને સિંગર હની સિંહ આ દિવસોમાં ચર્ચામાં છે. તેનો મ્યુઝિક આલ્બમ વર્ષ ૨૦૨૪માં રિલીઝ થયો હતો, જેને લોકોનો ખુબ જ પ્રેમ મળ્યો. આ પછી, તાજેતરમાં જ તેની ડોક્યુમેન્ટરી 'હની સિંહ: ફેમસ' નેટફ્લિક્સ પર રિલીઝ થઈ. આમાં સિંગરે પોતાની બીમારી અને અફવાઓ વિશે ખુલ્લેઆમ વાત કરી. જીવનના ખરાબ તબક્કામાંથી પસાર થયા પછી, હની સિંહ હવે ફરીથી લોકોને દીવાના બનાવી રહ્યો છે. હા, કારણ કે તેણે ફેન્સ માટે 'મિલિયોનેર ટૂર'ની જાહેરાત કરી છે. હની સિંહે ૧૧ જાન્યુઆરીના રોજ તેના પ્રવાસની જાહેરાત કરી હતી અને લાઈવ થતાંની સાથે જ ટિકિટ માત્ર ૧૦ મિનિટમાં વેચાઈ ગઈ હતી. આ ટૂર મુંબઈથી શરૂ થશે અને કોલકાતામાં પૂરો થશે. ટૂર વિશે વાત કરીએ તો, પહેલો શો ૨૨ ફેબ્રુઆરીએ મુંબઈમાં યોજાશે અને તે પછી તે લખનૌ, દિલ્હી, પુણે, ઈન્દોર, અમદાવાદ, બેંગલુરુ, ચંદીગઢ, જયપુર અને કોલકાતામાં યોજાશે. શોની ટિકિટો થોડા જ સમયમાં વેચાઈ ગઈ હતી અને હવે દરેક લોકો હનીના શોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફેન્સની માંગને કારણે ટિકિટના ભાવમાં વધારો થયો છે. સ્ટાર્ટિંગ કિંમત ૧,૪૯૯ હતી, જે વધીને ૨,૫૦૦ થઈ. તે જ સમયે, પ્રીમિયમ ટિકિટો ૬,૫૦૦ થી વધારીને ૮,૫૦૦ કરવામાં આવી છે. હની સિંહનું કમબેક સોશિયલ મીડિયા પર ટૂરની જાહેરાત કરતી વખતે, હની સિંહે તેના ફેન્સને એક ઈમોશનલ સંદેશ આપ્યો - 'શાંત રહેવું એ કોઈ અવાજનો અંત નથી, તે તેની શરૂઆત છે. હવે તમે મને દરેક જગ્યાએ સાંભળશો. હર હર મહાદેવ.' હની સિંહના આ જોરદાર કમબેક અને ટૂરને લઈને ફેન્સમાં ખુબ જ એક્સાઈટમેન્ટ જોવા મળી રહી છે. આ પ્રવાસ તેની કરિયર અને તેના ફેન્સ સાથે રહેવાની નવી શરૂઆત છે. હની સિંહના મિલિયોનેર ઈન્ડિયા ટૂરના સમયની વાત કરીએ તો દરેક શોનો સમય સાંજે ૬ વાગ્યાનો છે.

# આપણા દેશમાં, આપણે ખૂબ જ ઝડપથી કોઈને પણ આદર્શ તરીકે સ્વીકારીએ છીએ અને કોઈ પણ પ્રશ્ન પૂછ્યા વિના તેને કોઈનું પણ પ્રતીક બનાવીએ છીએ : ઉપરાષ્ટ્રપતિ

## કોઈ પણ જીવંત વ્યક્તિ તમારા માનનો હકદાર નથી જ્યાં સુધી તમે તેનામાં સદ્‌ગુણ ન જુઓઃ યુવાનોને ઉપ-રાષ્ટ્રપતિનો સંદેશ

। (પીઆઈબી) નવી દિલ્હી ।

ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખરે આજે જણાવ્યું હતું કે, ‘‘માનવ સંસાધનની અનિવાર્યતા એક ખોટી માન્યતા છે. ‘‘તમારા વિના બધું ચાલી શકતું જ નથી’’ એ વિચાર સાચો નથી. ભગવાને તમારા આયુષ્યની મર્યાદા પહેલાથી જ નક્કી કરી દીધી છે. તેથી, તેણે એ પણ નક્કી કર્યું છે કે ચતમૃ અનિવાર્ય ન બની શકો.

યુવાનોને પોતાના પર વિશ્વાસ રાખવાનું આહ્વાન કરતા તેમણે કહ્યું, કોઈ પણ જીવંત વ્યક્તિ તમારા આદરનો હકદાર નથી, સિવાય કે તમે તેનામાં સદ્‌ગુણ જુઓ. ચાહક કે દંભી બનવાની ઈચ્છા ક્યારેય ન હોવી જોઈએ. આપણે જે રીતે વિચારીએ છીએ તેની કદર કરવી જોઈએ. કદાચ આપણે સાચા હોઈએ, કદાચ ખોટા હોઈએ. હંમેશા બીજાના દ્રષ્ટિકોણ સાંભળો. તમે જ સાચા છો એવું વિચારીને નિર્ણય ન લો. કદાચ તમને સુધારાની જરૂર છે. કદાચ બીજો દૃષ્ટિકોણ તમને શું થઈ શકે છે તે વિશે સમજાવશે.’’



ગુરુગ્રામમાં માસ્ટર્સ યુનિયનના ચોથા દીક્ષાંત સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને સંબોધતા શ્રી ધનખરે કહ્યું, ‘‘આપણા દેશમાં આ ખૂબ જ સરળ બાબત છે. આપણે ખૂબ જ ઝડપથી મૂર્તિપૂજક બનીએ છીએ, અને આપણે ક્યારેય પૂછતા નથી કે તે શા માટે એક મહાન વકીલ છે, શા માટે તે એક મહાન નેતા છે, શા માટે તે એક મહાન ડૉક્ટર છે, શા માટે તે એક મહાન પત્રકાર છે. આપણે ફક્ત એવું માની લઈએ છીએ કે તે છે.... તમારે પ્રશ્નો પૂછવા જ જોઈએ, કેમ? એક સમય હતો જ્યારે ધંધો કોણ કરતું? વ્યાપારી પરિવારો હતા, વ્યાપારી રાજવંશો હતા, તેમના ગઢ હતા, ફક્ત તેઓ જ તે કરતા હતા, જેમ સામંતશાહ શાસન કરતા હતા. લોકશાહીએ રાજકારણને લોકશાહી બનાવ્યું. હવે, તમે દેશના આર્થિક, ઔદ્યોગિક, વાણિજ્યિક અને વ્યવસાયિક પરિદૃશ્યનું લોકશાહીકરણ કરવા જઈ રહ્યા છો. આજે, તમે એક મોટી છલાંગ લગાવી રહ્યા છો - મારા શબ્દો પર ધ્યાન આપો, તમારે વંશની જરૂર નથી, તમારે કુટુંબના નામની જરૂર નથી, તમારે કુટુંબની મૂડીની જરૂર નથી, તમારે એક વિચારની જરૂર છે, અને તે વિચાર કોઈપણ વ્યક્તિના ડોમેઈનમાં અનન્ય ન હોવો જોઈએ.’’

રાષ્ટ્રની અમલદારશાહીની ક્ષમતા પર ભાર મૂકતા શ્રી ધનખરે કહ્યું કે, ‘‘માનવતાના છઠ્ઠા ભાગનું ઘર ધરાવતા ભારતનો સૌથી મોટો ફાયદો તેની અમલદારશાહી છે. આપણી પાસે શ્રેષ્ઠ માનવ સંસાધનો, નોકરશાહી છે, જે યોગ્ય માળખામાં યોગ્ય કારોબારી દ્વારા સંચાલિત થાય તો કોઈપણ પરિવર્તન લાવી શકે છે, એક એવી કારોબારી જે સુવિધા આપે અને અવરોધ ન કરે. લોકશાહીને અસરકારક બનાવવામાં યુવાનોની ભૂમિકા પર પ્રકાશ પાડતા અને સંસદસભ્યો અને જનપ્રતિનિધિઓની ફરજોનો પુનરોચ્ચાર કરતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, ‘‘તમે મને બંધારણ સભાની યાદ અપાવો છો, કારણ કે બે વર્ષ, ૧૧ મહિના અને થોડા દિવસો માટે, બંધારણ સભા ૧૮ સત્રોમાં વિવાદાસ્પદ મુદ્દાઓ, વિભાજનકારી મુદ્દાઓ, મુશ્કેલ મુદ્દાઓનો સામનો કર્યો. સર્વસંમતિ સરળ નહોતી, પરંતુ તેઓ ચર્ચા, સંવાદ, વિચાર-વિમર્શ અને ચર્ચામાં માનતા હતા. તેઓ ક્યારેય વિક્ષેપ અને ખલેલ પહોંચાડતા નહોતા. અને તેથી, જ્યારે હું અહીં શિસ્તની વાત કરું છું ત્યારે મને સંસદીય વાતાવરણનો અભાવ લાગે છે. પરંતુ મને ખાતરી છે કે સોશિયલ મીડિયાના કારણે આપણા યુવાનોને હવે અધિકાર મળી ગયો છે કે તેઓ આપણા સંસદસભ્યો અને લોકોના પ્રતિનિધિઓ માટે તેમના શપથનું પાલન કરવું ફરજિયાત બનાવશે. તેમણે તેમના બંધારણીય આદેશનું પાલન કરવું જોઈએ. તેમણે તેમની જવાબદારીઓમાંથી મુક્તિ મેળવવી જ જોઈએ. દાયકામાં આર્થિક વિકાસ અને લોકોની અપેક્ષાઓમાં થયેલા વધારાનો ઉલ્લેખ કરતા શ્રી ધનખરે કહ્યું, ‘‘લોકોએ ૧૦ વર્ષમાં વિકાસનો સ્વાદ ચાખ્યો છે. ૫૦ કરોડ લોકો બેંકિંગ સમાવેશમાં જોડાઈ રહ્યા છે, ૧૭ કરોડ લોકો ગેસ સંગ્રહ મેળવી રહ્યા છે, ૧૨ કરોડ પરિવારો શૌચાલય મેળવી રહ્યા છે. હવે તેમની તરસ વધી છે. તેમની અપેક્ષાઓ વધી રહી છે, અંકગણિત સ્વરૂપમાં નહીં, પણ ભૌમિતિક સ્વરૂપ માંપ.આપણું ભારત બદલાઈ રહ્યું છે. આપણું ભારત મારા જેવા લોકો માટે એટલું બધું બદલાઈ ગયું જેની આપણે ક્યારેય કલ્પના, સ્વપ્ન કે વિચાર કર્યો ન હતો. આપણું ભારત આજે દુનિયા માટે એક ઉદાહરણ બની ગયું છે. છેલ્લા દાયકામાં દુનિયાના કોઈ પણ રાષ્ટ્રે ભારત જેટલી ઝડપથી સ્થિર વિકાસ કર્યો નથી.... હવે લોકોની અપેક્ષાઓ ખૂબ ઊંચી છે. તે અપેક્ષાઓ સંતોષવી પડશે. તમારે બોક્સની બહાર વિચારવું પડશે. તેમણે વધુમાં કહ્યું, તમે શાસનમાં સૌથી પ્રભાવશાળી હિસ્સેદારો છો. તમે વિકાસનું એન્જિન છો. જો ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવું હોય, તો આપણે વિકસિત ભારત બનવું પડશે. પડકાર ખૂબ મોટો છે. આપણે પહેલાથી જ પાંચમા ક્રમે છીએ. ‘‘હા... પણ આવક આઠ ગણી વધારવી પડશે. આ એક મોટો પડકાર છે.’’, તેમણે ઉમેર્યું. આ પ્રસંગે લવલી પ્રોફેશનલ યુનિવર્સિટીના ચાન્સેલર શ્રી અશોક કુમાર મિત્તલ, માસ્ટર્સ યુનિયનના સ્થાપક શ્રી પ્રથમ મિત્તલ, બોર્ડ માસ્ટર્સ યુનિયનના બોર્ડ સભ્ય શ્રી વિવેક ગંભીર, વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતા.





મણિનગર શાળા નં ૬, મુક્તીમેદાન ખાતે મકરસક્રાંતિના તહેવાર નિમિતે ધારાસભ્ય અમુલભાઈ ભટ્ટ અને યુવા કાઉન્સિલર કરણભાઈ ભટ્ટ દ્વારા ૩૫૦થી વધુ બાળકોને પતંગ અને ચીક્કીનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં કાઉન્સિલર કરણ ભટ્ટ સાથે કાઉન્સિલર ડો. ચંદ્રકાન્ત ચૌહાણ, સ્કૂલ બોર્ડ વાઈસ ચેરમેન વિપુલભાઈ સેવક તેમજ સંગઠનની ટીમ હાજર રહી બાળકોને ઉત્સાહ પૂરો પાડવા સાથે ઉત્તરાયણનો તહેવાર સલામતી સાથે ઉજવવાનો સંકલ્પ કરાવ્યો.

## વાવાઝોડા જેવા પવન સાથે ગુજરાતમાં આવશે વરસાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાત પર ફરી સંકટના વાદળો મંડરાયા છે. લોકો જ નહિ, ગુજરાતના ખેડૂતોને પણ ચિંતા કરવી પડે તેવી આ આગાહી છે. કારણ કે, ગુજરાતના વાતાવરણમાં ભર શિયાળે મોટો પલટો આવવા જઈ રહ્યો છે. વાતાવરણ અંગે હવામાન વિભાગની આગાહી મહાભંયકર છે. કારમ કે, રાજ્યમાં ફરી એક વખત માવઠાની આગાહી કરાઈ છે. હવામાન વિબાગ પશ્ચિમ રાજસ્થાનમાં ઈન્ડ્યુસ સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ સક્રિય થયા વરસાદની આગાહી કરી છે. જેને પગલે આજે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં હળવા વરસાદની આગાહી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતાં તાપમાન ઊંચકાયું છે. જેથી ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં તાપમાન ૧-૨ ડિગ્રી વધ્યું છે.

## કમલમમાં પોતાના માણસો ગોઠવવા માટે લોબિંગ શરૂ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

ગુજરાત ભાજપમાં ગમે ત્યારે શહેર-જિલ્લા પ્રમુખના નામોની સત્તાવાર જાહેરાત થઈ શકે છે. જોકે, આ વચ્ચે એક ચર્ચા શરૂ થઈ છે કે, આ જાહેરાતમાં હજી વિલંબ થઈ શકે છે. કારણ કે, આંતરિક વિખવાદ જોતા વાત દિલ્હી હાઈકમાન્ડમાં પહોંચી છે અને દિલ્હી દરબારમાં હામી ભરાયા બાદ નામોની જાહેરાત થશે. જોકે, આ વચ્ચે કમલમમાં પોતાના માણસો ગોઠવવા માટે નેતાઓમાં દોડધામ મચી ગઈ છે. તાજેતરમાં જ મહાનગરપાલિકા, જિલ્લા પ્રમુખોની વરણીને લઈ સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. રાજ્યભરમાં શહેર અને જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સેન્સ પ્રક્રિયા થઈ હતી. એક પદ માટે ઢગલાબંધ દાવેદારોએ કાર્યાલય ખાતે પોતાની દાવેદારી નોંધાવી હતી. બીજી તરફ જોઈએ તે પ્રમુખ બનવા માટે ઉમેદવારોનો રાફડો ફાટ્યો છે. જેને કારણે નિરીક્ષકોની ટીમ પણ ગૂંચવાઈ છે. મજબૂત દાવેદારોએ પદ મેળવવા માટે છેક કમલમ સુધી લોબિંગ શરૂ કરી દીધું છે. તો અનેક શહેરોમાં કાંટે કી ટક્કર જોવા મળી રહી છે. બીજી તરફ, સંગઠનમાં હોદ્દો મેળવવા માટે ભાજપમાં આંતરિક ખેંચતાણ જોવા મળી રહ્યું છે. ધારાસભ્યોથી લઈને નેતાઓ સંગઠનમાં પોતાના માણસો ગોઠવવા માટે પોતાની વગ લગાવી રહ્યાં છે. ત્યારે હવે જોવું એ રહ્યું કે કોનું નામ જાહેર થાય છે.

### ડાંગની દીકરીએ દેશમાં ડંકો વગાડ્યો

## ડાંગની દીકરીએ ખો ખો વર્લ્ડકપ માં ભારતીય ટીમમાં મેળવ્યું સ્થાન

। (એજન્સી) ડાંગ, તા.૧૨ ।

ડાંગની યુવતીએ દેશમાં ગુજરાતનો ડંકો વગાડ્યો છે. વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની જાહેરાત થઈ ગઈ છે, જેમાં ખો-ખોની ભારતીય ટીમમાં ડાંગની દીકરીને સ્થાન મળ્યું છે. બીલીઆંબા ગામની રહેવાસી ઓપીના ભીલારે ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યું છે. વિશ્વકપ ૧૩થી ૧૯ જાન્યુઆરી વચ્ચે યોજાશે. આદિવાસી પરિવારની દીકરીએ ગુજરાતનું નામ રોશન કર્યું છે. ઓપીનાએ અત્યાર સુધી અનેક મેડલ મેળવ્યા છે. સુબીર તાલુકાના બીલીઆંબા ગામની યુવતી ઓપીના ભીલારને ખો-ખો વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં સ્થાન મળ્યું છે. તારીખ ૧૩ થી ૧૯ જાન્યુઆરી દરમિયાન યોજાનાર ખો-ખો વર્લ્ડ કપમાં ઓપીના ભારત વતી ખો-ખો રમશે. ડાંગ જિલ્લાની મુળ વતની ઓપીના ભીલારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખો-ખો રમતમાં પોતાનુ નામ રોશન કર્યું છે.

ભારતીય ખો-ખો વર્લ્ડ કપમા દેશનુ પ્રતિનિધિત્વ કરનાર વુમન્સ ખો ખો ટીમના ખેલાડીઓની યાદી :

**પ્રિયંકા ઇંગલે (કેપ્ટન)**

અશ્વિની શિંદે, રેશમા રાઠોડ, નર્મલા ભાટી, નીતા દેવી, ચિત્રા આર, શુભાશ્રી સિંધ, મદાઈ માંઝી, અંશુ કુમારી, વૈષ્ણવી બજગંરી, નશરીન શૈખ, મીનુ, મોનીકા, નાઝીયા બીબી, ઓપીના ભીલાર.

ઓપીના ભીલાર આગામી તારીખ ૧૩ થી ૧૯ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન પ્રથમ વખત દિલ્હી ખાતે આયોજીત, ખો-ખો વર્લ્ડ કપ ટુર્નામેન્ટમા ભારત દેશની ટીમ સાથે ભાગ લેવા જઈ રહી છે. તાપી અને ડાંગ જિલ્લાના સરહદિય વિસ્તારમા આવેલા સુબીર તાલુકાના બીલીઆંબા ગામના આદિવાસી પરિવારની આ દિકરી ઓપીના ભીલાર, ખો-ખોના વર્લ્ડ કપમા ભાગ લેવા જઈ રહી છે, તે ડાંગ સહિત સમગ્ર ગુજરાત રાજ્ય માટે ગૌરવની ક્ષણ છે.

ભારતીય ખો-ખો ટીમમા પસંદગી પામી, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલાડી તરીકે ખ્યાતિ હાંસલ કરનાર ઓપીના ભીલારે, શાળા તથા જિલ્લા કક્ષાએ અનેક મેડલ પ્રાપ્ત કર્યા છે. આ સાથે જ રાજ્યકક્ષાની ૪ સ્પર્ધાઓમા તેણીએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા છે. તો ૧૪ જેટલી 'રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા' મા પણ તેણી ભાગ લઈ ચુકી છે. જેમા તેણીએ ત્રણ સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા છે.

ઓપીના ભીલારની ભારતીય ટીમમા પસંદગી થતા, તેણીની આ સિદ્ધિથી બીલીઆંબા ગામ, અને ડાંગ જિલ્લાની સાથે સાથે ગુજરાત રાજ્યનુ પણ નામ રોશન થયું છે. જેને લઈને સમગ્ર રાજ્યના ખો-ખો પ્રેમીઓ તરફથી વર્લ્ડ કપ-૨૦૨૫ માટેની શુભેચ્છાઓ પાઠવવામા આવી રહી છે.

### બાળકો વર્ગખંડમાં બેસીને લગાવશે બ્રહ્માંડનું ચક્કર

## સુરતની શાળામાં લોન્ચ થઈ ભારતની પહેલી 5D લેબ

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

સુરતના આઈજી દેસાઈ સ્કૂલના વિદ્યાર્થીઓ હવે વિજ્ઞાન અને સામાજિક અભ્યાસના વિવિધ વિષયો સાંભળી, જોઈ અને અનુભવી શકશે. શાળાએ તેના કેમ્પસમાં 5D લેબ શરૂ કરી છે, જે શિક્ષણનો અનુભવ વધુ સારો બનાવશે. શુક્રવારે ભટાર સ્થિત સર્વોદય ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ શાળાએ મેલ્જો અનુભવ 5D લેબ (Melzo Anubhav 5D Lab) લોન્ચ કરી. શાળા પ્રશાસને દાવો કર્યો છે કે આ પ્રકારની આ પહેલી પહેલ છે જે વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવી છે. શાળાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે અભ્યાસમાં 5D ઈફેક્ટ્સ અને વર્ચ્યુઅલ રિયાલિટી (VR) ટેક્નોલોજીનો સમાવેશ કરવાથી વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા વધે છે અને તેમના માનસિક વિકાસને પણ મજબૂત બનાવે છે. જો કે તેમણે પોતાનું નામ આપવાનું ટાળ્યું હતું. આ શાળા ગાંધીવાદી વિચારધારાના અનુયાયીઓ દ્વારા ચલાવવામાં આવે છે, અને અહીંના ૯૦% થી વધુ વિદ્યાર્થીઓ આર્થિક રીતે નબળા પરિવારોમાંથી આવે છે. શાળાના ટ્રસ્ટીના પુત્ર હાર્દિક દેસાઈએ જણાવ્યું હતું કે, "અમે અલગ-અલગ કોર્સ વિઝ્યુઅલ મોડમાં ડિઝાઈન કર્યા છે અને તેનો અનુભવ કરવા માટે અમે હાઈટેક ચેર બનાવી છે જે ૩૬૦ ડિગ્રી ફેરીશકે છે. આ સિવાય આ ખુરશીઓથી ખૂશબુ,પાણીના છાંટા અને વાઈબ્રેશન જેવી ઈફેક્ટ્સ પણ મળે છે, જેણે ફઈ હેડસેટ્સ દ્વારા અનુભવી શકાય છે." હાર્દિક દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે, "આ ઈનોવેશન સાથે વિદ્યાર્થીઓ પરંપરાગત શિક્ષણની મર્યાદાઓથી આગળ વધીને બ્રહ્માંડની અજાયબીઓ, સમુદ્રની ઊંડાઈ અને ઈતિહાસ અને વિજ્ઞાનની સમૃદ્ધિનો અનુભવ તેમના વર્ગખંડમાં જ કરી શકશે."


શાળાના ટ્રસ્ટી પરિમલ દેસાઈએ જણાવ્યું હતું કે, "અમે ભારતની પ્રથમ એવી શાળા છીએ જેણે અમારા અભ્યાસક્રમમાં આ બદલાતી ટેક્નોલોજીનો સમાવેશ કર્યો છે જે અમારા વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવાના અમારા વિઝનને પ્રતિબિંબિત કરે છે જેથી કરીને તેઓ બદલાતી દુનિયામાં વધુને વધુ આપણું સ્થાન બનાવી શકે."

### પાટીદાર દીકરીના કેસમાં આખરે બોલ્યા રૂપાલા

## પોલીસે સમગ્ર ઘટનામાં કરી ઉતાવળ, દીકરી સાથે વ્યવહાર યોગ્ય નહીં

। (એજન્સી) અમરેલી, તા.૧૨ ।

અમરેલીમાં પાટીદાર દીકરીના કેસનો મુદ્દો હવે તૂલ પકડી રહ્યો છે. આ વિવાદમાં હવે ભાજપના નેતા પરસોત્તમ રૂપાલા પણ કૂદ્યા છે. અમરેલી લેટરકાંડની ઘટનાને લઈ પરસોત્તમ રૂપાલાનું નિવેદન સામે આવ્યું છે. એક કાર્યક્રમમાં કહ્યું કે, પોલીસ દ્વારા સમગ્ર ઘટનામાં ઉતાવળ કરવામાં આવી છે. SP દ્વારા કમિટી નીમવામાં આવી છે, યોગ્ય કાર્યવાહી કરશે તેવી મને આશા છે. કોંગ્રેસ આ ઘટનાને અલગ દિશામાં લઈ જઈ રહી છે. હાલ નનામી લેટર વાયરલ કરવાનો રોગ ફેલાયેલો છે. મારું કોઈ જૂથ નથી. રાજકોટમાં મકરસંક્રાંતિના પર્વ નિમિતે ગુજરાત પ્રવાસન વિભાગના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાયો હતો. જેમાં વિશ્વના વિવિધ દેશોના પતંગબાજો સહિત દેશનાં અને ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી પતંગ રસિયાઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં આવેલા પરસોત્તમ રૂપાલાએ કહ્યું, આ બનાવમાં પોલીસે ઉતાવળ કરી છે, જવાબદાર સામે પગલાં લેવાશે. સાથે જ તેઓએ કોંગ્રેસ પર આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ આ ઘટનાને અલગ દિશામાં લઈ જઈ રહી છે. આ મુદ્દે તેમણે કહ્યું કે, પરશોત્તમ રૂપાલાએ કહ્યું હતું કે, પોલીસ દ્વારા સમગ્ર ઘટનામાં ઉતાવળ કરવામાં આવી છે. તેમજ એસપી દ્વારા કમિટી નીમવામાં આવી છે. તેમજ યોગ્ય કાર્યવાહી કરશે તેવી મને આશા છે. તેમજ કોંગ્રેસઆ ઘટનાને અલગ દિશામાં લઈ જઈ રહી છે. તેમજ હાલ નનામી લેટર વાઈરલ કરવાનો રોગ ફેલાયેલો છે. પાયલ ગોટી ને ન્યાય આપવા પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીના ધરણાં કરીને વેપારીઓને અડધો દિવસ ન્યાયની લડાઈમાં વેપાર ધંધા બંધ રાખવા અપીલ કરી હતી. જેને પગલે ધરણા વિસ્તારમાં અમુક દુકાનો બંધ જોવા મળી હતી. જોકે, શહેરના અલગ અલગ વિસ્તારોમાં મોટાભાગની દુકાનો ખુલી રહી હતી. પરેશ ધાનાણીની અપીલને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. તો બીજી તરફ, પરેશ ધાનાણીને યુવતીએ લીંબુ પાણી પીવડાવ્યું હતું અને ૪૮ કલાકના ધરણાં પૂર્ણ થયા હતા.




### કમિશનરના આદેશથી શી ટીમ જાગૃતિના કાર્યક્રમોમાં લાગી

## પૂર્વમાં બે દિવસમાં ચાઇનીઝ દોરી અંગેના ૩૪ કેસ કરાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ઉત્તરાયણમાં પતંગ રસિયાઓ માટે મનગમતા પતંગ અને દોરી ખરીદવા માટે છેલ્લો શનિ-રવિ આવી રહ્યો છે ત્યારે માર્કેટમાં થનારા ધસારાનો લાભ લઈ લેભાગુ તત્વો કમાણી કરી લેવાના ઈરાદે માનવી અને પશુ-પક્ષી માટે જીવલેણ બનતી પ્રતિબંધિત ચાઈનીઝ દોરી અને ગ્લાસ કોટેડ દોરી વેચવા સક્રિય ન થાય એ માટે પૂર્વના વિસ્તારમાં પોલીસ તંત્રએ ખાસ અભિયાન શરૂ કર્યુ છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં પોલીસે પેટ્રોલિંગ દરમિયાન બે દિવસમાં જ ચાઈનીઝ અને ગ્લાસ કોટેડ દોરીનો ખાનગીમાં વેપલો કરનારા ૩૪ લોકો સામે કેસ કરી કાર્યવાહી કરાઈ છે. શહેર પોલીસ કમિશનરના જાહેરનામા તથા હાઈકોર્ટના આદેશ મુજબ પોલીસે ચાઈનીઝ સાથે ગ્લાસ કોટેડ માંજાનું ખરીદ, વેચાણ અને ઉપયોગ કરનારા તત્વોને ઝડપી લઈ કાયદેસરની



કાર્યવાહી શરૂ કરી છે. એક તરફ હવે પતંગ ચગાવવા માટે ઉત્તરાયણ પહેલાનો છેલ્લો શનિવાર રવિવાર હોવાથી. બાપુનગર, વટવા, શાહીબાગ, કૃષ્ણનગર, નરોડા, દાણીલીમડા તથા કાગડાપીઠ સહિતના વિસ્તારોમાં ઠેકઠેકાણે ચાઈનીઝ અને ગ્લાસ કોટેડ દોરીને ખુલ્લેઆમ વેપલો શરૂ થઈ ગયો છે. આ દોરા ટુવ્હીલર કે સાયકલ પર જતાં કોઈના ગળામાં આવી જાય તો જીવલેણ ઈજા અથવા મૃત્યુ થવાની ઘટનાઓ બનતી રહે છે. આ પ્રકારના મોતનો સામાન વેચનાર વેપારીઓ પર પોલીસે છેલ્લા બે દિવસમાં તવાઈ બોલાવીને કુલ ૩૪થી વધુ કેસ કરીને આરોપીને જેલના સળિયા ગણતા કરી દીધા છે. ત્યારે જીવલેણ ચાઈનીઝ દોરી વેચનારા લોકોને પોલીસે ખૂણેખાંચરેથી શોધીને ધરપકડ કરવાનો દોર શરૂ કરી દીધો છે. શહેર પોલીસ કમિશનરના આદેશ બાદ શી ટીમ દ્વારા વિદ્યાર્થીઓ મારફતે વાલીઓ સુધી વાત પહોંચાડવા માટે વિસ્તારની વિવિધ શાળાઓ-કોલેજોમાં સી ટીમ દ્વારા જઈને જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. શી ટીમ દ્વારા પોલીસ સ્ટેશનના વિસ્તારમાં આવતી સ્કૂલ અને કોલેજમાં જઈને કેમ્પ કરવામાં આવે અને ચાઈનીઝ દોરીથી મનુષ્ય અને પ્રાણી તથા પક્ષીને કેટલું નુકસાન થતું હોય છે. આ જીવલેણ દોરીથી કેટલા લોકો અત્યાર સુધીમાં મોતને ભેટ્યા હોવાની માહિતી શી ટીમની મહિલા પોલીસ દ્વારા આપવામાં આવી રહી છે.